gujaratvandan.com



ડીપ નેક ક્રોપ ટોપ અને ડેનિમ શોટ્ર્સમાં અવનીત કૌરનો કહેર

પેજ 11

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

રવિવાર, 30 એપ્રિલ 2023

વૈશાખ સુદ-10, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 06 | અંક : 51 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12

**સુવિચાર**

પૂજા કરો, અર્ચના કરો કે આરતી કરો ગમે તે કરો પણ, જો કોઈને હેરાન કર્યા હશે ને તો સારા ફળની આશા તો ના જ રાખતા....!

**વડાપ્રધાનની વધુ એક અનેરી સિદ્ધિ**

આજે કાશ્મીરથી કન્યાકુમારી અને કચ્છથી કોલકત્તા સુધી ગૂંજશે 'મન કી બાત'..., દેશ બનશે મોદીમય

# મોદીના 'મન કી બાત'ની આજે સેન્ચ્યુરી!

■ જેપી નડ્ડાથી લઈને કેન્દ્રીય મંત્રીઓ, ભાજપના મુખ્યમંત્રીઓ, મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો, કોર્પોરેટરો સહિત સૌ કોઈ સાંભળશે 'મનકી બાત'

ગુજરાત | વંદન

આઝાદ ભારતના ઈતિહાસમાં આજનો 30 એપ્રિલ 2023નો દિવસ વર્તમાન અમૃતકાળમા રાજકીય રીતે એક ઐતિહાસિક દિવસ તરીકે નોધાશે. વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશવાસીઓને સંબોધન માટે શરુ કરેલ ''મનકી બાત'' કાર્યક્રમના 100 એપિસોડ 30 એપ્રિલના રોજ પૂરા થઈ રહ્યા છે. અને આજે 30 એપ્રિલ માત્ર ભારતમાં જ નહી પરંતુ સમગ્ર વિશ્વમાં જ્યાં-જ્યાં ગુજરાતીઓ રહે છે તેઓ પણ ભારતીય સમય પ્રમાણે ખાસ કાર્યક્રમ યોજીને ટીવીમાં વડાપ્રધાનના 100મા એપિસોડને સાંભળશે. ભારતમાં ભાજપ અને કેન્દ્ર સરકાર તથા સંખ્યાબધ એનજીઓ, વ્યાપારી સંગઠનો અને જેઓ નાના મોટા સામાજિક સંગઠન ધરાવે છે. તેમના સહિત 30મીએ ''મનકી બાત'' એક ઉત્સવ તરીકે ઉજવાય તેવુ આયોજન કરવામાં આવ્યું છે.

ભાજપ શાસિત રાજ્યોમાં મુખ્યમંત્રીઓ, મંત્રીઓ સંગઠનના તમામ નાના-મોટા પદાધિકારીઓ પોત-પોતાના મતવિસ્તાર અને કાર્યક્ષેત્રમાં ખાસ આયોજિત કરેલ સ્થળે સવારે 11 વાગે ''મનકી બાત'' સાંભળવા ટીવી સેટની સામે બેસી જશે. એક રીતે કહીએ તો ભાજપે તેને એક જશ્ન તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. સરકારી ઈમારતો પર સાજ સજા રોશની પણ કરાશે કેન્દ્રના તમામ મંત્રીઓ, પૂર્વ મંત્રીઓ વગેરે ''મનકી બાત'' સાંભળશે અને આ વિશેષ કાર્યક્રમ માટે વડાપ્રધાન મોદીએ પણ 100મા એપિસોડમાં 99 એપિસોડનું સંક્લન કર્યું છે. 100મા એપિસોડનું રેકાર્ડિંગ 26 એપ્રિલના રોજ દિલ્હીના વિજ્ઞાનન ભવન ખાતે થયું ત્યારે 99 એપિસોડ દરમિયાન વડાપ્રધાને દેશમાં જે વ્યક્તિવિશેષ લોકો કામ કરી રહ્યાં છે અને જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તે તમામની સાથે પણ વાતચીત કરી છે.

વિશ્વના ઈતિહાસમાં જોઈએ તો જે તે રાષ્ટ્રવડાઓ દ્વારા દેશવાસીઓને પ્રસંગોપાત સંબોધન કરવામા આવ્યા હોવાની નોધ છે. કોઈ દેશના વડાએ સળંગ 100 વખત રાષ્ટ્રને ''મનકી બાત'' ની જેમ સંબોધન કર્યું નથી. પરંતુ નવતર અભિગમ ધરાવનાર વડાપ્રધાન મોદીએ 26 મે, 2014માં પ્રથમ વાર દેશની બાગડોર સંભાળ્યા પછી રેડિયો મારફતે દેશને સંબોધન કરવાની ...અનુસંધાન પેજ નં. 6 પર





## ગુજરાતમાં મુખ્યમંત્રી- મંત્રીઓ સાંભળશે 'મનકી બાત'

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ''મનકી બાત''ના 100મા એપિસોડને ઐતિહાસિક બનવવાના ભાગરુપે ગુજરાતમાં પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મંત્રીમંડળના સભ્યો અને પૂર્વ મંત્રી, ધારાસભ્યો, સંસદસભ્યો, તાલુકા-જિલ્લા પંચાયતના પદાધિકારીઓ, નપા-મનપાના કોર્પોરેટરો, મેયરો સહિત સંગઠનના તમામ પદાધીકારીઓ બુથ લેવલે ''મનકી બાત'' સાંભળવવાના કાર્યક્રમો નક્કી કરવામાં આવ્યા છે.


## વિજ્ઞાન ભવનમાં 100મા એપિસોડનું રેકાર્ડિંગ થયું

વડાપ્રધાનના ઐતિહાસિક ''મનકી બાત''ના 100મા એપિસોડનું રેકાર્ડિંગ નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં 26મી એપ્રિલે કરવામાં આવ્યું છે આ રેકાર્ડિંગ વખતે 99 અપિસોડમાં વડાપ્રધાન મોદીએ જે વ્યક્તિ વિશેષ લોકોનો ઉલ્લેખ કર્યો તે તમામને નિમંત્રવવામાં આવ્યા હતા અને 100મા એપિસોડ અંગે તેમના વિચારો વ્યક્ત કર્યા હતા.

બોર્ડના પરિણામ બાદ પગલું ભર્યું

## પરીક્ષામાં ફેલ થતાં 48 કલાકમાં 9 વિદ્યાર્થીઓના આપઘાત

ગુજરાત | વંદન



આંધ્રપ્રદેશમાં 9 વિદ્યાર્થીઓએ ઈન્ટરમીડિયેટ પરીક્ષામાં નાપાસ થતાં આપઘાત કર્યા છે. ઈન્ટરમીડિએટ પ્રથમ વર્ષ અને બીજા વર્ષના પરિણામો બુધવારે જાહેર કરવામાં આવ્યા હતા. ગુરુવારથી અત્યાર સુધીમાં 9 વિદ્યાર્થીઓએ આપઘાત કર્યા છે. અને અન્ય બે વિદ્યાર્થીઓએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

છેલ્લા કેટલાક વર્ષોમાં વિદ્યાર્થીઓ પર પરીક્ષા અને તેના પછીના પરિણામોને લઈને દબાણ એટલું વધી રહ્યું છે કે ઘણા વિદ્યાર્થીઓ તેનો સામનો કરી શકતા નથી અને આત્મહત્યા જેવું મોટું પગલું પણ ભરી લેતા હોય છે. દર વર્ષે પરિણામ બાદ અનેક વિદ્યાર્થીઓના આપઘાતના સમાચાર આવતા રહે છે. ત્યારે હવે આંધ્રપ્રદેશમાં ધોરણ 11 અને 12ના પરિણામ આવ્યાના 48 કલાકમાં એક-બે નહીં પરંતુ 9 વિદ્યાર્થીઓએ આપઘાત કર્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### પ્રિયંકા પહોંચી ધરણાં સ્થળે, પહેલવાનોને જાહેર કર્યા ટેકો



કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડરા દિલ્હીમાં દેખાવો કરી રહેલા કુશ્તીબાજોને સમર્થન આપવા વહેલી સવારે જંતર-મંતર પર આવેલા ધરણાં સ્થળે પહોંચી ગયા હતા. જોકે તેમની આ મુલાકાતથી રાજકીય કોરિડોરમાં ફરી ચર્ચા શરૂ થઈ ચૂકી છે. બીજી બાજુ એવા પણ અહેવાલ છે કે દિલ્હીની આમ આદમી પાર્ટી પણ આ મામલે કુશ્તીબાજોને ટેકો આપી રહી છે અને ટૂંક સમયમાં આપ સંયોજક તથા દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ પણ કુશ્તીબાજોની મુલાકાત માટે આવી શકે છે.

### 16 વર્ષ જૂના કેસમાં મુખ્તાર અન્સારીને10 વર્ષની સજા, 5 લાખનો દંડ ફટકાર્યો

ગેંગસ્ટર એક્ટ મામલે ગાઝીપુરની MP-MLA કોર્ટે મુખ્તાર અન્સારીને 10 વર્ષની સજા અને 5 લાખનો



દંડ ફટકાર્યો હતો. હવે અફઝલ અન્સારી અંગે બપોરના 2 વાગ્યા પછી ચુકાદો આવવાની શક્યતા છે. આ મામલો 2007નો હતો એટલે કે 16 વર્ષ જૂના કેસમાં આ સજા કરાઈ હતી. માફિયા અતીક અહેમદના ખાતમા બાદ હવે વધુ એક માફિયામાંથી રાજનેતા બનેલા મુખ્તાર અન્સારીનો પરિવાર ચર્ચામાં છે. મુખ્તાર અંસારી 2021થી બાંદા જેલમાં બંધ છે.તેના વિરુદ્ધ યુપી ઉપરાંત પંજાબમાં પણ કેસ નોંધવામાં આવ્યો છે. 1987માં મુખ્તાર પર કોન્ટ્રાક્ટને લઈને પહેલીવાર હત્યાનો આરોપ લાગ્યો હતો. મુખ્તાર અંસારી સામે હાલમાં કુલ 61 કેસ નોંધાયેલા છે.

### અદાણી ગ્રુપની તપાસ રિપોર્ટ મામલે સેબી મુદત માંગશે?

શેરબજાર સહિત કોર્પોરેટ-રાજકીય ક્ષેત્રે તીવ્ર



પ્રત્યાઘાતો સર્જનાર અદાણી ગ્રુપ વિશેના અમેરિકી રિસર્ચ ફર્મ હિડનબર્ગના રિપોર્ટની તપાસની સમયમર્યાદામાં વધારો કરવા માર્કેટ રેગ્યુલેટર સેબી દ્વારા માંગણી કરવામાં આવે તેવી શકયતા છે. આધારભૂત સૂત્રોએ કહ્યું કે અદાણી વિશેના હિન્ડનબર્ગ રિપોર્ટની તપાસ કરવા સર્વોચ્ચ અદાલતે કમીટીનું ગઠન કર્યુ હતું.

### વાંકી નજરે...

સૌજન્યથી...





## બ્રિજભૂષણ શરણ સિંહે શરત મુકી... પહેલવાનો ધરણાં ખત્મ કરે, પછી જ હું પદ પરથી રાજીનામું આપીશ...

ગુજરાત | વંદન




ભારતીય કુસ્તી મહાસંઘના પ્રમુખ બ્રિજ ભૂષણ શરણ સિંહે શનિવારે મીડિયામાં એક મોટું નિવેદન આપ્યું હતું અને કહ્યું હતું કે જો જંતર-મંતર પર હાજર કુસ્તીબાજો ધરણા ખત્મ કરવા માટે સંમત થાય તો તેઓ રાજીનામું આપીને ખુશ થશે. તેમણે એમ પણ કહ્યું કે પોલીસને તેમની સામે બે એફઆઈઆર નોંધવાની મંજૂરી આપવાના સુપ્રીમ કોર્ટના નિર્ણયથી તેઓ ખુશ છે. બ્રિજ ભૂષણ સામેની પ્રથમ એફઆઈઆર પોક્સો એક્ટ હેઠળ સગીર કુસ્તીબાજ દ્વારા કરાયેલી જાતીય સતામણીની ફરિયાદ પર નોંધવામાં આવી છે અને બીજી એફઆઈઆર અન્ય મહિલા કુસ્તીબાજો દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદોને લગતી છે.

બ્રિજ ભૂષણ શરણ સિંહે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'હું નિર્દોષ છું અને તપાસનો સામનો કરવા તૈયાર છું. હું તપાસ એજન્સીને સહકાર આપવા તૈયાર છું. મને ન્યાયતંત્રમાં પૂરો વિશ્વાસ છે અને હું સુપ્રીમ કોર્ટના આદેશનું સન્માન કરું છું. રાજીનામું આપવું એ મોટી વાત નથી પણ હું ગુનેગાર નથી. જો હું રાજીનામું આપીશ તો તેનો અર્થ એ થશે કે મેં તેમના (કુસ્તીબાજોના) આરોપો સ્વીકાર્યા છે. મારો કાર્યકાળ લગભગ પૂરો થઈ ગયો છે. સરકારે 3 સભ્યોની કમિટી બનાવી છે અને 45 દિવસમાં ચૂંટણી થશે અને ચૂંટણી બાદ મારો કાર્યકાળ પૂરો થશે.

## નવો મોબાઈલ નિયમ: બસમાં હેડફોન વગર વીડિયો જોવા પર થશે જેલ...

■ મુંબઈની બસમાં મોબાઈલ ફોનમાં ઊંચા અવાજે વાત અથવા ગીતો વગાડવાથી અન્ય મુસાફરો થતા હતા પરેશાન

ગુજરાત | વંદન



જો આપ પણ બસમાં ઈયરફોન અથવા હેડફોન લગાવ્યા વિના ગીતો સાંભળી રહ્યા છો, તો આવી આદતને સુધારી લેજો. આવું નહીં કરવા પર આપને 5000 રૂપિયાનો દંડ પણ લાગી શકે છે. એટલું જ નહીં ત્રણ મહિનાની જેલ પણ થઈ શકે છે. એટલા માટે આપ પણ મોટા ભાગે મુંબઈ લોકલ બસથી મુસાફરી કરતા હશો, તો આપે હેડફોન સાથે રાખો. ગ્રેટર મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાઈ એન્ડ ટ્રાંસપોર્ટે મુસાફરોને મોબાઈલ ફોનને સ્પિકર પર વીડિયો જોવા અને ગીતો વગાડવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. એટલું જ નહીં મુસાફરો ઊંચા અવાજે વાતો પણ નહીં કરી શકે.

એક રિપોર્ટ અનુસાર, ડ્રાઈવર અને કંડક્ટર જ નહીં, ઘણા મુસાફરો પણ ફરિયાદ આવી હતી કે, અમુક મુસાફરો બસોમાં મોબાઈલને સ્પિકર ઓન કરીને ગીતો સાંભલતા અથવા વીડિયો જોતા હોય છે. તો વળી અમુક મુસાફરો ફોન પર જોર જોરથી વાતો કરતા હોય છે. તેનાથી ખૂબ જ ઘોંઘાટ થાય છે અને સહયાત્રીઓ પરેશાન થાય છે. મુસાફરોની ફરિયાદ પર બેસ્ટે નોટિફિકેશન જાહેર કરીને પ્રતિબંધ લગાવી દીધો છે. મોબાઈલ ફોન પર ઊંચા અવાજે ગીતો સાંભળવા પર મુસાફરોમાં ઝઘડા પણ થાય છે.

એક રિપોર્ટ અનુસાર, બેસ્ટ દ્વારા જાહેર કરવામાં આવેલા નવા સર્કુલરમાં કહેવાયું છે કે, ડેસિબલ લેવલને નિયંત્રણમાં રાખવાનો ઉપાય કર્યો છે. પીટીઆઈના રિપોર્ટ અનુસાર, બેસ્ટના એક પ્રવક્તાએ ...અનુસંધાન પેજ નં. 6 પર

## કર્ણાટકને દેશમાં નંબર વન રાજ્ય બનાવવાની ચૂંટણી: મોદી

■ ડબલ એન્જિન સરકાર જાળવી રાખવા કરી અપીલ

ગુજરાત | વંદન



કર્ણાટકમાં ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી છે. આવી સ્થિતિમાં રાજ્યમાં ભાજપે ચૂંટણી પ્રચાર તેજ કર્યો છે. પીએમ મોદી આજે કર્ણાટકમાં રોડ શો અને ચૂંટણી જનસભાને પણ સંબોધિત કરી રહ્યા છે. રાજ્યમાં પ્રચાર માટે હુમનાબાદમાં જાહેર સભામાં પીએમ મોદીએ કહ્યું કે, "આ કર્ણાટકને દેશમાં નંબર 1 રાજ્ય બનાવવાની ચૂંટણી છે. કોંગ્રેસ અને જેડીએસ ખેડૂતો વિરોધી છે. કર્ણાટકના લોકોને પીએમ મોદીએ કહ્યું કે પહેલા તમારી સાથે લોન માફીના નામે છેતરપિંડી કરવામાં આવી હતી. એટલા માટે હવે રાજ્યમાં ડબલ એન્જિન સરકાર જરૂરી થઈ ગઈ છે."

પીએમ મોદીએ જનસભામાં કહ્યું કે કર્ણાટકની ચૂંટણી માત્ર પાંચ વર્ષ માટે સરકાર બનાવવા માટે નથી, પરંતુ તે રાજ્યને દેશમાં નંબર વન બનાવવા માટે પણ છે. કર્ણાટકને દેશનું નંબર વન રાજ્ય બનાવવા માટે રાજ્યમાં 'ડબલ એન્જિન' સરકાર યથાવત્ રહે તે જરૂરી છે. રાજ્યમાં 'ડબલ એન્જિન' સરકાર એટલે ડબલ સ્પીડ. કર્ણાટકમાં ફરી એકવાર ભાજપની સરકાર બનશે.

## BYJU રવિન્દ્રનના 3 સ્થળો પર ઈડીના દરોડા

■ FEMAના નિયમો હેઠળ કાર્યવાહી!

ગુજરાત | વંદન






એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA) ના સંબંધમાં રવિન્દ્રન બાયજુ અને તેમની કંપની થિંક એન્ડ લર્ન પ્રાઈવેટ લિમિટેડના બેંગલુરુમાં સ્થિત ત્રણ સ્થળો (2 વ્યવસાય અને 1 રહેણાંક) પર સર્ચ અને જપ્તી હાથ ધરી છે.

કંપની Byju's નામથી લોકપ્રિય ઓનલાઈન એજ્યુકેશન પોર્ટલ ચલાવે છે. અહેવાલો અનુસાર, સર્ચ અને જપ્તી કામગીરી દરમિયાન વિવિધ ગુનાહિત દસ્તાવેજો અને ડિજિટલ ડેટા જપ્ત કરવામાં આવ્યા છે.

શોધમાં જાણવા મળ્યું છે કે એડ-ટેક યુનિકોર્નને 2011-2023 દરમિયાન રૂ. 28,000 કરોડ (અંદાજે) નું ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (FDI) મળ્યું છે. આ ઉપરાંત, કંપનીએ આ સમયગાળા દરમિયાન વિદેશી સીધા રોકાણના નામે વિવિધ વિદેશી અધિકારક્ષેત્રોમાં આશરે રૂ. 9,754 કરોડનું ભંડોળ મોકલ્યું છે.... અનુસંધાન પેજ નં. 6 પર

## યુકેમાં ગેરકાયદે ડિલિવરી ડ્રાઈવરનું કામ કરતા 60 ભારતીયોની ધરપકડ



ગુજરાત | વંદન

બ્રિટનમાં ફૂડ ડિલિવરી કંપનીઓ માટે ગેરકાયદેસર રીતે કામ કરનારા 60 મોપેડ ડિલિવરી ડ્રાઈવરોની ધરપકડ કરવામાં આવી છે. તેમાં ઘણા ભારતીયો પણ સામેલ છે. આ કાર્યવાહી ગેરકાયદેસર ઈમિગ્રેશન સામે એક સપ્તાહ સુધી ચલાવાયેલા અભિયાન અંતર્ગત કરવામાં આવી છે. ગત 16થી 21 એપ્રિલ દરમિયાન ડિલિવરો, જસ્ટએઈટ અને ઉબરઈટ્સ જેવી કંપનીઓમાંથી આ મોપેડ રાઈડર્સની ધરપકડ કરાઈ છે.

ધરપકડ કરાયેલા ડિલીવરી ડાઈવર્સમાં ભારતીયો ઉપરાંત બ્રાઝીલ અને અલ્જેરિયાના યુવકો પણ સામેલ છે. તેમને ગેરકાયદેસર રીતે કામ કરવાના અને નકલી દસ્તાવેજો રાખવા સહિતના આરોપોમાં તેમની ધરપકડ કરવામાં આવી હોવાનું યુકેની હોમ ઓફિસે જણાવ્યું હતું. આ ઓપરેશન દરમિયાન ગુનાઈત પ્રવૃત્તિઓમાં સામેલ હોવાની આશંકાને પગલે રોકડ અને હથિયારો પણ જપ્ત કરવામાં આવ્યા હોવાનું જણાવાઈ રહ્યું છે.

જે લોકોની ધરપકડ કરાઈ હતી, તેમાંથી 44ને યુકેમાંથી ડિપોર્ટ કરવાના હોવાથી તેમને હોમ ઓફિસ દ્વારા કસ્ટડીમાં રાખવામાં આવ્યા છે, જ્યારે બાકીના 16ને ઈમિગ્રેશન જામીન પર મુક્ત કરી દેવાયા હતા. હોમ ઓફિસે જણાવ્યું હતું કે, આટલા મોટા પ્રમાણમાં ધરપકડ બાદ યુકેમાં ગેરકાયદેસર રહેનારા સ્વૈચ્છિક રીતે દેશ છોડી દેશે તેવું માનવામાં આવી રહ્યું છે. હોમ ઓફિસનો દાવો છે કે, આવી નોકરીઓ કરનારાઓ લંડનમાં ઈમિગ્રેશનને લગતા ગુનાઓમાં વધારો કરી રહ્યા છે.

## અજબ મહિલાએ ગજબ કર્યું: એક-એક કરીને 12 મિત્રોની કરી હત્યા

■ સાઈનાઈડ આપીને ઉતાર્યા મોતને ઘાટ, આખરે ધરપકડ

ગુજરાત | વંદન



થાઈલેન્ડ પોલીસે સાઈનાઈડનો ઉપયોગ કરીને પોતાના 12 મિત્રોને મારી નાખવાના આરોપમાં 32 વર્ષિય એક મહિલાની ધરપકડ કરી છે. બીબીસીના રિપોર્ટ અનુસાર, હાલમાં જ એક મિત્રના મોતના કિસ્સામાં પુછપરછ બાદ મંગળવારે બેન્કોકમાં સારાત રંગસિવુથાપોર્ન નામની મહિલાની ધરપકડ કરી છે.

બેન્કોક પોલીસનું માનવું છે કે, સારાત રંગસિવુથાપોર્ને પોતાના પૂર્વ પ્રેમી સહિત 11 અન્ય લોકોની હત્યા કરી નાખી. જો કે, આ આરોપોનું ખંડન કરે છે. પોલીસના રિપોર્ટ અનુસાર, મર્ડર પાછળનું કારણ આર્થિક તંગી બતાવામાં આવી રહી છે.બેન્કોક પોલીસે કહ્યું કે, બે અઠવાડીયા પહેલા સારાત પોતાના અમુક મિત્રોની સાથે બેન્કોકને પશ્ચિમમાં આવેલ રત્ચબુરી પ્રાંત ફરવા ગઈ હતી, જ્યાં તેણે બૌદ્ધ સંરક્ષણ અનુષ્ઠાનમાં ભાગ લીધો હતો. સારાતની સહેલી સિરિપોર્ન ખાનવોંગ અનુષ્ઠાનના થોડા સમય બાદ બેભાન થઈ ગઈ અને નદીના કિનારે તેનું મોત થઈ ગયું. મરનારની જગ્યાથી

...અનુસંધાન પેજ નં. 6 પર

## CDS જનરલે કહ્યું, '2024 સુધીમાં ભારત વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે'

ગુજરાત | વંદન





ભારતીય સશસ્ત્ર દળોના વર્તમાન ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS) અનિલ ચૌહાણ નવી દિલ્હીમાં ચાણક્ય ડાયલોગ નામના કાર્યક્રમમાં પહોંચ્યા હતા. અહીં તેમણે કહ્યું કે ભારત વૈશ્વિક સ્તરે સ્ટાર્ટઅપ્સ માટે ત્રીજા સૌથી મોટા ઈકોસિસ્ટમ તરીકે ઉભરી રહ્યુ છે. તેમણે માહિતી આપી હતી કે સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત દેશમાં આજે 84,000 થી વધુ સ્ટાર્ટઅપ્સ હાજર છે. આશા વ્યક્ત કરતા CDS જનરલ અનિલ ચૌહાણે કહ્યું કે 2024 સુધીમાં ભારત જર્મનીને પાછળ છોડીને વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે.

મેક ઈન ઈન્ડિયા પહેલ હેઠળ સરકારની નીતિઓ અંગે, ચૌહાણે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે સરકારે સમગ્ર દેશનો અભિગમ અપનાવ્યો છે અને એન્જિનિયરોને સંરક્ષણ સાધનોની ડિઝાઈન, વિકાસ અને ઉત્પાદન માટે પ્રોત્સાહિત કરવા સુધારામાં ખરીદવામાં આવેલી અનેક નીતિગત પહેલો છે.

# સ્થાપના દિવસઃ ગુજરાતે પ્રગતિના શિખરે પહોંચવાનો પ્રયાસ કર્યો

■ ગુજરાતની પ્રગતિમાં સીએમ-પીએમ નરેન્દ્ર મોદીની સવિશેષ ફાળો રહ્યો છે

ગુજરાત | વંદન

પહેલી મે 1960ના રોજ જ્યારે અલગ ગુજરાતની સ્થાપના થઈ ત્યારે કોઈએ એવુ વિચાર્યુ પણ નહીં હોય કે આજ ગુજરાતમાં આગામી વર્ષોમાં દુનિયાની સૌથી ઊંચી પ્રતિમા અને તે પણ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલને સ્થાપના કરવામાં આવશે.

આઝાદી બાદ જ્યારે ભાષાકીય ધોરણે અલગ-અલગ રાજ્યોં બની રહ્યા હતા ત્યારે ગુજરાતીઓએ પણ ભાષાકીય ધોરણે અલગ ગુજરાતની માંગ ચાર વર્ષના આંદોલન બાદ આખરે ગાંધીજીનું સાબરમતી આશ્રમમાં રવિશંકર મહારાજના આશિર્વાદથી અલગ ગુજરાતની સ્થાપના થઈ.

પહેલી મે 2023ના રોજ 63 વર્ષ પુરા કરનાર ગુજરાત આજે સમગ્ર દેશમાં એક રોલ મોડલ બન્યુ છે જેને મોડલ માનવામાં આવે છે. ખાસ કરીને વાયબ્રન્ટ ગુજરાતની જેમ હવે યૂપી, મધ્યપ્રદેશ વગેરે રાજ્યોમાં પણ મૂડી રોકાણ માટે વાયબ્રન્ટ સમિટ યોજાઈ રહ્યાં છે.

63 વર્ષમાં જો સૌથી વધુ ગુજરાતી પ્રગતિ કરી હોય તો તે વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મુખ્યમંત્રી પદના કાર્યકાળના 13 વર્ષ દરમિયાન થઈ છે. 2001થી 2014 અને ત્યાર બાદ ભાજપના જે મુખ્યમંત્રીઓ આવ્યા તેમણે




પણ મોદીની રાહ પર ગુજરાતનું સર્વાંગી વિકાસ સતત્ ચાલૂ રાખ્યુ તે જોતા એમ કહી શકાય બે દાયકા એટલે કે 20 વર્ષ દરમિયાન ગુજરાતે પ્રગતિના શિખરે પહોંચવાનો પ્રયાસ કર્યો છે.

સ્ટેચ્યૂ ઓફ યૂનિટી આજે ગુજરાતની એક અનેરુ આકર્ષણ બન્યું છે. તેનો જશ તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ફાળે જાય છે. આગામી સમયમાં ગુજરાતમાં બુલેટ ટ્રેન પણ શરુ થશે ત્યારે તેનો જશ દેખિતી રીતે મોદીને જ મળશે. સમગ્ર દેશમાં એકમાત્ર ગુજરાતમાં જ ચીન-જાપાનની જેમ બુલેટ ટ્રેન અમદાવાદથી મુંબઈ દોડી રહી હશે. સમય વીતી રહ્યોં છે દિવસો અને વર્ષો બાર ગુજરાત એક એવા મુકામ પર પહોંચવાની છે કે જ્યારે પ્રત્યેક ગુજરાતી જય- જય ગરવી ગુજરાત દીપે અરુણ પ્રભાત... એમ કહી ઉઠે. કોઈ પણ રાજ્યની ગતિ અને પ્રગતિ સમૃદ્ધિનો આધાર કાયદો વ્યવસ્થા અને કાયમી શાંતિ છે. ગુજરાત આજે આ તમામ પરિબળોના આધારે સમગ્ર દેશમાં અન્ય રાજ્યોં કરતા આગેકૂચ કરી રહ્યું છે.

## થોડી ઈધર કી / થોડી ઉધર કી

### મોદીરૂપી આંધી ઔર તૂફાનમાં આવા કેટલાય મમરા...ફુરરરરરર... કરીને ઉડી ગયા હશે...!

સત્યપાલ મલિકને શું થયું છે...? 20 વર્ષ ભાજપમાં રહેનાર સત્યપાલના વેણ સ્વાભાવિક છે કે ઘણાંને ન ગમે કે નથી ગમ્યા. પણ સત્યપાલ હૈ કી માનતા હી....અને મામલો તથા વિષય વસ્તુ 300 કરોડની



લાંચનો પ્રયાસથી લઈને પુલવામામાં 40 જવાનો પરનો આતંકી હુમલો કેન્દ્ર સરકારની બેદરકારીને કારણે થયો...થી લઈને હવે એમ કહ્યું કે 2024ની ચૂંટણીમાં સત્તા પરિવર્તન થશે....એમ કહીને પોતાનું સત્ય ઓછુ કરી નાંખ્યું.....!

જમ્મુ-કાશ્મિર સહિત 3 રાજ્યોના રાજ્યપાલપદે રહી ચુકેલા સત્યપાલ મલિક અગાઉ તૂટક..તૂટક...બોલતા હતા હવે પૂર્ણકાલિન બોલવાનું શરૂ કર્યું છે અને તેમની વાત પુલવામાથી લઈને ચૂંટણીના પરિણામો પર પહોંચી એટલે શક્ય છે કે તેમના સત્યમાંથી સત્યનું તત્વ ઓછુ થઈ જશે અને તેઓ કોઈના હાથા બન્યા હોવાના આક્ષેપો પણ થઈ શકે.

તેમને અટાણે જ બોલવાની શું જરૂર પડી....રાજ્યપાલપદે હતા ત્યારે કેમ ન બોલ્યા...એવા સવાલો ભાજપ કરી શકે છે. પણ સત્યપાલના સવાલોને એક બાજુએ મૂકીને કહી શકાય કે સત્યપાલે તેમની વાતમાં જે કાંઈ સત્ય હોય તે સીબીઆઈ સમક્ષ કહેવુ જોઈએ. તેમાં વળી સત્યપાલે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહના વખાણ કરીને 2024ની ચૂંટણીઓમાં રાજનાથ વડાપ્રધાનપદના દાવેદાર હોવાનો મમરો મૂક્યો છે...! પણ તેમને ખબર નથી કે મોદીરૂપી આંધી તૂફાનમાં આવા કેટલાય મમરા... ફુરરરરરર...કરીને ઉડી ગયા હશે...!

### વાહ ક્યા બાત હૈ....ધરણાં પહેલવાનોના...,કમિટિ બોકસરની અને જવાબ આપે દોડવીર....!




દેશની રાજધાની નવી દિલ્હીમાં જંતરમંતર ધરણાં પ્રદર્શનનું સ્થળ બન્યું છે. હાલમાં જાણાતા પહેલવાનો-રેસલર-કુશ્તીબાજોએ ફરીથી ધરણાં કરીને મહિલા રેસલરોની સાથે થયેલી જાતિય સત્તામણી માટે ન્યાય માંગ્યો છે. અગાઉ આ જ માંગણીએ બેઠા ત્યારે સરકારે બોકસર મેરી કોમની સમિતિ બનાવીને ધરણાં સંકેલ્યા પણ રિપોર્ટ જાહેર ન કરાતાં ફરીથી પહેલવાનોએ જાંઘ થપથપાવીને સરકારને લલકાર્યું તો જવાબ માટે આવી દોડવીર પીટી ઉષા...!

વાહ ક્યા બાત હૈ....ધરણાં પહેલવાનોના...,કમિટિ બોકસરની અને જવાબ આપે દોડવીર....! વાહ...અદભૂત સંયોજન બની રહ્યું છે.

પીટી ઉષાએ દોડતાં દોડતા નહીં પણ ઉભા ઉભા કહ્યું કે પહેલવાનોએ જાહેરમાં ધરણાં દેખાવો કરીને ખોટો શિરસ્તો બનાવ્યો છે. અન્ય શબ્દોમાં કહીએ તો એમ કહ્યું કે આવુ બધુ કરવાની ક્યા જરૂર હતી...!? ધરણાં પર બેઠેલ મહિલા રેસલરોએ પ્રતિક્રિયા આપી- તમારી પાસેથી આવી અપેક્ષા નહોતી......! બોકસર મેરી કોમ હજુ કાંઈ બોલ્યા નથી.....!

નેશનલ-ઈન્ટરનેશનલ સ્તરના દેશની મહિલા પહેલવાનો એક વ્યક્તિ સામે જાતિય સતામણીના આરોપો લગાવે તો તેમાં કંઈક તો તથ્ય હશે...પોતાની બદનામી કરવા કોણ જાહેરમાં આવે...? દરેકને સંતોષ થાય એવો કોઈ ઉકેલ સૌએ સાથે બેસીને લાવવો જ રહ્યો...!

### આખરે આમિરખાનને ડહાપણ લાધ્યું તેમ બીજાને પણ ડહાપણની દાઢ ઉગે અને મન કી બાત સાંભળે....!

લાલસિંહ ચઢ્ઢા નામની ફિલ્મ ફ્લોપ ગયા બાદ થ્રી ઈડિયેટ પૈકીના એક આમિરખાનને સમજાયું હશે કે સત્તા આગળ શાણપણ નકામું છે....એટલે એકાએક પાટલી બદલીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માસિક કાર્યક્રમ મન કી બાતના



ભારોભાર વખાણ કરી નાંખ્યાં...!વડાપ્રધાનના મન કી બાત કાર્યક્રમને 30મી એપ્રિલે 100 એપિસોડ પૂરા થઈ રહ્યાં છે. તે પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં રવિના ટંડનની સાથે આમિર પણ હાજર હતો અને મન કી બાત વિશે બે શબ્દો કહીને પોતાની આગામી ફિલ્મનો વિરોધ ન થાય તેવુ કાંઈ ગોઠવણ કરી નાંખી હશે.ઘણાંને નવાઈ લાગી કે આમિરની પત્ની કિરણરાવે એમ કહ્યું હતું કે તેમને ભારતમાં હવે રહેવાનું જોખમ લાગે છે. તેમના નિવેદનને લઈને વિવાદ થયો અને તેની અસર લાલસિંહ ચઢ્ઢા પર પડી હોવાનું કહેવાય છે. ચલો કોઈ બાત નહીં...આખરે આમિરખાનને ડહાપણ લાધ્યું તેમ બીજાને પણ ડહાપણની દાઢ ઉગે અને મન કી બાત સાંભળે....

■ પ્રવીણ ઘમંડે

## 2024ની લોકસભા ચૂંટણી પૂર્વે 5 સભ્યોની કમિટીની રચના

# ગુજરાતની તમામ 26 બેઠકો જીતવા ભાજપનું સંગઠન એક્શન મોડમાં

■ કમલમના સંચાલન માટે પણ બનાવાઈ કમિટી

ગુજરાત | વંદન

લોકસભાની ચૂંટણી આડે હવે એકાદ વર્ષનો સમય બાકી છે, ત્યારે ભાજપ એક્શન મોડમાં આવી ગઈ છે. લોકસભાની તમામે તમામ 26 બેઠકો જીવવા માટે લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ વચ્ચે હવે લોકસભાની ચૂંટણી પહેલા કમલમ કાર્યાલયના સંચાલન માટે કમિટી બનાવવામાં આવી છે. કાર્યાલય સંચાલન અને પ્રવાસ અંગેની




કમિટીમાં 5 લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં પૂર્વ મહામંત્રી કે.સી.પટેલ, જૂનાગઢ શહેર પ્રભારી ચંદ્રકાંત દવે, સુરત શહેર મહામંત્રી કિશોરભાઈ બિંદલ, વડોદરા શહેરના પૂર્વ મહામંત્રી રાકેશ પટેલ, સંગઠનમંત્રી નાથુભા સરવૈયાનો સમાવેશ કરાયો છે.

આ પાંચ સભ્યોની બનાવેલી કમિટીને વિવિધ જિલ્લાનો પ્રવાસ કરશે. તેઓ જિલ્લા તાલુકા અને મંડળના કાર્યપ્રણાલીની સમીક્ષા કરશે અને ભાજપને એક્ટિવ કરશે. વર્તમાન ભાજપના સંગઠનની કામગીરી અંતર્ગતની પણ સમીક્ષા કરશે.

લોકસભાની ચૂંટણીમાં ભાજપ નવો રેકોર્ડ સ્થાપિત કરવા માટે છે. ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે ગુજરાતની 26માંથી 26 લોકસભા બેઠકો જીતવાની હેટ્રિક પોતાના નામે કરવા માંગે છે. આ માટે તેમણે લક્ષ્યાંક પણ રાખેલો છે.

## નવસારી સહિત પાંચ સ્થળોએ નવી નર્સિંગ કોલેજ શરૂ કરાશે

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટ બેઠકમાં દેશભરમાં નવીન 157 નર્સિંગ કૉલેજની સ્થાપનાને મંજૂરી આપવામાં આવી છે. દેશભરમાં 1570 કરોડના ખર્ચે આ નવિન મેડિકલ કૉલેજ નિર્માણ પામશે. જેના અંતર્ગત 15,700 નર્સિંગ સ્નાતકોનો ઉમેરો થશે. આ સંદર્ભમાં રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે વિગતો આપતા જણાવ્યું હતુ કે, ગુજરાતને પણ નવીન પાંચ નર્સિંગ કૉલેજની ભેટ મળી છે. જેમાં નવસારી, પોરબંદર, ગોધરા,રાજપીપળા અને મોરબી GMERS મેડિકલ કૉલેજ કેમ્પસમાં આ નવીન પાંચ નર્સિંગ કૉલેજની સ્થાપના થનાર છે. પ્રત્યેક નર્સિંગ કૉલેજમાં B.Sc એસ. નર્સિંગની 100 બેઠકો ઉપલબ્ધ બનતા. રાજ્યમાં કુલ 500 નર્સિંગ ની બેઠકોમાં વધારો થશે.

વધુમાં તેમણે ઉમેર્યુ કે, કેન્દ્ર સરકાર માંથી પ્રત્યેક નર્સિંગ કૉલેજની સ્થાપના માટે અંદાજીત રૂ. 10 કરોડની ફાળવણી રાજ્ય સરકારને કરવામાં આવી છે.પ્રથમ વખત કેન્દ્રીય પુરસ્કૃત યોજના હેઠળ નર્સિંગ કૉલેજની સ્થાપનાને આવરી લેવામાં આવી છે.

આ નવીન 5 નર્સિંગ કૉલેજનો ઉમેરો થતા રાજ્યની આરોગ્ય શિક્ષણ અને સારવાર સંલગ્ય વ્યવસ્થાઓ સુદ્રઢ બનશે તેમ મંત્રીએ કહ્યું હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલ રાજ્યમાં 8 સરકારી નર્સિંગ કૉલેજમાં B.Sc નર્સિંગ ની 440 જેટલી બેઠકો કાર્યરત છે.

## વર્ષ 2026માં શરૂ થનાર સીમાંકન માટેની પ્રક્રિયા બાદ

# રાજ્યની વિધાનસભાની બેઠકો વધીને 230 થઈ જશે



■ વર્ષ 2024ની લોકસભાની ચૂંટણી જૂના સીમાંકન મુજબની અંતિમ બની રહેશે

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણી યોજાઈ તે પહેલા દેશના તમામ રાજ્યોમાં વિધાનસભાની બેઠકોનું નવું સીમાંકન હાથ ધરવામાં આવશે. આ માટે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા 2026માં નવા સીમાંકન આયોગની રચના કરવામાં આવશે. વર્ષ 2024ની લોકસભાની ચૂંટણી જૂના સીમાંકન મુજબની અંતિમ બની રહેશે. આગામી માર્ચથી મે મહિનાની વચ્ચે યોજાનારી લોકસભાની ચૂંટણી માટે રાજ્યોની વિધાનસભાના નવા સીમાકન માટે આયોગની રચના કરવામાં આવશે. વર્ષ 2026માં ઈસીઆઈ શરૂ થનાર સીમાંકન માટેની પ્રક્રિયા બાદ લોકસભાની બેઠક 543થી વધીને 800એ પહોંચશે, તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

સીમાંકનની મુદત વર્ષ 2027માં પૂર્ણ થવાની છે. જેને ધ્યાનમાં રાખી લોકસભાની ચૂંટણી બાદ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા નવા સીમાંકને લઈને જાહેરનામું બહાર પાડવામાં આવશે. જેના પગલે આવતા દિવસોમાં તમામ રાજ્યોની વિધાનસભાનું નવુ સીમાંકન અસ્તિત્વમાં આવશે.ચૂંટણી પંચના સૂત્રોનું માનીએ તો, વર્ષ 2027માં નવુ સીમાંકન અસ્તિત્વમાં આવ્યા બાદ ગુજરાતમાં 16મી વિધાનસભાની ચૂંટણી યોજવામાં આવશે. રાજ્ય વિધાનસભાની હાલની 182 બેઠક વધીને 230ને પાર થઈ જાય તેવી શક્યતાઓ દર્શાવવામાં આવી રહી છે. આ અંગે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા 2026ના આરંભે અથવા વર્ષ 2025ના અંતિમ મહિનાઓમાં આયોગની રચના કરવામાં આવશે, જેમાં તમામ રાજ્યોને વસ્તી અને ક્ષેત્રના માપદંડોને આધારે સીમાંકન કરવાના આદેશ થશે.

આ માટે રાજ્ય એકમ કલેક્ટર મારફતે સર્વ પ્રથમ પ્રાથમિક જાહેરનામું પ્રસિદ્ધ કરીને સીમાંકનની પ્રક્રિયા હાથ ધરશે. મતદારોના વાંધા સૂચનો સાથે આયોગને મતક્ષેત્ર વાર આયોગનો રિપોર્ટ સોંપાશે.


# ખેડૂતોને બિયારણનો જથ્થો સમયસર મળે તે માટે 3 વર્ષનું આગોતરૂ આયોજનઃ કૃષિ મંત્રી

■ બીજ નિગમ દ્વારા કુલ 10,07,770 ક્વિન્ટલ બીયારણ ખેડૂતોને વિતરણ-વેચાણ કરાશે

ગુજરાત | વંદન

ગુજરાતના ખેડૂતોને ખરીફ-૨૦૨૩ ઋતુ માટે ગુણવત્તા યુક્ત બીયારણોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા તેમજ બીયારણ સમયસર મળી રહે તે માટે રાજ્યના કૃષિ વિભાગ દ્વારા આગોતરુ આયોજન કરવામાં આવ્યું છે તેમ કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું. ગુજરાતમાં ખરીફ ઋતુ માટે ગુણવત્તાયુક્ત બીયારણ ખેડૂતોને સમયસર મળી રહે તે માટે કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે ખેતી નિયામક, બાગાયત નિયામક તેમજ રાજ્ય બીજ નિગમના મેનેજીંગ ડિરેક્ટર સહિત અધિકારીઓની ઉપસ્થિતિમાં સમીક્ષા બેઠક યોજાઈ હતી.

કૃષિ મંત્રીએ જણાવ્યું હતું કે બીજ નિગમ દ્વારા જે તે વિસ્તારના પ્રતિષ્ઠીત અને પ્રગતિશીલ ખેડૂતો પાસે બીજ ઉત્પાદન કાર્યક્રમ હાથ ધરાવી ઉત્પાદીત થયેલ બિયારણનું ગુજરાત રાજય બીજ



પ્રમાણન એજન્સી પાસે બીજ પ્રમાણન કરાવી રાજયના ખેડૂતોને સમયસર ગુણવત્તાયુક્ત બિયારણ પુરૂ પાડે છે. બીજ નિગમ દ્વારા મુખ્ય પાકો જેવા કે ઘઉં, ડાંગર, મગફળી, હા.દિવેલા, સોયાબીન, ચણા, મગ, જીરૂ, બી.ટી કપાસ સહીતના કુલ 24 પાકોની અંદાજે 101 જાતોના બિયારણોનુ ઉત્પાદન કરવામાં આવે છે. રાજયની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા સંશોધિત નોટીફાઈડ જાતોના બિયારણોનું રાજય બીજ નિગમ દ્વારા મલ્ટીપ્લેકશન કરી પ્રમાણિત બિયારણ ખેડૂતોને વ્યાજબી ભાવે પુરૂ પાડવામાં આવે છે તેમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે કહ્યું હતુ કે રાજ્ય બીજ નિગમ દ્વારા હાથ ધરવામાં આવેલ જુદા જુદા પાક/જાતોના બીજ ઉત્પાદન કાર્યક્રમમાંથી ઉત્પાદીત થયેલ કુલ 1,07,770 ક્વિ. ગુણવત્તા યુક્ત બીજ જથ્થા જથ્થાનું બીયારણ ખરીફ-2023માં રાજ્યના ખેડૂતોને વિતરણ / વેચાણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

## માણસાના બિલોદરાના સીમની ઘટના

# ગાંધીનગર LCBએ દરોડા પાડી 5 જુગારીની કરી ધરપકડ

■ 44 હજાર થી વધુ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત

ગુજરાત | વંદન

ગાંધીનગર એલસીબી માણસા તાલુકાના બિલોદરા ગામની સીમમાં દરોડા પાડીને જુગાર રમી રહેલા પાંચ ઈસમોને 44 હજાર થી વધુ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે. તમામ વિરુદ્ધ જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

માણસા તાલુકાના બિલોદરા ગામની સીમમાં ગઈકાલે મોડી સાંજે કેટલાક ઈસમો પાના પત્તાનો હારજીત નો જુગાર રમી રહ્યા હોવાની બાતમી ગાંધીનગર એલસીબીને બાતમી મળી હતી. બાતમી મુજબ સીમમાં ભોમિના વડલાની બાજુમાં આવેલા ખેતરમાં વિક્રમસિંહ જીવણજી ચાવડાની જર્જરિત ઓરડી પાસે



પહોચી હતી. તે વખતે ઓરડીના આગળના ભાગે આવેલા ગોગા મહારાજના મંદિરની બાજુની ખુલ્લી જગ્યામાં પાંચ યુવકો પાના પત્તાનો જુગાર રમી રહ્યા હતા.

પોલીસે તમામની અંગ ઝડતી લેતા રોકડ રૂપિયા 18,030 તેમજ દાવ પરથી 5800 રૂપિયા અને 20,500 રૂપિયાની કિંમતના પાંચ મોબાઈલ મળી આવતા પોલીસે 44330 રૂપિયાનો મુદ્દામાલ તેમજ જુગારનું સાહિત્ય જપ્ત કરી પાંચેય ઈસમોની જુગાર ધારા હેઠળ ધરપકડ કરી માણસા પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવવામાં આવ્યો હતો.



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009

## પર્યાવરણ — કંપનીઓ પાસેથી 2998 કરોડ સિક્યોરિટી ડિપોઝિટ લેવાશે...

# ગ્રીન હાઇડ્રોજન માટે અદાણી સહિત પાંચ કંપનીને 1.99 લાખ હેક્ટર જમીન ફાળવાઈ

■ રાજ્ય સરકાર દ્વારા આ કંપનીઓને બીજા ઈન્સેન્ટિવ પણ અપાશે

ગુજરાત | વંદન

ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદનમાં ગુજરાત નંબર વન રાજ્ય બનવાની તૈયારી કરી રહ્યું છે. આ માટે ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ ઝડપથી આગળ વધે તે માટે ગુજરાતમાં 1.99 લાખ હેક્ટર જમીન ક્લિયર કરવામાં આવી છે. ગુજરાત કેબિનેટે ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ માટે જમીન ફાળવણીના ડ્રાફ્ટને મંજૂરી આપી છે. તેમાં પ્રાઈવેટ સેક્ટરની પાંચ મોટી કંપનીઓ માટે 1.99 લાખ હેક્ટર જમીન ફાળવવામાં આવી છે. આ ઉપરાંત આ કંપનીઓને બીજા ઈન્સેન્ટિવ પણ આપવામાં આવશે.

કેટલીક પ્રાઈવેટ કંપનીઓને રાજ્ય સરકાર તરફથી કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જમીન માટે સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. તેમાં રિલાયન્સ ન્યુ એનર્જી લિમિટેડને 74,750 હેક્ટર, અદાણી ન્યૂ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડને 84,486 હેક્ટર, ટોરેન્ટ પાવર લિમિટેડને 18,000 હેક્ટર, આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયાને 14,393 હેક્ટર અને વેલસ્પન ગ્રૂપને 8,000 હેક્ટર જમીનની ફાળવણી કરવામાં આવી છે. કંપનીઓએ




પોતાની દરખાસ્તમાં 3.26 લાખ હેક્ટર જમીનની માંગણી કરી હતી જેની સામે રાજ્યની કેબિનેટે પ્રતિ હેક્ટર 15,000ના ભાવે 40 વર્ષની લિઝના આધારે 1.99 લાખ હેક્ટર જમીન ફાળવી છે. સૂત્રોએ જણાવ્યું કે આગામી દિવસોમાં જમીનની વધારે ફાળવણી કરવામાં આવે તેવી શક્યતા છે. સરકારને જમીનના આ પાર્સલની ફાળવણીથી લગભગ 299 કરોડની કમાણી થવાની શક્યતા છે.

ગુજરાત સરકાર આ પાંચ કંપનીઓ પાસેથી 2998 કરોડ સિક્યોરિટી ડિપોઝિટ તરીકે લેશે. પ્રસ્તાવિત જમીન પર ગ્રીન હાઈડ્રોજનનો ઉપયોગ કરીને કુલ 99,814 મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવે તેવી શક્યતા છે. જેની સાથે 39.95 લાખ મેટ્રિક ટન ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન થશે તેમ સરકારી આંકડા દર્શાવે છે.

## કારનો 9999 નંબર 7.20 લાખમાં વેચાયો

ગુજરાત | વંદન

ગાંધીનગર આરટીઓ કચેરીમાં ટુ વ્હીલર અને ફોર વ્હિલરમાં પસંદગીના નંબર માટે ઓનલાઈન હરાજી ઉંચી બોલી લગાવવામાં આવી હતી. જેમાં 706 અરજદારોએ ભાગી લીધો હતો અને ઉંચી બોલી લગાવતા આરટીઓને 91.60 લાખ રૂપિયાની આવક થઈ હતી. હરાજીમાં સૌથી વધુ બોલી કારના 9999 નંબર ઉપર લગાવાઈ હતી. આ નંબર 7.20 લાખ રૂપિયામાં વેચાયો હતો. તે ઉપરાંત ટુ વ્હિલરમાં 1 નંબર 1.35 લાખમાં વેચાયો હતો. જ્યારે 1 નંબર આ હરાજીમાં 6.52 લાખમાં વેચાયો હતો. અગાઉની હરાજીમાં 1 નંબર માટે સૌથી ઉંચી બોલી લાગતી હતી.

ગાંધીનગર આરટીઓ કચેરી પસંદગીના નંબરની હરાજી કરતી હોય છે, તેમાં એવરેજ એક કરોડ રૂપિયાની આવક કરે છે.

### પ્રથમ તબક્કામાં સ્માર્ટ મીટરિંગ માટે 10602 કરોડ ફાળવાયા

## ગુજરાતમાં થશે અમલ: જેટલા રૂપિયા ચૂકવશો તેટલી વીજળી વાપરી શકશો

**» ડિસેમ્બર, 2023 થી સ્માર્ટ ઈલેક્ટ્રિક મીટર સિસ્ટમ અમલમાં લાવવાનું પ્લાનિંગ**

ગુજરાત | વંદન

આપણે મોબાઈલ ડેટા અને પ્લાન રિચાર્જ કરીને તેનો ઉપયોગ કરીએ છીએ. જેટલો વપરાશ છે તેટલુ રિચાર્જ કરાવો. ત્યારે ગુજરાતમાં વીજળી વપરાશ માટે પણ આવો જ પ્લાન લાવવાની તૈયારી ચાલી રહી છે. ગુજરાતમાં ટૂંક સમયમાં જ વીજળીનું બિલ પ્રીપેઈડ થઈ જશે. જેટલા રૂપિયા ચૂકવશો તેટલી વીજળી વાપરી શકશો. 20482 કરોડના ગુજરાતના પ્રોજેક્ટને રાજ્યની કેબિનેટે મંજૂરી આપી છે.



ગુજરાત સરકાર ડિસેમ્બર, 2023 થી સ્માર્ટ ઈલેક્ટ્રિક મીટર સિસ્ટમ અમલમાં લાવવાનું પ્લાનિંગ કરી રહી છે. જેમા બિલપેટે જેટલા રૂપિયા ચૂકવશો તેટલી જ વીજળી વાપરી શકશો. વીજ બિલ મોબાઈલ રિચાર્જથી કરી શકાશે. આ માટે ગુજરાત સરકારની કેબિનેટ અને કેન્દ્ર સરકારે મંજૂરી આપી દીધી છે. પ્રથમ તબક્કામાં સ્માર્ટ મીટરિંગ માટે 10602 કરોડ ફાળવ્યા છે. તો સાથે જ ડિસ્ટ્રીબ્યુશન સુધારવા માટે 6021 કરોડ ફાળવ્યા છે. સરકાર નવા મીટર વસાવવા માટે એ પણ પ્લાનિંગ કરી રહી છે કે, ગ્રાહકો પર નાણાંકીય બોજ ન આવે. આ માટે પ્લાનિંગ ચાલી રહ્યું છે કે, સ્માર્ટ મીટરની રકમ ગ્રાહકો કેટલી ભોગવશે અને સરકાર કેટલી ભોગવશે. સરકારે વિવિધ વીજ કંપનીઓને આ માટે કુલ 10443 કરોડ રૂપિયા ફાળવ્યા છે. જે આ મુજબ છે. આ સાથે જ સરકાર વીજખાધ ઘટાડવા માટે પણ પ્રયાસો કરી રહી છે. વીજચોરી, ડિસ્ટ્રીબ્યુશન વગેરે મામલે રાષ્ટ્રીય સ્તરે 12 થી 15 ટકા વીજખાધ આવે છે. આ માટે સરકાર સ્કીમ લાવી રહી છે.

### લોકો મુંઝવણમાં : ઉનાળો છે કે ચોમાસું? ખબર જ પડતી નથી....

## ભીષણ ગરમીની વચ્ચે હજુ પણ માવઠાની મથામણ ક્યાં સુધી?

ગુજરાત | વંદન

ગુજરાતમાં છેલ્લાં બે દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે. રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે શુક્રવારની સાંજથી અમદાવાદના વાતાવરણમાં પલટો આવ્યો હતો. શુક્રવારની સાંજથી જ અમદાવાદના આકાશમાં વાદળો ઘેરાયા હતા. જે બાદ સૂસવાટા મારતો પવન પણ વહેતો થયો હતો. આખરે શનિવારની વહેલી સવારે અમદાવાદના વાતાવરણમાં પલટો આવ્યો હતો અને વહેલી સવારે જ અમદાવાદના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો હતો. અમદાવાદ સહિત રાજ્યના કેટલાંક વિસ્તારોમાં માવઠું પડ્યું હતું. ભર ઉનાળે રાજ્યમાં કમોસમી વરસાદ પડતાં થોડી ઠંડક અનુભવાઈ હતી. બીજી તરફ, હવામાન વિભાગે પણ આગાહી કરી છે કે, આગામી દિવસોમાં રાજ્યના કેટલાંક વિસ્તારોમાં હજુ પણ કમોસમી વરસાદ પડી શકે છે.



ગુજરાતમાં છેલ્લાં બે દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે. શુક્રવારે પણ રાજ્યનાં કેટલાંક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો હતો. શુક્રવારે સાંજે પણ અમદાવાદના વાતાવરણમાં પલટો આવ્યો હતો. શુક્રવારે સાંજે અમદાવાદના કેટલાંક વિસ્તારોમાં ભારે પવન ફૂંકાયો હતો. ત્યારે શનિવારે અમદાવાદના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. શનિવારે વહેલી સવારે અમદાવાદના કેટલાંક વિસ્તારોમાં જોરદાર વરસાદી ઝાપટાં પડ્યા હતા. અમદાવાદ પૂર્વ અને પશ્ચિમના કેટલાંક વિસ્તારોમાં વહેલી સવારે વરસાદી ઝાપટાં પડ્યાં હતા. ગુજરાતના અનેક વિસ્તારમાં આ રીતે વરસાદી માહોલ જોવા મળ્યો હતો.

ભર ઉનાળે જ વરસાદી માહોલ જામતા ખેડૂતોમાં પણ ચિંતા જોવા મળી હતી. અમદાવાદના ચાંદખેડા, બાપુનગર, મણિનગર, શ્યામલ, જોધપુર, ઘાટલોડિયા, ચાંદલોડિયા, થલતેજ, એસજી હાઈવે, વટવા, નારોલ, સીટીએમ, ગાંધીનગર, ઈનસપુર, બોપલ, વસ્ત્રાલ સહિતના વિસ્તારોમાં વરસાદ ખાબક્યો હતો. અચાનક વાતાવરણમાં પલટો અને વરસાદી ઝાપટાં પડતાં કેટલાંક લોકોને ફરીથી રેઈનકોટ કાઢવાનો વારો આવ્યો હતો. તો કેટલીક જગ્યાએ કેટલાંક વાહન ચાલકો વરસાદના કારણે સ્લીપ ખાઈને પડી ગયા હોવાની ઘટના પણ બની હતી. જો કે, અચાનક વાતાવરણમાં આવેલો પલટો અને વરસાદી ઝાપટાં પડ્યા બાદ ગરમીથી આંશિક રાહત મળી હતી. બીજી તરફ, ઈડર, વડાલી, સાબરકાંઠાના કેટલાંક વિસ્તારોમાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો હતો.

## અમદાવાદ: AMCની વ્યાજ માફી સ્કીમ હોવા છતાં ટેક્ષ ન ભરનાર 6016 એકમ સીલ કરાયા

**પહેલીવાર 100 ટકા ટેક્ષ વ્યાજ માફી સ્કીમ**

ગુજરાત | વંદન



અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા ટેક્ષ ન ભરનાર કરદાતાઓ સામે લાલ આંખ કરવામાં આવી હતી. એએમસી ટેક્ષ વિભાગે એક જ દિવસમાં 6016 મિલકત સીલ કરવામાં આવી હતી. એએમસી ટેક્ષ વિભાગ દ્વારા વ્યાજ માફીમાં 100 ટકા રાહત આપવાની જાહેરાત કરવામાં આવી છે. તેમ છતાં પણ અનેક ટેક્ષ કરદાતાઓ ટેક્ષ ન ભરતા તેમની સામે કાર્યવાહી કરવામાં આવી છે. જે કરદતાઓના ટેક્ષની મોટી રકમ બાકી છે, તેવા કરદાતાઓના બાકી ટેક્ષની વસુલાત માટે રિકવરી ઝુંબશ દરમિયાન સિલિંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં કાલે એક જ દિવસમાં 6016 એકમ સીલ કરાયા હતા. જેમાં સૌથી વધુ પૂર્વ ઝોનમાં 2226 મિલકત સીલ કરવામાં આવી હતી.

અગાઉ અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા તબક્કા વાર ટેક્ષ વ્યાજ માફી સ્કીમ મુકવામાં આવી છે. પહેલીવાર 100 ટકા ટેક્ષ વ્યાજ માફી સ્કીમ અમદાવાદીઓ માટે જાહેર કરાઈ છે. જે અંતર્ગત અનેક જૂની મિલકતોના ટેક્ષ બાકી હતા, તેમાં મોટી સંખ્યામાં કરોડો રૂપિયાની આવક ટેક્ષ વિભાગને થઈ હતી. કાલે પણ ટેક્ષ વિભાગની તિજોરીમાં 20 કરોડની જેટલી માતબર રકમ આવક નોંધાઈ હતી. નોધનીય છે કે, અમદાવાદ મહાનગર પાલિકાનો ટેક્ષ ન ભરનાર કરદાતાઓની હવે ખેર નથી. કારણ કે એએમસીનો પ્રોપર્ટી ટેક્ષ ન ભરનારના મિલકત પર કલેક્ટર બોજો નોંધણી કરશે. જેના પગલે કરદાતા તેમની મિલકત વેચતી સમયે મુશ્કેલ થશે.

## સ્મશાનમાં લાકડા કૌભાંડ કેસમાં, બે કંપની બ્લેક લિસ્ટ

ગુજરાત | વંદન

અમદાવાદમાંસ્મશાનમાં લાકડા કૌભાંડ મામલે કોર્પોરેશનની ટીમે એકશન લેતા બે કંપનીને બ્લેક લિસ્ટ કરી છે. ઉલ્લેખનીય છે કે કેટલાક સ્મશાનના સંચાલકો ચિતાની લોખંડની ડિઝાઈનમાં ફેરફાર કરી ઓછા લાકડા વાપરી હોવાની ઘટના સામે આવી હતી.

સ્મશાનમાં લાકડા કૌભાંડ બાબતે કોર્પોરેશન એક્શનમાં આવ્યું છે અને બે કંપનીઓને બ્લેક લિસ્ટ કરવાનો નિર્ણય કર્યો છે. જેમાં સ્મશાનમાં લાકડા કૌભાંડ બાબતે બે એજન્સીઓને બ્લેક લિસ્ટ કરાઈ છે. કોર્પોરેશને સમભાવ અને જયશ્રી ક્રિષ્ણ એજન્સીને બ્લેકલિસ્ટ કરી છે.

આ સમગ્ર ઘટનાની વિગત મુજબ, કોઈપણ વ્યક્તિ જ્યારે પોતાના સ્વજનને સ્મશાનમાં લઈ જાય ત્યારે કોર્પોરેશનને નિશ્ચિત કરેલ લાકડાઓના વજન પ્રમાણે તેના પૈસા લેવામાં આવતા હોય છે.

## રાહુલે બંગલો ખાલી કર્યો, પણ કેસ કરનાર ક્યારે ખાલી કરશે: કોંગ્રેસનો સવાલ

**માનહાનીનો કેસ કરનાર પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદીએ સરકારી બંગલો ખાલી નથી કર્યો**

ગુજરાત | વંદન

ગુજરાત કોંગ્રેસ દ્વારા ગુજરાત સરકારના ઘણા મંત્રીઓ પર સરકારી બંગલો પદ પર ન હોવા છતા ખાલી નહીં કરવાનો આરોપ લગાવ્યો છે. જેમાં પૂર્ણેશ મોદીનો પણ સમાવેશ થાય છે. એક તરફ જ્યાં રાહુલ ગાંધી સામે કેસ કર્યા પછી તેમનું સંસદ સભ્યપદ ગુમાવવું અને બાદમાં તુરંત સરકારી આવાસ પણ ખાલી કરાવવાની ઘટનાનો સિલસિલો ઘણા પ્રશ્નો ઊભા કરી ગયો છે ત્યારે કોંગ્રેસે હાલના અમુક મંત્રીઓને બંગલો ન મળતા સર્કિટ હાઉસમાં રહેવું પડતું હોવાનો અને પૂર્વ નેતાઓએ બંગલા ખાલી ન કર્યાનો આક્ષેપ કર્યો છે. ગુજરાતમાં જેટલા પણ પૂર્વ મંત્રીઓ છે તેમાંથી ઘણાએ નૈતિકતાથી પોતાને અપાયેલા બંગલો ખાલી કર્યા થી તેમને કાયદેસરની નોટિસ આપી બંગલા ખાલી કરાવવામાં આવે તેવી માગ કોંગ્રેસ કરી રહી છે.







ગુજરાત કોંગ્રેસ દ્વારા પોતાના કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. ત્યારે કોંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલે કહ્યું કે, ભાજપે રાજકીય કિન્નાખોરી રાખીને રાહુલ ગાંધીને સંસદ સભ્યના પદ પરથી નિષ્કાસિત કર્યા અને છેલ્લા 19 વર્ષથી જે બંગલોમાં તે રહેતા આવ્યા હતા તે બંગો પણ ખાલી કરવા નોટિસ આપી હતી. રાહુલ ગાંધીએ જોકે હસ્તા મોંઢે ઘર ખાલી પણ કરી દીધું છે. પણ બીજી બાજુ ભારત અને ગુજરાતમાં સરકારની તાનાશાહી ચાલે છે, લોકોના રૂપિયે તાયફા અને ઉત્સવો કરાઈ રહ્યા છે. તેનું ઉદાહરણ છે કે ગુજરાતના મંત્રીઓ ગાંધીનગરના સરકારી બંગલો ખાલી કરતા નથી.

તેમણે કહ્યું કે, આમાં રાહુલ ગાંધી પર માનહાનીનો કેસ કરનાર ભાજપના પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદી પણ છે કે જેમણે સરકારી બંગોલ ખાલી નથી કર્યો. મંત્રીઓના નિવાસમાં આવેલો પહેલું ગવર્નર હાઉસની સામેનો મોકાનો સરકારી બંગલો ખાલી કરાયો નથી. એ ઉપરાંત પૂર્વ મંત્રી જીતુ ચૌધરી, કિરીટસિંહ રાણા, વિનુ મોરડિયાએ પણ ફાળવાયેલા સરકારી બંગલો ખાલી કર્યા નથી.

## માત્ર ત્રણ હજાર રૂપિયાની લેતી દેતીમાં હત્યા

ગુજરાત | વંદન

વેજલપુર વિસ્તારમાં ફતેવાડીમાં માત્ર ત્રણ હજાર રૂપિયાની લેતીદેતીના મામલામાં હત્યાનો બનાવ સામે આવ્યો છે. વેજલપુર પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીઓને ઝડપવા કવાયત હાથ ધરી છે.

મૃતકનું નામ અઝરૂદ્દીન શેખ છે જેની ઉંમર 33 વર્ષ છે અને પીરાણા પાસે આવેલ સુરેજફામમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. મૃતક અઝરૂદ્દીન શેખ એ થોડા માસ અગાઉ મિત્ર બાદશાહ ખાનને 3 હજાર રૂપિયા ઉછીના આપ્યા હતા. જેને લઈને મોડી રાત્રે ફતેવાડી વિસ્તારની નૂર ફતે મસ્જિદ પાસે થી પસાર થઈ રહેલ બાદશાહ ખાન પાસે 3 હજાર રૂપિયા પરત માંગતા ઝગડો થયો હતો.

## ચોમાસા પહેલા રસ્તો ચાલુ થઈ જાય તો ભયો...ભયો...!




ચોમાસા પહેલા રોડ રસ્તા, ગટર, પાણીના કામો પૂરા કરવાનો શિરસ્તો રહ્યો છે. કોર્પોરેશન દ્વારા શહેરમાં જ્યાં જ્યાં રોડ રસ્તાના કામો હોય તે વેળાસર પૂરા કરવામાં આવી રહ્યાં છે પરંતુ તસ્વીરમાં દેખાય છે તેમ શહેરના આનંદનગરમાં ઘણા સમયથી કંઈક આવી રીતે એક તરફ રોડ બનાવવાનું કામ અટકી પડ્યું છે. પરિણામે ટ્રાફિકની સમસ્યાઓ જોવા મળી રહી છે. સ્થાનિક લોકોની લાગણી છે કે ચોમાસા પહેલા રસ્તો ચાલુ થઈ જાય તો ભયો...ભયો...! તસ્વીર: મૌર્ય ભાગ્યવાન

### પાણીની પાઈપલાઈનનું ગેરકાયદે જોડાણ કરવા

## AMCનો કર્મચારી રૂ. 20,000ની લાંચ લેતો ACBના હાથે ઝડપાયો

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પશ્ચિમ ઝોનમાં ઈજનેર વિભાગમાં ફરજ બજાવતા



વર્ગ ચારના કર્મચારીએ પાણીની પાઈપલાઈનનું ગેરકાયદેસર જોડાણ કરી આપવા માટે રૂ.25,000ની માગણી કરી હતી. ગેરકાયદેસર જોડાણ કરવા માટે મજૂર દ્વારા લાંચની માગણી કરવામાં આવતા ફરિયાદીએ એસીબીનો સંપર્ક કર્યો હતો. એસીબીએ છટકું ગોઠવી અને કોર્પોરેશનના ઈજનેર વિભાગના મજૂરને 20 હજારની લાંચ લેતાં રંગે હાથ ઝડપી લીધો હતો.

એસીબીમાંથી મળતી માહિતી મુજબ, શહેરના સુભાષબ્રિજ વિસ્તારમાં આવેલા કલેક્ટર ઓફિસની બાજુમાં બત્રીસી હોલ દ્વારા પાણીની નવી પાઈપલાઈન લેવા માટે અરજી કરવામાં આવી હતી. જેથી ઈજનેર વિભાગ દ્વારા પાણીની નવી પાઈપલાઈનનુ ખોદકામ શરૂ કર્યું હતું. કામ ચાલતુ હોય હોલની બાજુમાં રહેતા વ્યક્તિએ પોતાના મકાનની પાણીની પાઈપલાઈન નાખવા માટે ઈજનેર વિભાગમાં સ્ટેડિયમ વોર્ડમાં મજૂર તરીકે ફરજ બજાવતા હેમરાજભાઈ દાફડા (રહે. પંચશ્લોક હોમ્સ,ત્રાગડ રોડ,ચાંદખેડા) સાથે બત્રીસી હોલની પાણીની પાઈપલાઈન સાથે તેઓની પાણીની પાઈપલાઈનનુ ગેરકાયદેસર રીતે જોડાણ કરી આપવાની વાત કરી હતી.

પાણીની પાઈપલાઈનનું ગેરકાયદેસર જોડાણ કરવા માટે કોર્પોરેશનના મજૂર વર્ગના કર્મચારી હેમરાજભાઈએ રૂ.25000ની લાંચની માગણી કરી હતી. રકઝકના અંતે રૂ.20,000 નક્કી કર્યા હતા. પરંતુ ફરીયાદી લાંચની રકમ આપવા માગતા ન હોવાથી તેઓએ એસીબીનો સંપર્ક કર્યો હતો. અંતે નક્કી થયેલી લાંચની રકમ લેતા રંગે હાથ ઝડપાયો હતો.

## હાર્દિક પટેલને સુપ્રીમ માંથી મળી રાહત, હિંસાના કેસમાં મળ્યા નિયમિત જામીન

ગુજરાત | વંદન

ધારાસભ્ય હાર્દિક પટેલને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી છે. 2015માં ગુજરાતમાં પાટીદાર આંદોલન દરમિયાન નોંધાયેલા તોફાનો, હિંસા અને આગચંપીના કેસમાં સુપ્રીમ કોર્ટે ભાજપના નેતા હાર્દિક પટેલને નિયમિત જામીન મંજૂર કર્યા છે. હાર્દિક પટેલને સુપ્રીમ કોર્ટમાંથી વચગાળાની રાહત મળી ચૂકી છે.

પાટીદારો માટે અનામતની માંગણીને લઈને પાટીદાર આંદોલન દરમિયાન ગુજરાતમાં હિંસા ફાટી નીકળી હતી. સુપ્રીમ કોર્ટે ફેબ્રુઆરી 2020 માં હાર્દિક પટેલને ધરપકડથી વચગાળાનું રક્ષણ આપ્યું હતું, જે તે સમયે હાર્દિક પટેલ કોંગ્રેસ પાર્ટીના નેતા હતા. 2015માં હાર્દિક પટેલે આ



જ કેસમાં તેમને આગોતરા જામીન નામંજૂર કરવાના હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.હાર્દિક પટેલને શરૂઆતમાં મહેસાણાની નીચલી અદાલતે દોષિત ઠેરવ્યો હતો અને બે વર્ષની જેલની સજા ફટકારી હતી. હાર્દિક પટેલે તેમની સજાને સ્થગિત કરવા માટે ગુજરાત હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. જેથી તેઓ 2019ની લોકસભાની ચૂંટણી લડી શકે. જોકે, આ દલીલને હાઈકોર્ટે ફગાવી દીધી હતી. ત્યાર બાદ તેમણે આ આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી.

### સોલામાં યુવકના આપઘાત કેસમાં મોટો ખુલાસો

## અશ્લિલ વીડિયો બતાવી બ્લેકમેલ કરી 8 લાખ પડાવ્યા હોવાનું તપાસમાં ખૂલ્યું

ગુજરાત | વંદન

અમદાવાદના સોલા વિસ્તાર માં યુવક ની આપઘાત ને લઈ મોટો ખુલાસો સામે આવ્યો છે. યુવક ને ન્યૂડ અશ્લીલ વીડિયો બતાવી ને બ્લેકમેલ કરી 8 લાખ પડાવી લીધા હતા. જોકે યુવક ના આપઘાત બાદ પણ ફોન આવતા પરિવાર ને મામલાની જાણ થઈ હતી. જે બાદ આપઘાતનું સાચું કારણ સામે આવ્યું.



પોલીસ પકડમાં આવેલા બન્ને આરોપીઓ ભરતપુરના મેવાત ગેંગના સભ્યો છે. બન્ને આરોપીઓ અન્ય આરોપીઓ સાથે મળી દેશભરમાં અલગ અલગ લોકોને ન્યૂડ વીડિયો બતાવીને બ્લેક મેલ કરીને રૂપિયા પડાવી લેવાનુ કામ કરતા હતા. આરોપી અંસાર મેવ અને ઈર્શાદ મેવ સોલામાં રેહતાં યુવકને ફેક અશ્લિલ વીડિયો કોલ કરીને બ્લેકમેલ કરવાનુ ચાલુ કર્યું હતું. આરોપીઓ થોડા થોડા કરી ને 8 લાખ પડાવી લીધા હતા અને ત્યાર બાદ વધુ રૂપિયાની માંગણી કરી રહ્યા હતા. ભોગ બનનાર યુવક આબરુ જવાના ડરને કારણે કોઈ ને કહી ના શક્યા અને ઘરે ફાંસો લગાવીને આપઘાત કરી લીધો.યુવકની આત્મહત્યા બાદ પણ તેના ફોન પર બ્લેકમેલરના ફોન આવતા પરીવાર સામે સમગ્ર હકીકત સામે આવી હતી અને આપઘાતનું સાચુ કારણ જાણવા મળ્યુ હતુ. પરીવારે સમગ્ર બાબતે પોલીસમે જાણ કરતા સામે આવ્યુ કે ઓનલાઈન ન્યૂડ વીડિયો કોલ કરી જેનુ સ્ક્રીન રેકોર્ડીંગ કરી બ્લેકમેલ કરી દુષ્પ્રેરણા આચરી પૈસા પડાવતી ગેંગના બે આરોપીને ભરતપુર રાજસ્થાનથી ઝડપી લીધા હતા.સોલાના યુવકએ પોતાની બદનામી બચવા અને આરોપી પૈસાની માંગણી કરતા આપઘાત કરી લીધો હતો.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો-મૌર્ય ભાગ્યવાન)



**તોડફોડ :** શહેરમાં વિવિધ સ્થળોએ ગેરકાયદે બાંધકામ દૂર કરવાની ઝુંબેશ કોર્પોરેશન દ્વારા ચાલી રહી છે.આસ્ટોડિયા ગીતામંદિર રોડ પર ગેરકાયદે બનેલ બાંધકામને દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ તે પ્રસંગની તસવીર.



**નિયમ ભંગ:** શહેરમાં ટ્રાફિક સરલતા માટે ઠેર-ઠેર પ્લાસ્ટિકના બેરીકેડ મુકવામાં આવે છે. શહેરના શાહીબાગ ડફનાળા ચાર રસ્તા ખાતે ટ્રાફિક સરલતા હેતુ મુકવામાં આવેલ બેરીકેડ તોડીને નુકસાન પહોંચાડવામાં આવે છે.



**નવીનીકરણ:** એક સમયે શહેરમાં મોટી સંખ્યામાં તળાવોની ભરમાર હતી. વસ્તી વધારો મકાનોનું બાંધકામ વગેરેના કારણે તળાવો પુરાતા ગયા. જોકે આનંદ નગર સેટેલાઈટ તરફ આવેલા એક પાચા તળાવના નવીનીકરણનું કામ ચાલી રહ્યું છે.



**પૃથ્વી વેચાય છે:** એક ગીતમાં કહેવાયું છે કે, એક પૈસેમાં રામ લે લો... એક પૈસે મેં શ્યામ લે લો...જોકે પ્રસ્તુત તસ્વીરમાં ફુટપાથ પર 'પૃથ્વી' વેચાઈ રહી છે. આ પ્રકારના પૃથ્વીના ગોળા શૈક્ષણિક હેતુ અને સામાન્ય જ્ઞાનના ઉપયોગ માટે લેવાય છે.

### સરકારે HCમાં એફિડેવિટ કરી આપી માહિતી

**હવે આ મામલે 21 ઓગસ્ટે વધુ સુનાવણી હાથ ધરાશે**

## ગુજરાતમાં પોલીસ વિભાગમાં હજૂ પણ 21.3% જગ્યાઓ ખાલી

ગુજરાત | વંદન

ગુજરાત હાઈકોર્ટમાં અફિડેવિટ દાખલ કરી રાજ્ય સરકારે જણાવ્યું છે કે, ગુજરાતમાં પોલીસ વિભાગમાં 21.3% જગ્યાઓ ખાલી છે. 96,194 ખાલી જગ્યાઓમાંથી 73,000 જેટલા પદો પર ભરતી કરાઈ છે. હાલ પોલીસ વિભાગમાં 22 હજાર જેટલી જગ્યાઓ ખાલી છે. નોંધનીય છે કે, પોલીસને લગતી બાબતોને લઈ SCના આદેશ અનુસાર સુઓમોટો અરજી પર સુનાવણી કરવામાં આવી હતી. હાઈકોર્ટના કડક વલણ બાદ રાજ્ય સરકારે આ એફિડેવિટ દાખલ કરી છે.



ગુજરાત સરકારે હાઈકોર્ટમાં દાખલ કરેલી એફિડેવિટમાં જણાવ્યું છે કે, રાજ્યમાં સ્ટેટ રિઝર્વ ફોર્સની કુલ જગ્યાઓમાંથી 4000 જગ્યાઓ ખાલી છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા સમયથી પોલીસ વિભાગમાં ખાલી પડેલી જગ્યાને લઈને કોઈપણ પ્રકારની કાર્યવાહી ન કરવામાં આવતા આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જેના પર 9 માર્ચે સુનાવણી દરમિયાન હાઈકોર્ટે પોલીસ વિભાગની ખાલી જગ્યાઓને લઈને રાજ્ય સરકારને કેટલાક સવાલો કર્યા હતા. જેના પર સરકારે જવાબ રજૂ કરતા કહ્યું હતું કે, પોલીસ વિભાગમાં ખાલી પડેલી જગ્યાઓમાં ભરતી કરવાની કાર્યાવાહી ચાલી રહી છે. આ ભરતી પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. ટૂંક સમયમાં જ ભરતી પ્રક્રિયા પૂર્ણ થશે.

રાજ્ય સરકારના આદેશ બાદ હાઈકોર્ટે પોલીસ વિભાગમાં ખાલી પડેલી જગ્યાઓનો લેટેસ્ટ રિપોર્ટ રજૂ કરવાનો હુકમ કર્યો હતો. પોલીસને લગતી બાબતોને લઈ સુઓમોટો અરજી પર સુનાવણી દરમિયાન રાજ્ય સરકારે એફિડેવિટ દાખલ કર્યું.

સરકારે એફિડેવિટમાં જણાવ્યું છે કે, રેલી, સરઘસ અને સભા માટે પણ દિશાનિર્દેશો જાહેર કરાયા છે. અરજદારની માગ પર હાઈકોર્ટે સરકારને નિર્દેશ આપ્યો છે. કોર્ટે રેલી, સભાઓ અને સરઘસો અંગેનું જાહેરનામુ પેપર અને મીડિયામાં પ્રસિદ્ધ કરવાનો નિર્દેશ આપ્યો છે. સાથે જ હાઈકોર્ટે ઓગસ્ટ મહિના સુધીમાં રાજ્ય સરકારને એડિશનલ એફિડેવિટ ફાઈલ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ મામલે 21 ઓગસ્ટના હાઈકોર્ટમાં વધુ સુનાવણી હાથ ધરાશે.

સાપ્તાહિક ગુજરાત વંદન સંપાદકીય....

# જવાનોએ નક્સલીઓને ઠાર કર્યા, નક્સલીઓએ જવાનોને શહીદ કર્યા...ફરીથી નક્સલીઓ પર હુમલો થશે અને ફરીથી આપણાં જવાનો...?!



જમ્મુ-કાશ્મિરમાં તાજેતરમાં જ એક ઘાતક આતંકી હુમલામાં સેનાના 5 જવાનો શહીદ થયા હતા. તેઓ પેટ્રોલિંગમાં નિકળ્યા હતા, તેયારે જંગલ વિસ્તારમાં હુમલો થયો હતો. હુમલાની ભયાનકતા એ હતી કે આતંકીઓએ બુલેટપ્રુફ જેકેટને વીંધી નાંખે એવી સ્ટીલની તિક્ષ્ણ ધારદાર ગોળીઓનો ઉપયોગ કરીને જવાનોની હત્યા કરીને તેમના વાહનને પણ સળગાવી દીધાની ઘટનાની હજુ શાહી પણ સુકાઇ નથી ત્યાં છત્તીસગઢના દંતેવાડામાં એક નક્સલી હુમલામાં જવાનોના વાહનને ઉડાવી દેતા 11 જવાનો શહીદ થયા છે.

આ જવાનો એ વિસ્તારમાં નક્સલીઓનો સામનો કરીને પરત ફરકી રહ્યાં હતા ત્યારે રસ્તામાં સુરંગ પાથરીને તેમને ઉડાવી દેવાયા હતા. કાશ્મિરમાં આતંકીઓના સફાયાની સાથે આપણાં જવાનો પણ શહીદ થાય છે. કાસઅમિરમાં જવાનોને નિશાન બનાવનાર આતંકીઓ પાકિસ્તાની છે પણ નક્સલીઓ કાંઇ પાકિસ્તાની નથી. તેઓ ત્યાંના જ સ્થાનિક યુવાનો-યુવતીઓ છે જેમને ગેરમાર્ગે દોરીને તેમના હાથમાં બંદૂકો પકડાવી દેવામાં આવી છે. દંતેવાડા, સુકમા વગેરે. એવા સ્થળો છે કે જ્યાં આપણાં કેટલાય જવાનોને નકસલીવાદીઓએ ચારેબાજુથી ઘેરીને શહીદ કર્યા હોય.

નકસલીવાદીઓ જ્યાં છુપાઈને રહે છે એ વિસ્તાર કાંઇ જમીનની નીચે નથી. તેઓ જંગલમાં રહે છે, તેમને આધુનિક હથિયારો મળે છે, દારૂગોળો મળે છે,,અનાજપાણીનો પુરવઠો નિયમિત મળે છે અને સાથે સુરક્ષા જવાનોની હિલચાલની બાતમી સ્થાનિક બાતમીદારો દ્વારા નિયમિત મળતી હોવાથી તેઓ વર્ષોથી ટકી રહ્યાં છે અને ક્યારેય કોઇ સરકારોએ તેમનો કાયમ માટે ખાતમો બોલાવી દેવાનું વિચાર્યું નહીં હોય. કેમ કે જો એવી કાર્યવાહી કરી હોત તો નકસલવાદ ક્યારનોય ખતમ થઇ ગયો હોય. ક્યાંક એવુ તો નથી ને કે માફિયા-ગેંગસ્ટર અતિક અહમદની જેમ તેમનો રાજકીય ઉપયોગ થતો હોય...?

આ જ નકસલીઓએ સુકમામાં એક સાથે 25 જવાનોને શહીદ કર્યા ત્યારે હાહાકાર મચ્યો અને નકસલવાદીઓની હવે ખેર નથી...એવા સૂર સંભળાયા હતા. પણ કોઇ કડક કાર્યવાહી તે વખતે પણ ના થઇ અને હાલમાં જે 10 જવાનો શહીદ થયા તે પછી પણ એવી કેઇ કડક કાર્યવાહી તો નહીં જ થાય કે નકસલીઓના છુપા અડ્ડાને ચારેબાજુથી ટેન્કો વડે ગોળ ગોળ ઘેરી લેવાયું હોય, ઉપર ડ્રોન ફરી રહ્યાં હોય, તેની ઉપર ફાઇટર હેલિકોપ્ટર હુમલા માટે તૈયાર હોય અને જરૂર પડે તો રફાલ લડાકૂ વિમાન પણ તૈયાર રખાયા હોય અને ગણતરીના કલાકોમાં નકસલીઓ હતા નહતા થઇ ગયા હોય...!

કબૂલ કે નકસલવાદ એક સામાજિક સમસ્યા છે પણ હવે એવુ નહીં હોય. તેઓ આતંકીઓની જેમ જવાનોને હણી રહ્યાં છે. સરકારી સંપત્તિને લૂંટી રહ્યાં છે. જંગલમાં તેમના સુધી પહોંચવા રોડરસ્તા બનાવવા દેતા નથી. આ એ નકસલવાદીઓ નથી કે જે સમાજિક શોષણનો ભોગ બન્યા હોય. પણ હવે તે ભારતને ભારે પડી રહ્યાં હોય એવા હુમલાખોરો છે કે જે દેશવિરોધી છે.

તેમની પાસે આધિનિક દારૂગોળો, આધુનિક હથિયારો, નાણાંકિય સહાય અને વર્ષો સુધી જંગલમાં સુરક્ષિત રહી શકે એવો સધિયારો તેમને કોણ આપે છે..?! શું તે કોઇ ઓપન સિક્રેટ છે..?! જવાનોની શહાદતનો બદલો લેવા નકસલીઓ પર હુમલો થશે..કેટલાકને ઢાળી દેવાશે અને તેનો બદલો લેવા નકસલીઓ પછી ફરીથી જવાનોને શહીદ કરશે...?! શું આવુ જ ચાલ્યા કરશે...?! દંતેવાડા, સુકમા વગેરે. પર બાલાકોટની જેમ એરસ્ટ્રાઇક જરૂરી છે.....!

## ધર્મ


# બુદ્ધ જયંતિ: ગૌતમ બુદ્ધ ભગવાન શ્રી વિષ્ણુનો 9 મો અવતાર

### બુદ્ધ પૂર્ણિમા એ બૌદ્ધ ધર્મના અનુયાયીઓનો સૌથી મોટો તહેવાર

બુદ્ધ પૂર્ણિમા એ બૌદ્ધ તહેવાર છે જે ગૌતમ બુદ્ધના જન્મની ઉજવણી કરે છે. તેઓ બૌદ્ધ ધર્મના સ્થાપક હતા. તેમનું સાચું નામ સિદ્ધાર્થ ગૌતમ હતું અને તેમનો જન્મ નેપાળના લુમ્બિની માં થયો હતો.

બુદ્ધ પૂર્ણિમા એ બૌદ્ધ ધર્મના અનુયાયીઓનો સૌથી મોટો તહેવાર છે. તેને 'બુદ્ધ જયંતિ' તરીકે પણ ઓળખવામાં આવે છે. હિંદુ કેલેન્ડર મુજબ, બુદ્ધ પૂર્ણિમા વૈશાખ મહિનાની પૂર્ણિમા પર ઉજવવામાં આવે છે. તેથી જ તેને 'વૈશાખ પૂર્ણિમા' પણ કહેવામાં આવે છે. ગૌતમ બુદ્ધની જન્મજયંતિ છે. આ વર્ષે 5 મેના રોજ બુદ્ધ જયંતી ઉજવાશે.

ભગવાન બુદ્ધનો જન્મ, જ્ઞાનની અનુભૂતિ અને મહાપરિનિર્વાણ આ બધું એક જ દિવસે એટલે કે વૈશાખ પૂર્ણિમાએ થયું હતું. બુદ્ધ પૂર્ણિમા એ બૌદ્ધ ધર્મના અનુયાયીઓનો સૌથી મોટો તહેવાર છે. તેને 'બુદ્ધ જયંતિ' તરીકે પણ ઓળખવામાં આવે છે. હિન્દુ ધર્મ અનુસાર, ગૌતમ બુદ્ધ ભગવાન



શ્રી વિષ્ણુનો 9 મો અવતાર માનવામાં આવે છે.

ભારત સિવાય વિશ્વના ઘણા દેશોમાં બુદ્ધ જયંતી પુર્ણિમા ના દિવસે ઉજવવામાં આવે છે જેમ કે ચીન, નેપાળ, સિંગાપોર, વિયેટનામ, થાઈલેન્ડ, જાપાન, કંબોડિયા, મલેશિયા, શ્રીલંકા, મ્યાનમાર, ઈન્ડોનેશિયા વગેરે. બિહારમાં સ્થિત બોધ ગયાને બુદ્ધના અનુયાયીઓ સહિત હિન્દુઓ માટે એક પવિત્ર ધાર્મિક સ્થળ પણ માનવામાં આવે છે. કુશીનગરમાં બુદ્ધ પૂર્ણિમા નિમિત્તે લગભગ એક મહિના સુધી મેળો ભરાય છે.

વ્યભિચારી-મેલીવિદ્યા કરનારને અસહ્ય શારીરિક પીડા આપી વિકૃત આનંદ લેવાતો હતો..

# જ્યારે મધ્યકાલીન યુગમાં મહિલાઓને ક્રૂરમાં ક્રૂર સજાઓ ફટકારવામાં આવતી હતી...

**સજારૂપે વસ્ત્રહીન મહિલાના આખા શરીરમાથી લોહી નિકળે ત્યાં સુધી નખોરિયાં ભરાતા હતા**

સાપ્તાહિક ગુજરાત વંદન

સમગ્ર ઈતિહાસમાં, સ્ત્રીઓએ જે તે સમયે સજાનો સામનો કરવો પડ્યો છે જે હળવાથી આત્યંતિક સુધીની છે. આજે આપણે ભારત સહિત વિશ્વના મોટા ભાગના દેશોમાં સ્ત્રીઓની વર્તણૂક અને ભૂમિકાઓ ઉદાર છીએ. ભારત જેવા દેશમાં દિલ્હીની મેટ્રોમાં કોઇ યુવતી માત્ર બીકીની-ટુ પીસ વસ્ત્રો) પહેરીને જાહેરમાં મુસાફરી કરવાની હિંમત બતાવી શકે છે.પણ ઈતિહાસે મહિલાઓ માટે વધુ કઠોર નિયમો જાળવી રાખ્યા હોવાનું નોંધાયેલુ છે.

તે વખતે સમાજની મુખ્યધારાથી વિપરિત ચાલનાર મહિલાઓને સમાજમાં તેમની સ્થિતિની યાદ અપાવવા માટે ક્રૂર સજા આપવામાં આવતી હતી.

મેલીવિદ્યાનો આરોપ ધરાવતી સ્ત્રીઓ, ખ્રિસ્તી સમાજની સુવ્યવસ્થિતતાને ધમકી આપી હતી, વેશ્યાઓ અથવા વ્યભિચારીઓએ લગ્નની પવિત્રતાને પડકાર ફેંક્યો હતો. જો કે લિંગ આધારિત સજા માટેના ઘણા કારણો સુસંગત રહ્યા છે- મેલીવિદ્યા , વ્યભિચાર, સામાન્ય અવ્યવસ્થિત આચરણ- સમગ્ર ઈતિહાસમાં સજા અને યાતનાના સાધનો અલગ-અલગ હતા.

### ઠપકા માટેની વિચિત્ર સજા...

જો કે આજે કોઇને ઠપકો આપવો સાવ સામાન્ય સજા લાગે છે, 16મી અને 17મી સદીના ઈંગ્લેન્ડ અને સ્કોટલેન્ડમાં ઠપકો આપવો એ સજાનો એક પ્રકાર હતો..એ



મહિલાઓ કે જે ગપસપ અને નિંદાથી તેના પડોશની શાંતિને ખલેલ પહોંચાડી હતી. તેની નિંદાને કાબૂમાં લેવા માટે, સજાનું સાધન જન્મ્યું- ઠપકાની લગામ.

તે મહિલાઓ માટે એક સજા હતી જે સામાજિક ધોરણો માટે ખૂબ જ મોટી અને અસ્પષ્ટ સજામાનવામાં આવતી હતી. ઠપકોનો લગામ જેટલો અપમાનજનક હતો તેટલો જ પીડાદાયક હતો. એવી મહિલાને માસ્ક જેવું એક ઉપકરણ ઘણીવાર શિંગડાથી સજ્જ અને વિચિત્ર ચિત્રના અસ્વસ્થતાવાળા લક્ષણો સાથેનો માસ્ક, કે જેને ઠપકોનો લગામ કહેવાતુ હતું તે તેના માથે પહેરાવીને પહેરનારને ધાતુની એક તીક્ષ્ણ ગેંગ રાખવાની ફરજ પાડતો હતો જે તેની જીભને પકડી રાખતી હતી. એક રીતે તે પહેરનારના અવાજને શાબ્દિક રીતે શાંત કરી દેતી હતી. અન્ય શબ્દોમાં કહીએ જીભ પર લગામ કહી શકાય.

### શ્રુઝ ફિડલની સજા...

શ્રુ શબ્દ 16મી અને 17મી સદીના ઈંગ્લેન્ડમાં લોકપ્રિય થયો, અને તેનું નામ વિલિયમ શેક્સપીયરના નાટક ધ ટેમિંગ ઓફ ધ શ્રુ પરથી પણ આપવામાં આવ્યું હતું... એક ધૂર્ત, ઠપકાથી વિપરીત, એક ઉદ્ધત અને વર્ચસ્વ ધરાવતી સ્ત્રી હતી જે સમાજ દ્વારા તેને સોંપવામાં આવેલી ભૂમિકાઓ માટે પોતાની જાતને સોંપવાનો ઈન્કાર કરતી હતી. મધ્યયુગીન જર્મની અને ઑસ્ટ્રિયામાં, જો કોઈ મહિલા સમાજના નિતિ નિયમોની બહાર પડવાની હિંમત કરે, તો તેણીને 'શ્રુઝ ફિડલ' અથવા 'નેક વાયોલિન' પહેરાવવામાં આવતું હતું જેમાં જે સ્ત્રીની ગરદનની આસપાસ લૉક કરવામાં આવે છે તેના બે હાથના કાંડાને તેના ચહેરાની સામે લૉક કરી દેવામાં આવે છે.જેથી તેને ખાવું અથવા રાહત મેળવવી અશક્ય હતી. તેનો ઉપયોગ મધ્ય યુગમાં એવી સ્ત્રીઓને સજા કરવા માટે કરવામાં આવતો હતો જેઓ દલીલો કરવા, ઝઘડો કરવા અને/અથવા દરેકને હેરાન કરવા માટે ગપસપ કરવા માટે દોષિત ઠરતી હતી.ડેનમાર્ક, જાપાન અને ઈરાનમાં આવી સજા આપવામાં આવતી હતી. જર્મનીમાં પણ તેનો ઉપયોગ થયાની નોંધ છે.

### કકિંગ અને ડકિંગ સ્ટૂલ...



આ cucking અને ducking સ્ટૂલતેઓ અનુક્રમે 13મી સદી અને 17મી સદીમાં સજાના અંગ્રેજી વર્તુળોમાં દેખાયા હતા. માત્ર મહિલાઓ માટે આરક્ષિત ન હોવા છતાં, આ સ્ટૂલનો ઉપયોગ મેલીવિદ્યા, વેશ્યાવૃત્તિ અને સામાન્ય રીતે અવ્યવસ્થિત વર્તણૂકનો આરોપ ધરાવતી મહિલાઓ માટે ત્રાસના સાધનો તરીકે સૌથી વધુ પ્રખ્યાત હતો.

કૂકિંગ સ્ટૂલ એ ત્રાસ આપવાનું જાહેર સાધન હતું જે ખૂબ નજીકથી શૌચાલય જેવું હતું. તેના પહેરનારને કકીંગ સ્ટૂલ પર હાથ-પગ બાંધીને બેસવાની ફરજ પાડવામાં આવી હતી અને તેને શહેરમાંથી પરેડ કરવામાં આવતી હતી. અને ત્યારબાદ તેને નદી-તળાવમાં ડૂબકીઓ મરાવવામાં આવતી હતી. તો ક્યારેક ડૂબાડી દેવામાં આવતી હતી.

### શરાબીને બિયરનું પીપડું પહેરાવી દેવું




16મી અને 17મી સદીના ઈંગ્લેન્ડમાં શરાબીને જાહેર નશાની સજા તરીકે ઉપયોગ થતો હતો, જો કે તે અશ્લીલ સ્ત્રીઓ માટે પણ અપનાવવામાં આવ્યો હતો. શરાબીના ડગલાનું નામ તેના ઉપકરણની એકદમ સમૃદ્ધ છબી પ્રદાન કરે છે, જે લાકડાનું બેરલ છે- એક ખાલી બીયરનું પીપડુ છે-જેને શર્ટ તરીકે પહેરવામાં આવે છે, જેમાં ગરદન માટે એક છિદ્ર અને હાથ માટે બે છિદ્રો હોય છે. આ અતિ ભારે બેરલ દુ:ખદાયક તેમજ અપમાનજનક હતું; તેના પહેરનારાઓને તેમના વર્તનને શરમજનક અપમાન સાંભળીને નગરની શેરીઓમાં પરેડ કરવાની ફરજ પાડવામાં આવી હતી. લોકો તેને જોઇને તેની મશ્કરીઓ કરીને અપમાનિત કરતા હતા.

### રંગની નિશાનીઓ અને ટેટુ ચિતરાવવા

લેખક નેથેનિયલ હોથોર્નની બુક ધ સ્કારલેટ લેટર તેના નાયક હેસ્ટર પ્રિનને વ્યભિચાર માટે લાલ અક્ષર A સાથે તેના વર્તન અંગેના આક્ષેપો ફરતા થયા પછી પ્રખ્યાત રીતે ચિહ્નિત કરે છે. હોથોર્નનું પુસ્તક જો કે કાલ્પનિક કરતાં વધુ છેઃ વ્યભિચારીઓને તેમના અપરાધને ઓળખવા માટે તેમના કપડાને ચિહ્નિત કરવા માટે ખરેખર ફરજ પાડવામાં આવી હતી, જેમ કે હેસ્ટર પ્રિનના A અથવા 1658ના પ્લાયમાઉથ કોલોની કાયદા દ્વારા દર્શાવેલ AD શબ્દો.. આવી નિશાનીઓ જોઈને અન્ય લોકો જાહેરમાં તેની ઠઠ્ઠા મશ્કરીઓએ કરીને પરેશાન કરવાનો વિકૃત આનંદ લેતા હતા.

### સોંય ભોકવી અને નખોરિયા ભરાવવા


કુખ્યાત અંગ્રેજી અને સ્કોટિશ ચૂડેલ શિકારીઓની કસોટી તરીકે, મેલીવિદ્યાના આરોપી સ્ત્રીઓ તેમજ પુરુષો



માટે પ્રિકીંગ એ વધુ સૂક્ષ્મ, પરંતુ હજુ પણ પીડાદાયક, સજાનું સ્વરૂપ હતું . ડાકણોને વર્ગીકૃત કરવાના પ્રયાસમાં કે જેમની પાસે ચૂડેલના નિશાન ન હતા (સામાન્ય રીતે કદરૂપું ડાઘ અથવા છછુંદર), તેમના શરીરમાં ખાસ ડિઝાઈન કરેલી અણીયાળી સોય આવા ચૂડેલ શિકારીઓના હાથમાં આવી ગઈ હતી. આ સોય વારંવાર એ મહિલા કે પુરૂષના શરીરમાં ત્યાં સુધી ઘૂસાડવામાં આવતી કે જ્યાં સુધી તેના શરીરમાંથી માંસો લોચો બહાર ન કાઢે..!

બીજી એક ક્રૂર સજાની પધ્ધતિ એ હતી કે જેમાં એ સ્ત્રીને વસ્ત્રહિન કરીને તેના આખા શરીર પર અન્ય. એવા લોકો કે જેઓ સજા આપવા માંગે છે તે પોતાના લાંબા નખથી તેને શરીરની ચામડીમાં નખોરિયા લગાવીને જોર જોરથી ખંજવાળતા હતા....અને તે પણ ત્યાં સુધી કે જ્યાં સુધી તેની ચામડીમાં લોહી ન નિકળે...એની નિશાની વાળીને ચૂડેલ ઘોષિત કરી દેવામાં આવતી હતી.

### અંગવિચ્છેદનની સજા...



અંગવિચ્છેદનની સજા એટલે શરીરનું કોઇ અંગી કાપી નાંખીને ક્રૂરમાં ક્રૂર સજા આપવાની પધ્ધતિ. સ્વાભાવિક રીતે જ અંગવિચ્છેદન એ પીડાદાયક-અને સજારૂપે કાયમી અંગ ગુમાવવા સમાન હતી. લગભગ 3,000 વર્ષ પહેલાંની એક પ્રાચીન ચાઈનીઝ મહિલાનું શરીર - અંગવિચ્છેદન કરાયેલા પગ સાથે મળી આવ્યું છે, જો કે શરીરના અન્ય અંગો પરથી તે તંદુરસ્ત જણાય છે, અને તમામ ચિહ્નો યુ નામની પ્રાચીન ચીની સજા તરફ નિર્દેશ કરે છે, આ સજાનો ઉપયોગ છેતરપિંડી-ચોરી સહિત 500 થી

(અનુસંધાન પેજ નં.૬પર)

પુસ્તક પરિચય

▪ રિપલકુમાર પરીખ

# માનવતાવાદી માનવ : ચીનુભાઈ આર. શાહ

સાપ્તાહિક ગુજરાત વંદન

શ્રી ચીનુભાઈના વ્યક્તિત્વનાં ક્યાં પાસાંને બિરદાવું અને ક્યાં પાસાંને નહીં એની મારે મન દ્વિધા છે. એક તેજસ્વી વિદ્યાઉપાસક, એક કાબિલ પ્રબંધક, કોઠાસૂઝ ધરાવતા વ્યવસાયી અને ઉદ્યોગજગતના અગ્રણી, વિવિધ ક્ષેત્રે ઉદાર સખાવત આપતા દાતા, માનવમાત્રના હૂંફાળા શુભચિંતક, સંબંધની શાનને સમજનારો ઝીન્દાદિલ માનવી, 'નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન'ના આદર્શને વરેલો કર્મયોગી. નિર્ભયતા, નિખાલસતા અને નિર્મળતાનો અપૂર્વ સંગમ. મૈત્રીભાવનો સમર્પણશીલ સંત્રી, પ્રેમાળ, આધિ-વ્યાધિ-ઉપાધિ વચ્ચે અણનમ રહેનાર જીવનયાત્રી!'


– શ્રી ત્રિલોકભાઈ પરીખ, ચેરમેન - ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન, અમદાવાદ.

વર્ષ ૧૯૩૭, જ્યાં આખાં દેશમાં ગાંધીજી દ્વારા આઝાદી આંદોલન ચાલી રહ્યું હતું, તેવાં સમયે ઉત્તર ગુજરાતનું વહાલસોયુ ગામ કડી પણ તેમાં સામેલ હતું. નાનકડું કડી ગામ જ્યાં આઝાદીનાં રંગે રંગાયેલુ હતું ત્યારે ચાર જૂન, ૧૯૩૭નો એ દિવસ, જ્યારે આ નાનકડાં ગામ કડીમાં એક તેજસ્વી બાળકનો જન્મ થયો, કોને ખબર હતી કે કડીનો આ બાળક પોતાનાં જીવનમાં એટલી બધી સફળતા મેળવશે કે તે કડીનું, તેનાં સમાજનું, ગુજરાતનું અને ભારત દેશનું ગૌરવ બનશે. હું અહીં વાત કરું છું માનવતાવાદી માનવ, સંવેદનશીલ વ્યક્તિ, મેનેજમેન્ટનાં પર્યાય, ગુજરાતી શાણપણનું ગુરુશિખર, કોર્પોરેટ વિશ્વનો તેજસ્વી તારલો, એક વૈશ્વિક લિડર અને મોટીવેટર સ્વ. શ્રી ચીનુભાઈ આર. શાહની.

એક્યાસી વર્ષનું સુદીર્ઘ અને નિરોગી આયુષ્ય ભોગવી, માનવતાનાં ઉચ્ચ શિખરો સર કરી, સિદ્ધિ - સદ્બુદ્ધિ અને સંવેદનાની સુંદર સફરનાં યાત્રી એવાં હંમેશાં સૌને મદદરૂપ થનાર આદર્શ વ્યક્તિ, સર્વગુણસંપન્ન સ્વ. ચીનુભાઈ આર. શાહની જીવનગાથા રુપી એક પ્રેરણાદાયી પુસ્તકની આજે વાત કરવી છે, જેનું નામ છે, ' સંવેદના અને સિદ્ધિ'.

'સંવેદના અને સિદ્ધિ', સ્વ. ચીનુભાઈ આર. શાહની જીવન સફર વર્ણવતાં આ પુસ્તકનાં લેખકો પણ એટલાં જ સકારાત્મક છે, શ્રીમતી અનિતા તન્ના અને શ્રી રમેશ તન્ના. શ્રીમતી અનિતા તન્ના અને શ્રી રમેશ તન્નાએ, શ્રી ચીનુભાઈ આર. શાહ અભિવાદન સમિતિએ નક્કી કર્યું તે મુજબ ખૂબ જ જહેમત ઉઠાવીને, શ્રી ચીનુભાઈના જીવનનું જન્મથી માંડીને નિવૃત્તિ સુધીનાં જીવન વૃતાંતને ખૂબ જ સંશોધનપૂર્વક આપણી સામે મૂક્યું છે. જ્યારે પણ આપણને પ્રેરણાની જરૂર પડે ત્યારે કોઈ મોટીવેશનલ સ્પીકરનાં લેક્ચર કે વિડિયો જોવાં કરતાં, આ પુસ્તકનું વાંચન દરેક વયની વ્યક્તિનાં જીવનમાં નવો ઉત્સાહ, નવો જુસ્સો ભરશે તે નક્કી છે.

ભગવાનને પ્રાર્થના કરતાં શ્રી ચીનુભાઈ કહેતાં, ''હે પ્રભુ, તું મને એવી શક્તિ આપ કે હું સહુને મદદરૂપ થઈ શકું અને એવી સદ્બુદ્ધિ આપ કે




કોઈનાય માર્ગમાં નડતરરૂપ ન બનું.'' આવાં મહાન વિચારોનાં ધનવાન શ્રી ચીનુભાઈ પર પુસ્તકોનો અને વ્યક્તિવિશેષનો ખૂબ પ્રભાવ હતો. જ્યાં કૉલેજમાં ચીનુભાઈ, ક.મા.મુનશી અને ર.વ.દેસાઈનાં પુસ્તકોથી પ્રભાવિત હતાં, ત્યારબાદ અનુસ્નાતક અભ્યાસ દરમિયાન તેમણે સમરસેટ મોમ, પર્લ બક, બટ્રૉન્ડ રસેલ તથા વિલ ડુરાનાં પુસ્તકો વાંચ્યાં હતાં. ભારતીય સંસ્કૃતિ અને ઈતિહાસ તેમનાં પ્રિય વિષયો હતાં, તેથી તેમણે એ.બી. પાંડે, એ. એસ. અલટેકર, રાધાકૃષ્ણ, આનંદશંકર ધ્રુવ તથા બીજાં અનેક લેખકોનાં પુસ્તકોનો અભ્યાસ કર્યો હતો. 'સત્યના પ્રયોગો' તેમનું પસંદગીનું પુસ્તક હતું. આ ઉપરાંત તેમણે કાયદાનાં પણ અનેક પુસ્તકોનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો હતો.

જીવનનાં દરેક ક્ષેત્રમાં તેમણે તેમનું આગવું પ્રદાન કર્યું છે. જ્યાં એક બિઝનેસમેન તરીકે તેમણે અનેક કોર્પોરેટ સંસ્થાઓમાં પ્રમુખ તરીકે સેવા આપી હતી. આઈ. એ. એસ. ઉપરાંત ગુજરાત સમાચારનાં કૉલમિષ્ટ, અંબિકા મિલ્સનાં એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશનનાં પ્રમુખ, આઈ. ટી.સી. કંપનીમાં કંપની સેક્રેટરી તથા ઉપપ્રમુખ, IIM-A નાં બોર્ડ ઑફ ગવર્નર્સ, 'જીટકો'માં મેનેજિંગ ડિરેક્ટર, ઓલ ઈન્ડિયા મેનેજમેન્ટ એસોસિયેશનનાં પ્રમુખ, કેન્દ્ર સરકારનાં નાણાં મંત્રાલય ખાતે ' ટેક્સ એડવાઈઝરી કમિટી'ના સભ્ય, 'ગીસા' અને 'સેબી' માં પ્રભાવશાળી ભૂમિકા, બી.કે. સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટનાં એડવાઝરી બોર્ડનાં સભ્ય, ટોરેન્ટ ગ્રુપનાં ડાયરેક્ટર, ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનાં ચેરમેન, નિરમામાં ડાયરેક્ટર, ઉપરાંત તેમણે અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સેમિનારોમાં વક્તવ્યો પણ આપ્યાં હતાં. અનેક એવોર્ડ્સ અને સન્માનો પ્રાપ્ત કરનાર શ્રી ચીનુભાઈનું વ્યક્તિત્વ એટલું પ્રભાવશાળી અને પ્રેરણાદાયી રહ્યું છે કે, કદાચ આ એક પુસ્તક તેમની જીવનગાથા આલેખવા માટે ઓછું પડે છે.

સરળતા, સહજતા અને સૌમ્યતા હંમેશાં તેમનાં મુખારવિંદ પર રહેતી. જે આ પુસ્તકનાં મુખપૃષ્ઠ પરથી પણ જાણી શકાય છે. સાલસ સ્વભાવનાં શ્રી ચીનુભાઈને ધર્મ અને અધ્યાત્મ પ્રત્યે પણ ઘણી રુચી હતી. તેમણે યુવાન વયે જગતનાં ધર્મો પર પુસ્તક લખ્યું હતું, તે માટે તેમણે વિશ્વનાં સર્વ ધર્મોનાં મૂળભૂત સિદ્ધાંતોનો પણ અભ્યાસ કર્યો હતો. જન્મે વૈષ્ણવ એવાં શ્રી ચીનુભાઈને મન, 'ધર્મ એટલે સદાચાર/સદ્વર્તનનો નિયમ'. શ્રી ચીનુભાઈની ફિલસૂફી હતી કે, 'જીવનમાં સારું આચરણ કરવું જોઈએ, શક્ય હોય ત્યાં સુધી કોઈને દુ:ખ પહોંચે તેવું વર્તન ન કરવું જોઈએ, પ્રામાણિકતાથી દરેક કાર્ય કરવું જોઈએ, નીતિમત્તાનાં મૂલ્યો જાળવવા એ જ સાચો ધર્મ છે.' શ્રી ચીનુભાઈ પોતે આ રસ્તે ચાલ્યાં હતાં અને સફળતાનાં શિખરો સર કર્યાં હતાં.

શ્રી પ્રવીણ કે. લહેરી, શ્રી કુમારપાળ દેસાઈ, શ્રી ત્રિલોકભાઈ પરીખ, શ્રી ગિરીશભાઈ દાણી, શ્રી રાકેશભાઈ શાહ, શ્રી નટુભાઈ પટેલ, શ્રી પ્રદીપ ખાંડવાળા, શ્રી નિતીન શુક્લ, શ્રી સમીર પટેલ, શ્રી શુભાંગ મદનમોહન દ્વારા રચિત શ્રી ચીનુભાઈ આર. શાહ અભિવાદન સમિતિએ આ ૩૫૪ પાનાંનું આ દળદાર પ્રકાશિત કર્યું છે. પુસ્તકમાં શ્રી ચીનુભાઈનું વ્યક્તિત્વ ખૂબ વિરાટ રીતે ઉપસીને આવ્યું છે. સુંદર મુખપૃષ્ઠ, આકર્ષક તસવીરો, નયનરમ્ય છાપકામ અને આકર્ષક બાઈન્ડિન્ગ દ્વારા આ પુસ્તક ખૂબ જ અદ્ભુત બન્યું છે. શ્રી ચીનુભાઈનાં જીવનનાં દરેક પાસાંને અહીં વિશિષ્ટ રીતે વર્ણવવામાં આવ્યા છે. વાચકને આ પુસ્તક વાંચ્યા બાદ એક દિવ્ય આત્માની અદ્ભુત સફરની આ યાત્રા જાણીને ચોક્કસ દિવ્યતાનો અનુભવ થશે, જીવનમાં પ્રેરણા મળશે. પ્રકાશક શ્રી અહીં લખે છે, 'એક મ્હોરેલા વિકસિત વ્યક્તિત્વની ચોતરફ પ્રસરેલી સુવાસની આ મનભર ચરિત્ર-કથા છે. જીવનમાં અથાગ પરિશ્રમ કરીને સિદ્ધિના શિખરે પહોંચવા છતાં ભારોભાર નમ્રતા અને સૌજન્ય ધરાવતા શ્રી ચીનુભાઈ શાહની જીવનસફરની જાણકારી મળે એવી અમને સહુને ઈચ્છા જાગી અને એને પરિણામે અમે 'સંવેદના અને સિદ્ધિ' ગ્રંથ તૈયાર કરી શક્યા. સૌ

(અનુસંધાન પેજ નં.૬પર)

## રસદર્શન

# રૂટીન બ્રેક કરવા દૃષ્ટિ કેળવવી પડે... અને આપણે તેને નજરઅંદાજ કરીએ છીએ !

સાપ્તાહિક ગુજરાત વંદન

ખીલ્યું નવું જ ફૂલ

-તુષાર શુક્લ

રૂટીન બ્રેક કરવા દ્રષ્ટિ કેળવવી પડે, આ સમય છે ૪૧ દિવસનો, અનાયાસે સામ્ય કેળવી શકાય તેવું આ અછાંદસ, સવાર પડવી, છાપું વાંચવું, કોફી પીવી ( ડાયાબિટીક), રૂટિન કરવું, જરૂરી વસ્તુઓ ને નહીં ભૂલવી... વિગેરે અનેક બીબાઢાળ ક્રિયાઓ....

પ્રતીકાત્મક ક્રિયા પ્રતિક્રિયાવાદ પર આપણે સૌ આપણા રોજિંદા કાર્યો માટે પ્રક્રિયા મોડેલની વિટંબણાથી દિવસ ની શરૂઆત કરીએ છીએ.

આપણું routine મોડેલ એક્ટીવીટીવ પરિપ્રેક્ષ્યને વિસ્તૃત કરતું અટકાવે છે કે કેવી રીતે રૂટિન, સામૂહિક મોનોટોનસ માનસથી અંદર ગૂંગળામણ થતી આવે છે.

કવિતામાં ખૂબ જ સુંદર રીતે રોજિંદા જીવનમાં કેવી રીતે મોનોટોનસ જિંદગી થઇ જાય છે તેનું તાદૃશ્ય ચિત્ર રજૂ કર્યું છે.

કવિ સુંદર રીતે નિર્દેશ કરે છે ,

નવું જ શર્ટ પહેર્યું છે આજે .

કેવું લાગે છે એ જોવા હવે દર્પણમાં જોઉં છું.તારી આંખ તો છે કુકર પર ઉંચી નીચી થતી સીટી ઉપર.

આજે તો નાયકે નવું શર્ટ પહેર્યું છે અને કોઇ પણ જ્યારે નવી વસ્તુ હોય ત્યારે તેને ધારણ કરનાર ને એવું થાય કે તેનું પ્રિય પાત્ર તેને પ્રથમ જુવે, અને પોતે પણ એ નવું શર્ટ અરીસામાં જોઈ કન્ફર્મ કરવા માંગે છે કે કેવું લાગે છે અને એક નિર્દેશ પણ કરે છે કે તેનું પ્રિય પાત્ર તેને નવા શર્ટ માં જુવે, પણ પ્રિય પાત્ર પાસે સમય ક્યાં છે રોજિંદી ઘટમાળમાં કુકરની સીટી વાગી કે નહીં, કે વાગશે તે જોવામાં પ્રિય પાત્ર વ્યસ્ત છે,



કેટલું બીબાઢાળ જીવન ! યંત્રવત ચાલતી ઘડિયાળના કાંટે આ જિંદગીને નિયત કરેલી ઘટનાઓ સિવાય બીજા ક્યાં કશામાં રસ છે ?

"મારી પાસે અન્ય કઈ પસંદગી છે?"

આગળ કવિ એમ પણ કહે છે

વેરાયા છે ગઈ કાલે ખેલાયેલી ધુળેટીના રંગો..

ગઈકાલે તહેવાર હતો રંગોનો તહેવાર અને એ પણ રૂટીન! ધુળેટી રમ્યા અને જે રંગો વેરાયા હતા તે પણ ભુલાઈ ગયા છે.

કવિ છેલ્લે એકજ નિર્દેશ કરે છે

કુંડામાં એક નવું ફુલ ઉગ્યું છે ,

રૂપકાત્મક દૃષ્ટિને આહવાન કરે છે કે તો બદલાવને જોવાની શક્તિ કેળવ,

કવિએ એક નવું ફૂલ ઊગ્યું છે કહીને ખુબ જ સુંદર ધારદાર સંદેશો આપ્યો છે , આવી નજાકતભરી ઘટના આપણી આસપાસ કેટલી બધી બનતી રહે છે અને આપણે તેને નજરઅંદાજ કરીએ છીએ !

-હરીશ શાહ

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

### જ્યારે હાઈકોર્ટ જજે કહ્યું: 'રાહુલ ગાંધી માનહાનિ કેસ મારી સામે નહીં...'

# જસ્ટિસ ગીતા ગોપી 13 વર્ષ પાર્ટ-ટાઈમ લેક્ચરર તરીકે રહી ચુક્યા છે...

## જસ્ટિસ ગોપીએ 1993માં નવસારીની કોર્ટમાં એડવોકેટ તરીકે પ્રેક્ટિસ શરૂ કરી હતી

ગુજરાત | વંદન

ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ ગીતા ગોપીએ રાહુલ ગાંધીના કેસની સુનાવણીમાંથી પોતાને અલગ કરી લીધા છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના માનહાની કેસમાં મેજિસ્ટ્રેટ કોર્ટના નિર્ણયને હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો.

26 એપ્રિલે ગુજરાત હાઈકોર્ટમાં જસ્ટિસ ગીતા ગોપીની કોર્ટમાં રાહુલ ગાંધીના કેસનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમણે થોડીવાર વાત સાંભળી. એ પછી કહ્યું- મારી સામે નહીં અને રાહુલ ગાંધીના વકીલને સૂચન કર્યું કે, આ મામલો ફરીથી હાઈકોર્ટના એક્ટિંગ ચીફ જસ્ટિસ સમક્ષ રજૂ કરે જેથી કરીને તેને અન્ય કોઈ બેન્ચને સોંપી શકાય.

રાહુલ ગાંધીના વકીલ ચાંપાનેરીએ કહ્યું કે, હવે તે આ મામલાને હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ સમક્ષ ફરીથી રજૂ કરશે, જેથી તેને અન્ય બેંચને સોંપવામાં આવે.જસ્ટિસ ગીતા ગોપી મૂળ ગુજરાતના છે. ગુજરાતના નવસારીમાં 24 માર્ચ 1966ના રોજ જન્મેલા જસ્ટિસ ગીતા ગોપી કોમર્સ ગ્રેજ્યુએટ છે. તેઓ સુરતની પ્રખ્યાત સર કેપી કોલેજમાંથી સ્નાતક થયા છે. આ પછી તેમણે નવસારીની દિનશા ડબ્બુ લો કોલેજમાંથી કાયદાની ડિગ્રી મેળવી.

ગુજરાત હાઈકોર્ટની વેબસાઈટ પર આપેલી વિગતો મુજબ, જસ્ટિસ ગોપીએ વર્ષ 1993માં નવસારીની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાંથી એડવોકેટ તરીકે પ્રેક્ટિસ શરૂ કરી હતી. તેમણે એડવોકેટ કે.પી. દેસાઈ સાથે તેમની પ્રેક્ટિસ શરૂ કરી હતી.

જસ્ટિસ ગોપી 24 નવેમ્બર 2008 ડિસ્ટ્રિક્ટ જજ કેડરથી જ્યુડિસરીમાં આવ્યા અને અનેક ક્રિમિનલી અને સિવિલ મામલાઓ સંભાળી ચુક્યા છે. તેઓ સીબીઆઈથી લઈને પોટા કોર્ટમાં વિશેષ ન્યાયાધીશ રહી ચૂક્યા છે. ગોપી વર્ષ 2014માં ગુજરાત હાઈકોર્ટના રજિસ્ટ્રાર પણ રહી ચૂક્યા છે.

જસ્ટિસ ગીતા ગોપીની 3 માર્ચ 2020ના રોજ ગુજરાત હાઈકોર્ટના જજ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. જસ્ટિસ ગોપીને વાંચવામાં પણ રસ છે. દિનશા ડબ્બુ લો કોલેજ, જ્યાં તેમણે કાયદાનો અભ્યાસ કર્યો હતો, ત્યાં લગભગ 13 વર્ષથી પાર્ટ-ટાઈમ લેક્ચરર પણ રહી ચુક્યા છે. રાહુલ ગાંધીએ આ સજાને સત્ર ન્યાયાલયમાં પડકાર્યો હતો, પરંતુ ત્યાં પણ તેમને રાહત ન મળી. 20 એપ્રિલે સત્ર ન્યાયાલયે તેમની અરજી ફગાવી દીધી. ત્યારબાદ કોંગ્રેસ નેતાએ હાઈકોર્ટમાં અરજી કરી.



### શું છે રાહુલ ગાંધીનો કેસ?

23 માર્ચે, રાહુલ ગાંધીને મોદીની અટક અંગેની ટિપ્પણી બદલ સુરત કોર્ટે દોષિત ઠેરવ્યા અને 2 વર્ષની જેલની સજા ફટકારી. ભાજપના ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ તેમની સામે માનહાની કેસ દાખલ કર્યો હતો. આ સજા બાદ રાહુલ ગાંધીએ તેમનું સાંસદ પદ ગુમાવ્યું હતુ. રાહુલ વિરુદ્ધ આઈપીસીની કલમ 499 અને 500 હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

## તરસ્યો ગજરાજ... અલ્યા કોઈ પાણી તો પીવડાવો...!



અમદાવાદમાં માવઠાની વચ્ચે ભીષણ ગરમી કે ભીષણ ગરમીની વચ્ચે માવઠો પડી રહ્યો છે કે કેમ, એવા ઈંગ્લિશ વેધરની વચ્ચે જગન્નાથ મંદિરની બાજુમાંથી પ્રસાર થતા એક ગજરાજને ખરા બપોરે તરસ લાગી...અને કેમ ન લાગે... આખરે એ પણ પ્રાણી છે... જોકે શ્વાન વગેરે પ્રાણીઓ કરતા ગજરાજને પાણી પણ વધારે જોઈએ અને તેથી જ રસ્તામાં એક ઘરની બહાર પાણી ભરેલુ પીપડુ દેખાયું કે તરત જ ગજરાજે સુંઢ લાંબી કરીને પોતાની તરસ છિપાવી તે વખતે મહાવત પણ જગરાજને પાણી પીતા જોઈ રહ્યો હોય તેમ તસ્વીરી ઝલકમાં જોવા મળે છે.

તસવીર: મૌર્ય ભાગ્યવાન

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
આવનાર સપ્તાહે ફોન અને ઈમેલ દ્વારા કોઈ સારા સમાચાર મળી શકે છે. જેના કારણે તમે ખૂબ જ સકારાત્મક અને ઊર્જાવાન અનુભવ કરશો. સમાધાન માટે કરેલા પ્રયાસો પણ સફળ થશે. ઉતાવળ અને જોશમાં કોઈ નિર્ણય ન લો, શુભેચ્છકોની સલાહ અવશ્ય અનુસરો.

**વૃષભ** (બ.વ.ઉ)
આગામી અઠવાડિયે કોઈ અનુભવી વ્યક્તિ સાથે વાતચીત થશે અને સકારાત્મક વિચારોની આપ-લે થશે. નાણાં સંબંધિત કોઈ મહત્વપૂર્ણ નિર્ણયના હકારાત્મક પરિણામો આગળ આવશે તમારા જીવનમાં અને વિચારવાની શૈલીમાં સકારાત્મક ફેરફારો આવશે.

**મિથુન** (ક.છ.ઘ)
ઉત્તમ ગ્રહોની સ્થિતિ રહેશે, માત્ર અન્ય લોકોની ભૂલો પર ધ્યાન કેન્દ્રિત કરવાના બદલે તમારી ક્રિયાઓ પર ધ્યાન કેન્દ્રિત કરો. બાળકોનું વેકેશ હોવાથી તેમની સાથે થોડો સમય વિતાવો અને તેમને માર્ગદર્શન આપો. અંગત વ્યસ્તતાને કારણે કાર્યસ્થળ પર સમય આપી શકશો નહીં.

**કર્ક** (ડ.હ)
તમારી જાતનું અવલોકન કરતા રહો, વિદ્યાર્થીઓ અભ્યાસમાં વધુ ધ્યાન આપશે.તમારે તમારી જાતને પર્યાવરણ પ્રમાણે ઘડવાનું પણ શીખવું જોઈએ. વધુ જિદ્દી હોવું પણ સારું નથી. યુવાનોએ તેમના ભવિષ્ય માટે જાગૃત રહેવું જોઈએ, વેપારની દૃષ્ટિએ સમય સારો ચાલી રહ્યો છે.

**સિંહ** (મ.ટ)
આ અઠવાડિયે તમારા અંગત કામમાં વધુ ધ્યાન આપો. સમસ્યાઓમાંથી રાહત મળશે.બિઝનેસમાં ઉથલપાથલ અને આર્થિક મંદીના કારણે પારિવારિક સમસ્યાઓ સભ્યોના ખર્ચમાં કાપ મૂકવો પડી શકે છે. ધંધાકીય પ્રવૃત્તિઓમાં સ્થિતિ એવી જ રહેશે. જાહેર સંબંધોને મજબૂત બનાવો.

**કન્યા** (પ.ઠ.ણ)
ઉત્તમ ગ્રહોની સ્થિતિ રહેશે, ફક્ત તમારી પ્રતિભા અને ક્ષમતા ઓળખવાની જરૂર છે. તમારા ચોક્કસ કાર્ય માટે તેનો ઉપયોગ કરો, કામકાજમાં પણ વ્યસ્તતા રહેશે. બજેટને અવગણશો નહીં, જો કે ખર્ચ અકબંધ રહેશે. આરોગ્ય સંબંધિત સમસ્યાઓ હશે, પરંતુ તમારો આત્મવિશ્વાસ તમને ઉર્જાવાન બનાવશે.

**તુલા** (ર.ત)
દિવસભર અનેક કાર્યોમાં વ્યસ્તતા રહેશે, સફાઈ અને સુધારણા કાર્યમાં તમારું યોગદાન રહેશે. પરિવારના સભ્યો સાથે મનોરંજક વાતચીત થશે. કોઈપણ પ્રવૃત્તિ શરૂ કરતા પહેલા યોગ્ય માહિતી મેળવો. અનુભવ અને ઉણપથી નુકસાન થઈ શકે છે. તમે કાર્ય ક્ષમતા સાથે પણ પૂર્ણ કરશે.

**વૃશ્ચિક** (ન.ય)
દિવસની શરૂઆત ખૂબ જ સુખદ રહેશે. કોઈપણ રાજકીય અથવા કોઈ પ્રભાવશાળી વ્યક્તિ દ્વારા કોઈ મહત્વપૂર્ણ સિદ્ધિ પણ મેળવી શકો છો. કોઈપણ વિવાદિત પરિસ્થિતિમાં હસ્તક્ષેપ તમને મુશ્કેલીમાં મૂકશે. તમારા કામમાં વ્યસ્ત રહેવું સારું રહેશે.

**ધન** (ભ.ધ.ફ)
વ્યસ્તતા વચ્ચે તમારી મનપસંદ પ્રવૃત્તિઓમાં થોડો સમય કાઢો, આમ કરવાથી તમે ઉર્જાવાન અને હળવાશ અનુભવશો. સંબંધીઓ સાથે ફોન કોલ્સ સાથે સતત વાતચીત થશે. ભાઈ-બહેનો સાથે સુમેળ જાળવવા માટે તમારો વિશેષ પ્રયાસ જરૂરી છે.

**મકર** (ખ.જ)
બીજાના સહયોગની અપેક્ષા રાખ્યા વિના તમારી કાર્ય ક્ષમતામાં વિશ્વાસ રાખી શાંત રહો અને ઉતાવળને બદલે શાંતિપૂર્ણ રીતે કામ પતાવવાનો પ્રયાસ કરો. નકારાત્મક વલણ ધરાવતા લોકો તરફથી દખલગીરી રહેશે. જેના કારણે તમારા ચાલી રહેલા કાર્યોમાં વિક્ષેપ પણ આવી શકે છે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી સમસ્યાનો ઉકેલ મળવાનો છે. નવા લોકો સાથે સંપર્ક સ્થાપિત થશે અને આ સંપર્ક પણ ઘણો લાભદાયી રહેશે. તમારી જાતને સમય અનુસાર ઘડવાનો પ્રયાસ કરો. વ્યવસાયિક કાર્યોમાં થોડી અડચણો આવશે. પરિવારમાં સુખ-શાંતિ જળવાઈ રહેશે.

**મીન** (દ.ચ.ઝ)
દરેક કામમાં વ્યવસ્થિત રહેવાથી તમને શારીરિક અને માનસિક રીતે આરામ મળશે. તમારા અંગત જીવનમાં નકામી વસ્તુઓ ન આવવા દો. તમારી કાર્યક્ષમતા અને ક્ષમતાના કારણે સફળતા તમારી સામે આવશે. અને તમને શ્રેષ્ઠ સિદ્ધિ મળશે. તમારા પરિવાર અને બાળકો માટે પણ વ્યસ્ત દિનચર્યામાં થોડો સમય કાઢો,કામના વધુ પડતા ભારને કારણે થાક અને તણાવ રહી શકે છે.

### દીવમાં રિસોર્ટ બૂક કરાવવાનું મોંઘું પડ્યું

# ઓનલાઈન રિસોર્ટ બૂક કરાવવા જતાં ખાનગી કંપનીના મેનેજરે ₹ 3 લાખ ગુમાવ્યાં

ગુજરાત | વંદન

શહેરની ખાનગી કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા વ્યક્તિને દીવમાં રિસોર્ટ બૂક કરાવવાનું મોંઘું પડ્યું છે, ઓનલાઈન સર્ચ કરીને નંબર મેળવનારા અમદાવાદના વ્યક્તિએ એક પછી એક ટ્રાન્ઝેક્શન કરીને રૂપિયા ૩ લાખ ગુમાવવા પડ્યા છે. આ અંગે તેમને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જ્ઞાન થતા બોપલ પોલીસને ફરિયાદ નોંધાવી છે.

પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે. ફરી એકવાર ગૂગલ પરથી નંબર મેળવીને રિસોર્ટ બૂકિંગ કરાવવાની બાબતે ફરિયાદ





છેતરપિંડીની ઘટના બની છે. આ વખતે સત્યમ ખરે નામના ખાનગી કંપનીમાં ફરજ બજવતા મેનેજર સાથે છેતરપિંડીની ઘટના બની છે. તેમણે દીવ ફરવા જવા માટે રિસોર્ટનું બૂકિંગ કરાવવા માટે બે દિવસમાં ૧૦,૮૦૦ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા.

જોકે, આમ છતાં રિસોર્ટમાં તેમનું બૂકિંગ થયું ના હોવાની વિગતો મળતા તેમને ડબલ રૂપિયા ટ્રાન્સફર કરવા માટે ગઠીયા ટોળકી દ્વારા જણાવવામાં આવ્યું હતું. આમ સત્યમ ખરેએ પોતાના રૂપિયા પરત મેળવવા માટે એક પછી એક ટ્રાન્ઝેક્શન કરીને ૩.૦૫ લાખ રૂપિયા મોકલ્યા હતા.

અંતે તેમને પોતાના રૂપિયા પરત મેળવવામાં લાખો રૂપિયા ટ્રાન્સફર કરી દીધા છે અને તેમની સાથે છેતરપિંડી થઈ રહી હોવાનું માલુમ પડતા સત્યમ ખરેએ આ અંગે બોપલ પોલીસ સ્ટેશનને જાણ કરી હતી. બોપલ પોલીસે રિસોર્ટ બુકિંગના નામે ૩ લાખથી વધારે રૂપિયા ગુમાવ્યા મામલે ફરિયાદ નોંધીને વધુ તપાસ કરી છે.

# અમદાવાદી યુવકને ફેસબુક પર અજાણી સ્વરૂપવાન યુવતી જોડે મિત્રતા પડી મોંઘી



### » યુવતીએ ન્યૂડ વીડિયો રેકોર્ડ કરી યુવકને ધમકી આપી પડાવી લીધા એક લાખ રૂપિયા...

ગુજરાત | વંદન

અમદાવાદના બોપલમાં રહેતા યુવકને ફેસબુક પર રૂપાળી અને અજાણી યુવતીની ફ્રેન્ડ રિક્વેસ્ટ જોઈને તરત સ્વીકારી લીધા બાદ એક લાખ રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે. મીઠી મીઠી વાતો કરી યુવતીએ યુવકનો ન્યૂડ વીડિયો બનાવીને રૂપિયા નહીં આપે તો વાઈરલ કરી દેવાની ધમકી આપી એક લાખ રૂપાયા પડાવી લીધા. આ અંગે બોપલ પોલીસ સ્ટેશનમાં અજાણી યુવતી સહિત ટોળકી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

અમદાવાદનાં શીલજમાં રહેતા વિરાજે બોપલ પોલીસ સ્ટેશનમાં અજાણી યુવતી સહિત ટોળકી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. વિરાજ ઈન્ટિરિઅલ ડિઝાઈનિંગનું કામકાજ કરે છે. થોડા દિવસ પહેલાં વિરાજને ફેસબુકમાં એક પાયલ શર્મા નામની યુવતીએ ફ્રેન્ડ રિકવેસ્ટ મોકલી હતી.

આ રિકવેસ્ટ વિરાજે એક્સેપ્ટ કરી અને પછી બંને વાત કરવા લાગ્યા ધીરે ધીરે કરતાં પાયલે વિરાજનો એટલો બધો વિશ્વાસ જીતી લીધો કે, આ વિરાજ તેના પર આંખ બંધ કરી વિશ્વાસ કરવા લાગ્યો. આ બાદ વિરાજે પાયલને વોટ્સએપ નંબર આપ્યો જે પછી બંને વોટ્સએપ પર વાતો કરવા લાગ્યા. પાયલે વિરાજને કહ્યું રાતે વિડીયો કોલ કરજે. પાયલે વિરાજનો ન્યૂડ વીડિયો રેકોર્ડ કરી દીધો હતો અને ફક્ત 10 સેકેંડમાં જ વીડિયો કોલ કટ કરી નાખ્યો હતો. વીડિયો કોલ પૂરો થયા બાદ પાયલે વિરાજને ન્યૂડ વીડિયો મોકલ્યો હતો.

આ તરફ વીડિયો કોલ પૂરો થયા બાદ પાયલ વિરાજને બ્લેકમેઈલ કરવા લાગી અને આ વીડિયો તે સોશિયલ મીડિયા પર ફરતો કરી દેશે તેવી ધમકી આપવા લાગી અને રૂપિયાની માગ કરવા લાગી હતી. વિરાજે પાયલને ટુકડે ટુકડે રૂપિયા આપ્યા હતા. વિરાજે કહ્યું હતું કે, તારો વીડિયો અન્ય મિત્રોને મોકલીશ તેમ કહીને ફરી રૂપિયા માગ્યા હતા. વિરાજે યુવતીની જાળમાં ફસાઈને એક લાખ રૂપિયા પાયલ અને તેના સાગરીતોને આપી દીધા હતા.

વિગતો મુજબ આટલા રૂપિયા આપવા છતાં પાયલ વિરાજને ફરીથી કોલ કરી રૂપિયાની વધુ માગ કરતી હતી. આથી વિરાજે તરત જ બોપલ પોલીસ સ્ટેશનમાં પાયલ અને તેના સાગરીતો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ત્યાર બાદ પોલીસ તરત જ એક્શન મોડમાં આવી ગઈ હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# સંતાનને સમય આપો અને તેની ઈચ્છા મુજબ તેની કરિયર બનાવવા દો

### સેપ્ટ યુનિ.ના વિદ્યાર્થીના આપઘાતનું કારણ સૌએ સમજવાની જરૂર છે

ગુજરાત | વંદન

પોતાનું સંતાન જીવનમાં ખૂબ પ્રગતિ કરે અને ઉત્તમ વ્યક્તિ બને તેવી માતાપિતાની ઝંખના હોય છે. પરંતુ તેમની આ ઈચ્છા પૂરી કરવામાં ક્યારેક બાળક પોતાના અસ્તિત્વને ભૂલી જાય છે. જો તે માતાપિતાની ઈચ્છા પૂરી ના કરી શકી તો નાસીપાસ થઈ જાય છે અને પોતાને ઉતરતું આંકવા લાગે છે. મા-બાપની ઈચ્છા પર ખરો ઉતરી શકશે કે કેમ તેવો ડર તેને સતાવતો રહે છે.

આ ડર, માતાપિતાની ઈચ્છાઓ મન પર એવી અસર કરી જાય છે કે, યુવાન છોકરાઓ





ના કરવાનું કરી બેસે છે. આવો જ એક કિસ્સો સામે આવ્યો છે જેમાં 23 વર્ષના છોકરાએ આત્મહત્યા કરી લીધી છે. સેપ્ટ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં છોકરાએ બુધવારે સવારે આત્મહત્યા કરી હતી. પંચવટી વિસ્તારમાં તે પેઈંગ ગેસ્ટ તરીકે રહેતો હતો અને અહીં જ તેણે મોતને વહાલું કર્યું હતું.

ગુજરાત યુનિવર્સિટી પોલીસના જણાવ્યા અનુસાર, 23 વર્ષીય શિવ મિસ્ત્રી આર્કિટેક્ટના ફાઈનલ સેમેસ્ટરમાં ભણતો હતો. મૂળ વડોદરાનો વતની શિવ અભ્યાસના કારણે ખૂબ જ સ્ટ્રેસમાં જીવતો હતો. તેની સ્યૂસાઈડ નોટ પરથી જાણવા મળ્યું છે કે, તેને આ કોર્સ કરવામાં કોઈ રસ નહોતો. ઉપરાંત તેને સતત લાગ્યા કરતું હતું કે, તેનો પરિવાર તેને પ્રેમ નથી કરતો અને અવગણના કરે છે. ગુજરાત યુનિવર્સિટી પોલીસના ઈન્સ્પેક્ટર વી.જે.જાડેજાના કહેવા પ્રમાણે, ધ્રુવીન એપાર્ટમેન્ટ્સમાં રહેતા શિવે બુધવારે સવારે 6.24 કલાકની આસપાસ જીવન ટૂંકાવ્યું હતું.

# ગુજરાતની 35 ફાર્મા કંપનીના 42 દવાના નમૂના ફેલ

### » CDSCOના રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો

ગુજરાત | વંદન

રાજ્યમાં દવા બનાવતી કંપનીઓને લઈને મોટો ખુલાસો સામે આવ્યો છે. સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશનના રિપોર્ટમાં ચૌકાવનારો ખુલાસો થતા દવા કંપનીઓમાં હડકંપ મચ્યો છે. રાજ્યની 35 ફાર્મા કંપનીના 42 દવાનો નમૂના ફેલ થયા છે.

વિગતો મુજબ 35 ફાર્મા કંપનીમાંથી જાન્યુઆરી 2022થી ફેબ્રુઆરી 2023 વચ્ચે 42 દવાના નમૂના લેવામાં આવ્યા હતા જે તમામ 42 નમૂનાના રિપોર્ટ ફેલ થયા છે. CDSCOએ દેશભરમાંથી 680 દવાના નમૂના લીધા હતા જેમાં એન્ટિબાયોટિક, વિટામિન સહિતની દવાઓના નમૂના લીધા હતા.

ચિંતાજનક બાબત છે કે, CDSCOના રિપોર્ટમાં રાજ્યની 35 કંપનીના દવાના નમુના નિષ્ફળ સાબિત થયા છે. જે વિગતો બાદ દવા કંપનીઓમાં હડકંપ સર્જાઈ છે. તમને જણાવી દઈએ કે વર્તમાનમાં નશીલી દવાનો પણ ઉપયોગ વધતો હોય તવું પણ જણાઈ રહ્યું છે જે બાબતે પણ કેન્દ્રીય નાર્કોટિક્સ વિભાગે દરોડા પાડી દવા જપ્ત કરી રહ્યું છે.

થોડા દિવસ અગાઉ અમદાવાદના ચાંગોદર વિસ્તારમાંથી નશામાં વપરાતી દવાનો મોટી માત્રામાં જથ્થો



ઝડપાયો હતો. કેન્દ્રીય નાર્કોટિક્સ વિભાગે ગોડાઉનમાં દરોડા પાડીને ટેબલેટ્સ અને સાયકોટ્રોપિક દવાની કેપ્સ્યૂલ જપ્ત કરી હતી. ઝડપાયેલી દવાનો ઉપયોગ દુખાવા અને ઉંઘની ગોળી તરીકે થતો હતો. દરોડા દરમિયાન અલ્પ્રાઝોલમની ગોળીઓ પણ જપ્ત કરવામાં આવી હતી. આ દવાઓની કિંમત આશરે 20 કરોડથી વધુની થઈ હતી.

પૂછપરછમાં એવું પણ સામે આવ્યું કે આરોપીઓએ આ જથ્થો મહેસાણાથી મંગાવી હતી. ઉત્તરાખંડ અને હિમાચલપ્રદેશથી આ દવાઓ મહેસાણા લાવવામાં આવી હતી.

## શબ્દોની સંતાકૂકડી 59 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | ■ | 3 | 4 | 5 |
| 6 | | ■ | 7 | ■ | 8 | |
| | ■ | 9 | | 10 | ■ | |
| ■ | 11 | | ■ | 12 | | ■ |
| 13 | ■ | 14 | 15 | | ■ | 16 |
| 17 | 18 | ■ | | ■ | 19 | |
| 20 | | | ■ | 21 | | |

**ઊભી ચાવી**

(1) જોઈ ન શકે તેવું, અંધ [3]
(2) એક કહેવત -... બહારનું હોવું [2]
(4) ગરમ પછેડી, ઊનનો ધાબળો [2]
(5) છળ, પ્રપંચ [3]
(7) આકાશમાંથી પડતાં બરફના ટુકડા [2]
(9) પોતાનું માણસ, આત્મીય જન [3]
(10) પિતા, બાપ [3]
(13) સિતાર જેવું એક વાદ્ય [3]
(15) રાજા રામના પ્રપિતામહ [2]
(16) કીચડ, ગારો [3]
(18) ગળે બાંધવાની પટ્ટી [2]
(19) અડચણ, પ્રતિબંધ, મનાઈ [2]

**આડી ચાવી**

(1) ચોક, ફળિયું [3]
(3) લિબાસ, પહેરવેશ [3]
(6) પતાકા, વાવટો, ઝંડો [2]
(8) ઉપાધિ, બલા, પળોજણ [2]
(9) સ્વયંશાસન, પોતાનું રાજ્ય [3]
(11)સમડીની જાતનું એક પક્ષી [2]
(12) રગ, નાડી, ધમની [2]
(14) જહન્નમ, દોજખ [3]
(17) આવજો, બાય-બાય [2]
(19) બાતલ, કમ, ઓછું [2]
(20) પૈસાદાર, અમીર, માલેતુજાર [3]
(21) ભ્રાતા, ભાઈ, સહોદર [3]

**શબ્દોની સંતાકૂકડી-58નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 અ | દા | 2 લ | ત | ■ | 3 બે | 4 લ |
| ટ | ■ | ગા | ■ | 5 સે | વ | ક |
| 6 ક | 7 ર | વ | 8 ત | ■ | ફૂ | ■ |
| ■ | વિ | ■ | 9 મા | 10 ર | ફ | 11 ત |
| 12 વા | ■ | 13 વ | લ | ણ | ■ | ળ |
| ■ | 14 ર | ■ | 15 પ | કો | 16 ડી | ■ |
| 17 શિ | ક્ષા | પા | ત્ર | ■ | 18 લ | જ્જા |

**શબ્દોની સંતાકૂકડી-59 નો ઉકેલ આવતા અંકે**

## કોયડો નં. 61 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 9 | | 8 | | 5 | | |
| | 1 | | | | | | | 2 |
| 5 | | | 4 | 3 | | 8 | | 6 |
| 9 | | 6 | | | 5 | | | 3 |
| | 5 | | | 7 | | | | |
| | 4 | | | | 8 | | | 9 |
| | | 1 | 3 | | | | | 4 |
| | | 4 | | | 9 | 6 | | |
| 8 | 3 | | | 6 | | | 1 | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-61નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 6 | 9 | 7 | 8 | 2 | 5 | 4 | 1 |
| 4 | 1 | 8 | 5 | 6 | 9 | 3 | 7 | 2 |
| 5 | 2 | 7 | 4 | 3 | 1 | 8 | 9 | 6 |
| 9 | 8 | 6 | 1 | 4 | 5 | 7 | 2 | 3 |
| 1 | 5 | 2 | 9 | 7 | 3 | 4 | 6 | 8 |
| 7 | 4 | 3 | 6 | 2 | 8 | 1 | 5 | 9 |
| 6 | 9 | 1 | 3 | 5 | 7 | 2 | 8 | 4 |
| 2 | 7 | 4 | 8 | 1 | 9 | 6 | 3 | 5 |
| 8 | 3 | 5 | 2 | 6 | 4 | 9 | 1 | 7 |

# સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## ગુજરાતી ભાષાના પ્રોત્સાહન માટે નિબંધ સ્પર્ધા યોજતા હેમરાજ શાહનું વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન

**» સતત 43 વર્ષથી કચ્છી નવું વર્ષ ઉજવતી 'કચ્છ શક્તિ' સંસ્થા ફરી વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન**



ગુજરાત | વંદન

ગુજરાતી ભાષાના પ્રચાર અને પ્રોત્સાહન માટે હેમરાજ શાહે અત્યાર સુધી વર્ષ 2007 થી 2022 સુધી સતત 16 વર્ષથી 32 નિબંધ સ્પર્ધા યોજી છે. જેમાં 22890 સ્પર્ધકોએ ભારત અને વિદેશથી ભાગ લીધો છે.- જેમાં 825 વિજેતાઓને રૂપિયા 20 લાખના ઈનામો અને પ્રશસ્તિપત્ર અપાયાં છે. અને એ વિશેના નિબંધોના 32 પુસ્તકો હેમરાજ શાહે સંપાદિત કર્યા છે. એ બદલ વર્લ્ડ બુક ઓફ સ્ટોર રેકોર્ડ એવોર્ડ એનાયત કર્યો છે. બીજો વિશ્વવિક્રમ એવોર્ડ, એક્ક્લુઝીવ વર્લ્ડ રેકોર્ડ તરફથી 'કચ્છ શક્તિ'ના હેમરાજ શાહને 18 એપ્રિલ 2023 ના કચ્છ શક્તિ સતત 43 વર્ષથી કચ્છી નવું વર્ષ અષાઢી બીજના ઉજવણી કરે છે.અને કચ્છી અચીવર્સને 'કચ્છ શક્તિ' રાષ્ટ્રીય એવોર્ડથી નવાજે છે. અંદાજે 1000 ઉપરાંત અત્યાર સુધી કચ્છ શક્તિ રાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરવા બદલ આ પુરસ્કાર એનાયત કરાયો છે.

**પ્રજાલક્ષી વિકાસકાર્યોના લોકાર્પણ, ખાતમુહૂર્ત અને ભુમિપૂજન સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ પોલીસ પરેડનું આયોજન**

## ગુજરાત સ્થાપના દિવસે રાજવી શહેર જામનગર ખાતે પુરાતન શસ્ત્રોનું પ્રદર્શન

ગુજરાત | વંદન

રાજ્યપાલ, મુખ્યમંત્રી, મંત્રીગણ અને મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાત સ્થાપના દિને પ્રજાલક્ષી વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ, ખાતમુહૂર્ત અને ભુમિપૂજન સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ અને પોલીસ પરેડનું જામનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. ૧ લી મેએ ગુજરાત સ્થાપના દિવસની જામનગર ખાતે રંગારંગ ઉજવણી થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં વિવિધ મુદ્દે હાથ ધરાયેલ ચર્ચા ની વિગતો આપતા રાજ્યના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, 1 લી મેએ ગુજરાત સ્થાપના દિવસની જામનગર ખાતે રંગારંગ ઉજવણી કરવામાં આવનાર છે.

તેમણે વધુ વિગતો આપતા જણાવ્યું કે, આ ઉજવણીમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, રાજય મંત્રીમંડળના વિવિધ મંત્રીશ્રીઓ, પદાધિકારીઓ, અધિકારીઓ ની પ્રેરક ઉપસ્થિતિમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને વિકાસ કાર્યોનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને ભૂમિપૂજન કરવામાં આવશે.

મુખ્યમંત્રીના વરદ હસ્તે કુલ રૂ. ૩૦૩.૪૯ કરોડની રકમના




કુલ ૫૫૧ વિકાસ કામો નું ઈ-લોકાર્પણ / ઈ- ખાતમુહુર્ત / ઈ-ભૂમિપુજન કરવામાં આવશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ. વધુમાં ગુજરાત સ્થાપના દિવસ એટલે કે ગુજરાત ગૌરવ દિવસની ઉજવણીના ભાગરૂપે તારીખ 29 મી એપ્રિલ થી સરકાર દ્વારા વસાવવામાં આવેલ અદ્યતન તેમજ પુરાતન શસ્ત્રોનું નિદર્શન જાહેર જનતા માટે શસ્ત્ર પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવનાર છે.

આ ઉજવણીમાં મુખ્યમંત્રીના હસ્તે શ્રી મહારાણા પ્રતાપની ૧૨ ફૂટ ઉંચી કાસ્ય પ્રતિમાંનું પણ અનાવરણ કરવામાં આવશે. પોલીસ પરેડ કાર્યક્રમમાં પોલીસ જવાનોની ૨૧ જેટલી પ્લાટુનો દ્વારા માર્ચ પાસ્ટ કરવામાં આવશે. વધુમાં આ કાર્યક્રમમાં અશ્વ શો, મોટર સાયકલ સ્ટંટ શો, જેવા અવનવા શો નું આયોજન કરવામાં આવ્યું છે. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે ગુજરાત સ્થાપના દિવસ સંદર્ભમાં રાજ્યના પ્રત્યેક નાગરિકને શુભેચ્છાઓ પાઠવી હતી.

## 5મીએ વર્ષનું પહેલું ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે

ગુજરાત | વંદન

વર્ષનું પહેલું ચંદ્રગ્રહણ વૈશાખ પૂર્ણિમા એટલે કે 5 મેના રાતે લાગશે અને મધ્યરાત્રિ બાદ સમાપ્ત થઈ જશે. આ ચંદ્રગ્રહણ તુલા રાશિમાં સ્વાતિ નક્ષત્રમાં શરૂ થશે અને ગ્રહણનો મધ્ય તેમજ અંત વિશાખા નક્ષત્રમાં થશે. આ ચંદ્રગ્રહણ શરૂઆતથી અંત સુધી ભારતમાં દેખાશે. 5 મેની રાતે થનારું ચંદ્રગ્રહણ સામાન્ય ચંદ્રગ્રહણ નથી પરંતુ ઉપછાયા ચંદ્રગ્રહણ છે જેમાં ગ્રહણ દરમિયાન તમે ચંદ્રમાને ઉદાસ અવસ્થામાં જોઈ શકશો. જોકે, ચંદ્રમાનો કોઈ ભાગ કપાયેલો નહીં દેખાય. ચંદ્રગ્રહણના અઠવાડિયાની અંદર જ દેશના કેટલાય ભાગોમાં વરસાદના યોગ બની શકે છે.

ચંદ્રગ્રહણનો સમયઃ વર્ષનું પહેલું ચંદ્રગ્રહણ ભારતમાં



આરંભથી અંત સુધી આછું દેખાશે. ભારતીય સમય અનુસાર ચંદ્રગ્રહણ રાતે 8.44 કલાકે શરૂ થશે અને રાતે 1.02 મિનિટે પૂરું થશે. ચંદ્રગ્રહણ રાત્રે 10.53 કલાકે થશે. ચંદ્રગ્રહણનો કુલ સમય 4 કલાક 15 મિનિટનો રહેશે.

ક્યાં-ક્યાં દેખાશે ચંદ્રગ્રહણ?: આ ચંદ્રગ્રહણ ભારત ઉપરાંત દક્ષિણ-પૂર્વ યુરોપ, એશિયાના મોટાભાગમાં, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા, પેસિફિક, ન્યૂઝીલેન્ડ, એટલાન્ટિક, એન્ટાર્કટિકા અને હિન્દ મહાસાગરમાં દેખાશે.

**જુનાગઢમાં માવઠાએ ખેડૂતોની ચિંતા વધારી**

## માર્કેટિંગ યાર્ડમાં રહેલા કેરી સહિત ચીકુ, રાવણા, તલ સહિતના પાકને ભારે નુકસાન

ગુજરાત | વંદન

રાજ્યભરમાં કમોસમી વરસાદથી ભારે નુકસાનની સ્થિતિ છે. જુનાગઢમાં માવઠાએ ખેડૂતોની ચિંતા વધારી છે. જુનાગઢમાં પડેલા કમોસમી વરસાદમાં માર્કેટિંગ યાર્ડમાં રહેલા 15000 કેરીના બોક્સને ભારે નુકસાન થયુ છે. કેરીના બોક્સ પલળતા કેરીના ઢગલા થયા છે. ચાલુ વરસાદમાં યાર્ડમાં હરાજી શરૂ રહેતા ઈજારેદારોનો લાખો રૂપિયાની નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. ચીકુ, રાવણા, તલ સહિતના પાકને પણ ભારે નુકસાન થયુ છે.



ખેડૂતોએ નુકસાનીનો સર્વે કરી સહાય આપવા સરકાર પાસે માગ કરી છે.

રાજ્યમાં માવઠાનો માર હજુ પણ યથાવત રહેશે. હવામાન વિભાગે ફરી ગુજરાતમાં કમોસમી વરસાદ થવાની આગાહી કરી છે. એક તરફ ગુજરાતમાં મોડી રાતથી ગાજવીજ સાથે અનેક વિસ્તારમાં વરસાદ વરસી રહ્યો છે. ત્યાં બીજી તરફ હવામાન વિભાગે વરસાદને લઈને ફરી આગાહી કરી છે. આગામી 4 દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ ગુજરાતના અનેક વિસ્તારમાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. ગુજરાતમાં અમદાવાદ, સાબરકાંઠાના હિંમતનગર, રાજકોટના જેતપુર અને ગોંડલ, જુનાગઢ સહિતના અનેક વિસ્તારમાં કમોસમી વરસાદ વરસ્યો છે. હવામાન વિભાગે સૌરાષ્ટ્ર- કચ્છ તેમજ ઉત્તર-મધ્ય ગુજરાતમાં વરસાદની આગાહી કરી હતી. જે મુજબ ગુજરાતમાં વરસાદ વરસી રહ્યો છે.

## કવિતાના ઉંબરેથી : જન ઘૂમે નર્મદા સાથ, જય જય ગરવી ગુજરાત...

જય જય ગરવી ગુજરાત !
જય જય ગરવી ગુજરાત,
દીપે અરૂણું પરભાત,
ધ્વજ પ્રકાશશે ઝળળળળ કસુંબી,
પ્રેમશૌર્યઅંકીત;
તું ભણવ ભણવ નિજ સંતતિ
સઉને, પ્રેમ ભક્તિની રીત
-
ઊંચી તુજ સુંદર જાત,
જય જય ગરવી ગુજરાત.
ઉત્તરમાં અંબા માત,
પૂરવમાં કાળી માત,
છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા, કુંતેશ્વર મહાદેવ;
ને સોમનાથ ને દ્વારકેશ એ, પશ્ચિમ કેરા દેવ-
છે સહાયમાં સાક્ષાત
જય જય ગરવી ગુજરાત.



નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય.
વળી જોય સુભટના જુદ્ધરમણને, રત્નાકર સાગર;
પર્વત પરથી વીર પૂર્વજો, દે આશિષ જયકર-
સંપે સોયે સઉ જાત,
જય જય ગરવી ગુજરાત.
તે અણહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ.
તે રંગથકી પણ અધિક સરસ રંગ, થશે સત્વરે માત !
શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે,
વીતી ગઈ છે રાત-
જન ઘૂમે નર્મદા સાથ,
જય જય ગરવી ગુજરાત.

- કવિશ્રી નર્મદ

**પહેલી મે ગુજરાત સ્થાપના દિન પ્રસંગે....**

## પોરબંદરમાં વૃદ્ધને ગાય-આખલાએ કચડતાં મોત

ગુજરાત | વંદન

પોરબંદર સહિત રાજ્યમાં દિવસે દિવસે રખડતાં ઢોરના કારણે અકસ્માતની ઘટનાઓ વધી રહી છે. પોરબંદરના નરસંગ ટેકરી નજીક આવેલા સિદ્ધિ વિનાયક પાર્કમાં રહેતા 76 વર્ષીય મનજી જીવરાજ ચોવટીયા બાઈક લઈને ગત 23 તારીખના સાંજે સાંઈબાબા મંદિર નજીક રહેતી પોતાની દીકરીના ઘરે ગયા હતા. તેમની દીકરીના ઘરેથી પરત ફરતી વેળાએ આશરે સાંજે 6થી 7 વાગ્યા અરસામાં આ વૃદ્ધ જ્યારે નરસંગ ટેકરી નજીક પ્રજાપતિ સમાજની વાડી સામે પહોંચ્યા તે દરમિયાન એક આખલો અને ગાય દોડતા દોડતા આ વૃદ્ધના મોપેડ સાથે અથડાયા હતા. ગાય અને આખલો આ વૃદ્ધ પર પડતાં વૃદ્ધ કચડાઈ ગયા હતા. આ અંગેની જાણ તેમના પરિવારજનો તથા 108ને કરવામાં આવતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત મનજી જીવરાજ ચોવટીયાને સરકારી ભાવસિંહજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં થોડીવાર સારવાર દરમિયાન અંદાજે રાત્રે 10 વાગ્યે તેઓનું મોત નિપજ્યું હતું.

અનુસંધાન પેજ 4 પરથી...

### જ્યારે મધ્યકાલીન...

વધુ વિવિધ ગુનાઓ માટે કરવામાં આવતો હતો .

પ્રાચીન ઈજિપ્ત અને બાયઝેન્ટાઈન સામ્રાજ્યમાં એક અલગ પ્રકારનું અંગવિચ્છેદન સામાન્ય હતુંઃ જેમ કે નાક કાપી નાંખવુ, જેને રાઈનોટોમી કહેવાય છે, જે વ્યભિચારી સ્ત્રીઓ માટે સજા હતી, જો કે મધ્યયુગીન અને પ્રાચીન સમયમાં અન્યત્ર વિવિધ ગુનાઓ માટે સજા તરીકે પણ તેનો ઉપયોગ થતો હતો. અલબત વ્યભિચાર કરનાર પુરૂષને ઓછી આકરી સજા થતી, જેમ કે દંડ આપીને છૂટી જવુ.

**માન-મરતબો મોભો છીનવી લેવો..**

આ પરિસ્થિતિનું અધઃપતન આજે પણ ચાલુ છે, અને સમગ્ર ઈતિહાસમાં તેનો ઉપયોગ ઔપચારિક સજા તરીકે કરવામાં આવ્યો છે. રોમન સમ્રાટ ઓગસ્ટસ હેઠળ, જેમણે 27 BCE થી 14 CE સુધી શાસન કર્યું, તેના શાસનમાં વ્યભિચાર માટે દોષિત સ્ત્રીના નાગરિક તરીકેના ઘણા અધિકારો છીનવી લેવાતા હતા. અને નાણાકીય બોજ સહન કરવો પડતો હતો.

કોરિયામાં ચોસન રાજવંશ સામ્રાજ્યમાં ભદ્ર વર્ગની ઉમદા મહિલાઓ જો તેઓ વ્યભિચાર માટે દોષી સાબિત થાય અથવા જો ફરીથી લગ્ન કરે ત્યારે સામાજિક દરજ્જામાં અધોગતિનો સામનો કરવો પડતો હતો.

વ્યભિચારી મહિલાઓને તેમના ઘણા અધિકારો અને વિશેષાધિકારો છીનવી લેવામાં આવ્યા હતા , અને વિધવાઓના વંશજો કે જેમણે ફરીથી લગ્ન કર્યા હતા તેમના પણ નાગરિક તરપીકેના હક્કો છિનવી લેવાતા હતા. આ સજાઓ ગમે તેટલી ગંભીર લાગે, ચોસન વંશમાં વ્યભિચાર કરનાર કેટલીક ઉચ્ચ દરજ્જાની મહિલાઓને વધુ ગંભીર સજાનો એટલે કે મૃત્યુદંડ સુધીની સજાનો સામનો કરવો પડ્યો હતો.

### માનવતાવાદી...

પ્રથમ તો એ વિચાર્યું કે જુદી જુદી વ્યક્તિઓ પાસેથી ચીનુભાઈ શાહનાં એમના અનુભવો વિશેના લેખો મંગાવીને ગ્રંથ પ્રગટ કરીએ, પરંતુ એ પછી એમ લાગ્યું કે ચીનુભાઈ શાહની કામગીરી અનેકવિધ ક્ષેત્રોમાં હોવાથી એને પૂરો ન્યાય આપી શકાશે નહીં. એને બદલે એમનાં જીવનની સંપૂર્ણ તવારીખ આલેખતું કોઈ ચરિત્ર મળે, તો જીવનવિકાસનો સિલસિલાબંધ આલેખ મળે. આ માટે શ્રી રમેશ તન્ના અને શ્રીમતિ અનિતા તન્નાનો સહયોગ લીધો અને એ પછી જુદી જુદી વ્યક્તિઓની મુલાકાત લઈને તેઓએ આ જીવનકથા તૈયાર કરી. આ પુસ્તક પાછળ એ દર્શાવવાનો આશય છે કે પોતાની માનવીય સંવેદનાઓ જાળવીને પરિશ્રમ અને પુરુષાર્થથી વ્યક્તિ કેવી સિદ્ધિ મેળવી શકે છે. આની પાછળ કોઈ પ્રશંશા કે પ્રશસ્તિનો આશય નથી, પરંતુ એક જીવન પુરુષાર્થ દર્શાવવાની ભાવના છે.'

સમાજમાંથી ફક્ત લેવાની જ ભાવના ઘણાં લોકો રાખતાં હોય છે, જ્યારે આપવાની વાત આવે ત્યારે અનેક જાતનાં કારણો હાજર હોય છે. શ્રી ચીનુભાઈએ સમાજને અઢળક આપ્યું પણ છે, એ.એમ.એ. માં ચીનુભાઈ આર. શાહ સેન્ટર ફૉર ફોરેન લેન્ગવેજીઝની સ્થાપના, કડીમાં એમ.પી.શાહ એજ્યુકેશન સોસાયટી દ્વારા સી.આર.શાહ સેન્ટર ફૉર એક્સેલન્સની સ્થાપના, સદ્વિચાર પરિવારનાં નેજા નીચે ચીનુભાઈ આર. શાહ સેન્ટર ફૉર કમ્પ્યૂટર ટ્રેનિંગ અને ફૉરેન લેન્ગવેજીઝની સ્થાપના ઉપરાંત શ્રી ચીનુભાઈની સ્મૃતિમાં દર વર્ષે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ સાથે મળીને સમાજમાં આગવું પ્રદાન કરવા બદલ 'શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી એવોર્ડ' પણ આપવામાં આવે છે. આવાં સમાજને છાંયડો આપતાં સમાજનાયક શ્રી ચીનુભાઈની આ જીવનગાથા આપણી યાદગીરી રુપ સંભારણું બની રહ્યું છે. દરેકને પ્રેરણાદાયી એવાં શ્રી ચીનુભાઈની આ સંવેદનાથી સિદ્ધિ સુધીની સફરને વાંચવી એ પણ આપણાં ધન્યભાગ છે.

"એક માણસ પોતાના ભાગમાં આવેલા જીવન દરમિયાન કેટલું મબલખ અને માતબર કામ કરી શકે છે એનો શ્રી ચીનુભાઈ શાહ જીવતોજાગતો ઉત્તમ દાખલો છે. ક્ષણેક્ષણને જીવી લેવાની ઝંખના આવા માણસોના જીવનનો મુદ્રાલેખ બને છે. આવી ધમધમતી જિંદગી જીવનારો માણસ અંગત પરિવાર વચ્ચે મિત્રો કે સ્વજનોના ટોળામાં સહજ, સરળ અને નિખાલસ હોય એ માનવું મુશ્કેલ બને. બાળકો સાથે બાળક બની રહેવાની, ફૂલો અને વૃક્ષો વચ્ચે પ્રકૃતિપ્રેમી બની રહેવાની, પરિવારમાં હૂંફાળી વ્યક્તિ બની રહેવાની, મિત્રોના મિત્રો થઈ રહેવાની, યાત્રાઓમાં પૂરા ધાર્મિક થઈ રહેવાની અને વ્યંગ-વિનોદમાં પૂરા માર્મિક થઈ રહેવાની આગવી સૂઝ અને શાણપણ ધરાવતા ચીનુભાઈની અમારા મૈત્રીયોગની સફળતામાં ચાવીરૂપ ભૂમિકા રહી છે."

- શ્રી ગિરીશભાઈ દાણી.

## ATGLના 'ગ્રીનમોસ્ફિયર ફોર લાઈફ' કાર્યક્રમમાં વિદ્યાર્થીઓનો સર્જનાત્મક પ્રકૃતિપ્રેમ છલકાયો




ગુજરાત | વંદન

અદાણી ટોટલ ગેસ અને CERCના સંયુક્ત ઉપક્રમે અમદાવાદમાં ગ્રીનમોસ્ફિયર ફોર લાઈફ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA) ખાતે 21-22 એપ્રિલ દરમિયાન 30 શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. ગ્રીનમોસ્ફિયર ક્લબની કાર્યશાળામાં રૂચીકર પ્રવૃત્તિઓ કરાવી તેના વિજેતા વિદ્યાર્થીઓને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા. કાર્યક્રમમાં અદાણી ટોટલ ગેસના CEO સુરેશ મંગલાણી, વાઈસ પ્રેસિડેન્ટ પ્રણવકુમાર ઘોષ, CERCના CEO ઉદય મેવાણી તેમજ શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

અનુસંધાન પેજ 12 પરથી...

### લોકસભા ચૂંટણીની...

રાજ્યવ્યાપી ધ્યાન) ના 20 વર્ષની ઉજવણી કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે આ સિસ્ટમ શરૂ કરી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, આવતા મહિનાથી આખું વર્ષ કોંગ્રેસના નેતાઓ દરેક તાલુકાની મુલાકાત લેશે અને લોકોને તેમની ચિંતા અને સમસ્યાઓ વ્યક્ત કરવાની તક આપશે. "ગુજરાતમાં ભ્રષ્ટાચાર ચરમસીમાએ પહોંચ્યો છે તો, જ્યારે દારૂ અને ડ્રગ્સ પણ ખુલ્લેઆમ વેચાય છે, ત્યારે અમે આ મુદ્દાઓને યોગ્ય અધિકારી સમક્ષ રજૂ કરીશું. જો જરૂર પડશે તો અમે કોર્ટનો સંપર્ક કરીશું." ઠાકોરે ઉમેર્યું, "જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમની 'મન કી બાત' (PM મોદીનો માસિક રેડિયો કાર્યક્રમ) માં વ્યસ્ત છે, ત્યારે ગુજરાતમાં કોંગ્રેસ શેરીઓમાં સામાન્ય માણસ અને મહિલાઓની 'મન કી બાત' સાંભળવા માંગે છે."

### શહેરના કેન્ટોમેન્ટ...

પીવા માટે પણ પાણી ભરી શકતા નથી. આ અંગે કેન્ટોનમેન્ટ બોર્ડના અધિકારીઓને અનેક વખત ફરિયાદો કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. સ્થાનિક યુવક મુનાવરભાઈએ જણાવ્યું કે અહીં પાણીની સમસ્યા છે. ક્યારેક ખૂબ ગંદુ પાણી આવે છે. જેના કારણે લોકો બીમાર પડે છે. તો બીજી તરફ પાણી ઓછા પ્રેશરથી આવે છે, સામાન્ય જનતા પાણી ન મળવાને કારણે પરેશાની ભોગવી રહી છે, જ્યારે કેન્ટોનમેન્ટના અધિકારીઓ પોતાના ઘરે પાણીના ટેકરોં મોકલે છે.

અહીંના લોકો આ ભ્રષ્ટ અધિકારીઓથી કંટાળી ગયા છે.

### અમદાવાદઃ જ્યારે...

જો કે, યુવતી આપઘાત કરી લેવાની ધમકી આપતી હતી. આથે યુવતીના પિતાએ અભયમની ટીમનો સંપર્ક કર્યો હતો.

યુવતીના પિતાએ અભ્યમનો સંપર્ક કરતા અભ્યમની ટીમે યુવતીને સમજાવી હતી અને અભ્યાસ પર ધ્યાન કેન્દ્રીત કરવા જણાવ્યુ હતુ, જ્યારે યુવતીને લગ્ન કરવાની ધમકી આપનાર યુવકને પણ બોલાવ્યો હતો અને યુવકને પણ સમજાવ્યો હતો. યુવતીને પોતાની ભૂલ સમજાતા યુવતીએ પિતાની માફી માગી હતી.

### સુરતનું નેટવર્ક...

2022ના રોજ ડિંડોલી રાજમહેલ શોપિંગ સેન્ટરની ત્રણ દુકાનમાં દરોડા પાડ્યા હતા. જેમાં ઈન્ટરનેશનલ ક્રિકેટ મેચ ઉપર રમાતા ઓનલાઈન સટ્ટા બેટિંગના ગેરકાયદે આર્થિક ટ્રાન્ઝેક્શનના નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો.

તપાસ દરમિયાન ગેરકાયદેસર નાણાકીય વ્યવહારો માટે 250 ડમી એકાઉન્ટ બનાવી તેમાં રૂપિયા 7,800 કરોડથી વધુના વ્યવહારો કરાયા હોવાનો ખુલાસો થયો હતો.

તે પૈકી રૂપિયા 3.04 કરોડ જેટલી રકમ બેન્ક એકાઉન્ટમાં ફ્રીઝ કરાવી કુલ 8 આરોપીની ધરપકડ કરી હતી. આ ગુનામાં ચાર્જશીટ રજૂ કરી દુબઈ, સુરત, વડોદરા, ગાંધીનગર, રાજકોટ, ગાંધીધામ, બનાસકાંઠા અને પાટણના 26ને વોન્ટેડ જાહેર કર્યા હતા. તે પૈકી ખંભાતના દિનુ ભરવાડ ઉર્ફે દિનેશ ખંભાતી રતાભાઈ ભરવાડની પણ દિલ્હી એરપોર્ટથી ધરપકડ કરી હતી.

### માનહાનિ કેસમાં...

શકાય. અમે કન્વીક્શન પર સ્ટેની માગ કરી રહ્યાં છીએ. તેઓએ કહ્યું હતું કે, નોન આઈડેન્ટિફાય કેસમાં આવી ફરિયાદ દાખલ ન થઈ શકે. નિવેદનમાં જે વ્યક્તિનું નામ નથી લેવાયું તેમણે ફરિયાદ નોંધાવી છે. રાહુલ ગાંધી લોક પ્રતિનિધિ અને સાંસદ પણ છે. ઈલેક્શન કમિશન ચૂંટણી જાહેર કરી દેશે તો કોર્ટ તે નિર્ણયને કેવી રીતે પરત ખેંચાવી શકશે.

23 માર્ચે સુરતની CJM કોર્ટે 2019માં મોદી સરનેમ અંગે કરેલી ટિપ્પણીના કેસમાં રાહુલને બે વર્ષની સજા સંભળાવી હતી. 2019ની લોકસભા ચૂંટણી દરમિયાન કર્ણાટકના કોલારમાં એક રેલીમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, "બધા ચોરની અટક (સરનેમ) મોદી જ કેમ હોય છે?" જેને લઈને ભાજપના ધારાસભ્ય અને ગુજરાતના પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદીએ રાહુલ ગાંધી વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. 23 માર્ચે ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એચ.એચ વર્માની કોર્ટે રાહુલ ગાંધીને દોષિત ઠેરવી બે વર્ષની સજા સંભળાવી હતી. બીજા જ દિવસે રાહુલ ગાંધીએ લોકસભાનું સભ્યપદ ગુમાવ્યું હતું.

જે બાદ CJM કોર્ટના આ ચુકાદાને તેમણે સેશન્સ કોર્ટમાં પડકાર્યો હતો. રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી 3 એપ્રિલે સુરત આવ્યા હતા. તેમની સાથે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત અને છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ ઉપરાંત કાયદાકીય ટીમ પણ સુરત આવી હતી. તેમના દ્વારા નીચલી કોર્ટના ચુકાદા સામે સેશન્સ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જે બાદ 13 એપ્રિલના રોજ કોર્ટમાં બંને પક્ષો વચ્ચે અંદાજે 5 કલાક સુધી દલીલો થઇ હતી. જ્યારે 20 એપ્રિલે સુરતની સેશન્સ કોર્ટે રાહુલ ગાંધીની અરજી ફગાવી દઇ તેમની સજા યથાવત રાખી.

અનુસંધાન પેજ 10 પરથી...

### અમૂલને...

છું (પરંતુ) જો નંદિની ત્યાં ઉપલબ્ધ નથી, તો હું એમ નહીં કહું કે હું દૂધ ખરીદીશ નહીં. હું દિલ્હીમાં અમૂલ ઉત્પાદનો ખરીદું છું. તો તેનો અર્થ એ નથી કે હું કર્ણાટકની વિરુદ્ધ નથી. નંદિની બ્રાન્ડ પણ કેરળ, તમિલનાડુ, તેલંગાણા, આંધ્રપ્રદેશ જેવા રાજ્યોમાં તેના ઉત્પાદનોનું વેચાણ કરે છે, જેમ કે અન્ય રાજ્યોની ડેરી ઉત્પાદનો કર્ણાટકમાં ઉપલબ્ધ છે.

"હું કહીશ કે સારી સ્પર્ધા છે... તેથી ભારતને દરેક રીતે મજબૂત બનાવવાનો વિચાર છે. આ જ કારણ છે કે ભારત વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ બન્યો છે.

સીતારમણે દાવો કર્યો કે- "અમૂલે કર્ણાટકમાં પ્રવેશ કર્યો જ્યારે કોંગ્રેસ અહીં સત્તામાં હતી. હું મુંઝવણમાં છું કે મારે તત્કાલીન મુખ્યમંત્રીનું નામ લેવું કે નહીં. એ જ આદરણીય પૂર્વ મુખ્યમંત્રી હવે અમૂલના પ્રવેશ પર સવાલ ઉઠાવી રહ્યા છે. તે તેમના સમય દરમિયાન બન્યું, જ્યારે અમૂલે ઉત્તર કર્ણાટકમાં માર્કેટિંગ માટે તે વિસ્તારોમાં પ્રવેશ કર્યો હતો.,.

પ્રથમ વખત દૂધના ખરીદ ભાવમાં વધારો કરવા માટે કર્ણાટકમાં અગાઉની બીએસ યેદિયુરપ્પાની આગેવાનીવાળી સરકારને શ્રેય આપતાં, સીતારમણે કહ્યું કે રાજ્યના દૂધ ખેડૂતોને ટેકો આપવાની જરૂર છે. યેદિયુરપ્પાની સરકારે ખેડૂતોને પ્રતિ લિટર 2 રૂપિયા વધુ આપ્યા હતા. ત્યારપછીની સરકારોએ પણ તેમનું કામ કર્યું છે.

અનુસંધાન પેજ 1 પરથી...

### મોદીના 'મન કી...

એક નવી પ્રથા શરુ કરી હતી જેને ''મન કી બાત'' એવું નામ આપવામાં આવ્યું હતું. તેઓ દર મહીનાના છેલ્લા રવિવારે આકાશવાણી રેડિયો પર રેકાર્ડિંગ કરેલું સંબોધન ટીવી માધ્યમ દ્વારા પણ પ્રસારિત થાય તેવી વ્યવસ્થાના ભાગરુપે દર મહીને ભાજપના નાના - મોટા કાર્યકરો ''મનકી બાત'' સાંભળે તેવુ આયોજન પણ કરવામાં આવે છે. કાર્યકરોને એવી સૂચના પણ છે કે તેઓ મનકી બાત સાંભળી રહ્યાં છે તેના ફોટા અને માહિતી જે તે મીડિયા દ્વારા પ્રસિદ્ધ થાયે તેની પણ કાળજી લે.

ગયા મહીને 99 એપિસોડ પૂરા થયા બાદ ભાજપ દ્વારા વડાપ્રધાનના ''મનકી બાત'' ના 100મા એપિસોડને એક ઐતિહાસિક પ્રસંગ તરીકે દેશભરમાં ઉજવવાનું નક્કી કર્યું હતુ. સંગઠનના બે અનુભવી મંત્રીઓને તેની જવાબદારી સોંપવામાં આવી અને 30 એપ્રિલના રોજ ગુજરાત સહિત દેશભરમાં દરેક બુથ વિસ્તારમાં તથા ચાલી, મોહલ્લો, ફ્લેટ એપાર્ટમેન્ટ તથા સોસાટીઓ વગેરેમાં પણ સવારે 11 વાગે ''મનકી બાત'' કાર્યક્રમ સૌ કોઈ સાંભળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ધ કશ્મીર ફાઈલ્સ ફિલ્મના શો, જેમ ચાલી મોહલ્લા વગેરેમાં યોજાતા હતા તેમ મનકી બાત ના કાર્યક્રમો ગોઠવવામાં આવ્યા છે.

### નવો મોબાઇલ...

કહ્યું કે, કો-પેસેન્જરને અસુવિધા ન થાય, તેના માટે સિટી સિવિક ટ્રાંસપોર્ટ બોડીએ આ નિર્ણય લીધો છે. નોટિફિકેશનમાં કહેવાયું છે કે, જો કોઈ મુસાફર આ નિયમનું પાલન નહીં કરવા પર પકડાશે તો બોમ્બે પોલીસ અધિનિયમની કલમ 38 અને 112 અંતર્ગત કાર્યવાહી કરવામાં આવશે. આ કલમ અંતર્ગત દોષિત ઠરનારા વ્યક્તિને 5 હજાર રૂપિયા અથવા 3 મહિનાની જેલ થઈ શકે છે.

### BYJU રવિન્દ્રનના...

બાયજુ અને તેની ફર્મ થિંક એન્ડ લર્ન પ્રાઈવેટ લિમિટેડે જાહેરાત અને માર્કેટિંગ ખર્ચના નામે આશરે રૂ. 944 કરોડનું બુકિંગ કર્યું છે, જેમાં વિદેશી અધિકારક્ષેત્રોમાં મોકલવામાં આવેલા નાણાંનો પણ સમાવેશ થાય છે. વધુમાં, કંપનીએ નાણાકીય વર્ષ 2021 થી તેના નાણાકીય નિવેદનો તૈયાર કર્યા નથી અને પ્રેસ સ્ટેટમેન્ટ મુજબ એકાઉન્ટ્સનું ઓડિટ કરવામાં આવ્યું નથી. કેટલાક ખાનગી વ્યક્તિઓ તરફથી મળેલી અનેક ફરિયાદોના આધારે બાયજુ પ્લેટફોર્મ વિરુદ્ધ તપાસ કરવામાં આવી છે.

અખબારી નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ED દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસ દરમિયાન, સ્થાપક બાયજુ રવિન્દ્રનને અનેક સમન્સ જારી કરવામાં આવ્યા હતા, જો કે, તે ટાળતો રહ્યો. વધુ તપાસ ચાલુ છે.

### અજબ મહિલાએ...

તેની મિત્રના પૈસા અને બૈગ પણ ગાયબ મળી. ત્યાર બાદ સિરીપોર્ન ખાનવોંગના પોસ્ટમોર્ટમ કર્યું છે. પોસ્ટમોર્ટમ દરમ્યાન સિરિપોર્નની બોડી અંદર સાઈનાઈડના પુરાવા મળ્યા. પોલીસ અધિકારીઓએ તપાસમાં જાણ્યું છે કે, અન્ય લોકોના મોત પણ આવી રીતે થયા છે.

બેન્કોક પોલીસે કહ્યું કે, મર્ડરનો સિલસિલો વર્ષ 2020થી ચાલી રહ્યો હતો. જો કે, પોલીસે માર્યા ગયેલા અન્ય લોકોની ઓળખાણ બતાવાની ના પાડી દીધી. તેમણે કહ્યું કે, પૂર્વમાં મારેલા તમામ લોકો સારાતના પૂર્વ સાથી હતા. તેમાં બે મહિલા પોલીસ અધિકારી પણ હતી.

પોલીસે કહ્યું કે, આરોપી મહિલાએ એક દોસ્ત પાસેથી 5 લાખ 97 હજાર રૂપિયા ઉધાર લીધા હતા. આ મામલામાં પોલીસને શક છે કે સારાતે તે મિત્રોના પણ મર્ડર કરવાની કોશિશ કરી હતી, જેની પાસેથી તેણે પૈસા લીધેલા હતા. જો કે તે બચી ગઈ. પોલીસના જણાવ્યા અનુસાર, માર્યા ગયેલા પીડિતોના ઘરથી ઘરેણાં અને પૈસા પણ ગાયબ હતા. તેનો રિપોર્ટ પીડિતના પરિવારે પોલીસ સ્ટેશનમાં નોંધાવ્યો છે.

# નાણાંકીય વર્ષ 2023-24માં ભારતનો જીડીપી 6.5 ટકા પહોંચવો મુશ્કેલ

■ **આ છે કારણો-તેલના ભાવમાં વધારો, વૈશ્વિક નાણાકીય ક્ષેત્રની મુશ્કેલીઓ અને ચોમાસાના અનુમાનમાં ઘટાડો**

ગુજરાત | વંદન

નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે 2023-24માં 6.5%ના સત્તાવાર જીડીપી વૃદ્ધિની આગાહીમાં ડાઉન સાઈડનું જોખમ અપસાઇડના જોખમો પર પ્રભુત્વ ધરાવે છે, કારણ કે તેલના ભાવમાં વધારો, વૈશ્વિક નાણાકીય ક્ષેત્રની મુશ્કેલીઓ અને ચોમાસાના અનુમાનમાં ઘટાડા વગેરેને જોતા જીડીપીના લક્ષ્યાંક 6.5 ટકાએ પહોંચવું મુશ્કેલ જણાય છે.

નાણા મંત્રાલયની માર્ચ 2023 માટેની માસિક આર્થિક સમીક્ષામાં જણાવાયું છે કે, "ઓપેકના આશ્ચર્યજનક ઉત્પાદન કાપને કારણે એપ્રિલમાં તેલના ભાવમાં વધારો જોવા મળ્યો છે, જે માર્ચમાં બેરલ દીઠ નીચા-સિત્તેરના સ્તરે હતો. અદ્યતન રાષ્ટ્રોમાં નાણાકીય ક્ષેત્રની વધુ મુશ્કેલીઓ નાણાકીય બજારોમાં જોખમ ટાળી શકે છે અને મૂડી પ્રવાહને અવરોધે છે. અલ નીનોની આગાહી, માર્જિન પર, ભારતીય ચોમાસાના વરસાદ માટેના જોખમોને વધારી દીધા છે."

રસપ્રદ વાત એ છે કે, મંત્રાલયની ટિપ્પણીઓ એપ્રિલ માટેના સ્ટેટ ઑફ ધ ઈકોનોમી રિપોર્ટ સાથે કંઈક અંશે અલગ છે, જે RBIના ટોચના કર્મચારીઓ દ્વારા લખવામાં આવી હતી, જ્યાં તેઓએ સૂચવ્યું હતું કે IMFને પોઝિટિવ સરપ્રાઈઝિંગ થઈ શકે છે, જેણે તાજેતરમાં ચાલુ નાણાકીય વર્ષ માટે તેના ભારતના વૃદ્ધિ અંદાજમાં ઘટાડો કર્યો




હતો. 6.1% થી 5.9%. વર્ષમાં કોર્પોરેટ કેપેક્સ પુનઃજીવિત થવાની આશાઓ સાથે, RBI અધિકારીઓએ નોંધ્યું હતું કે સિમેન્ટ, તેલ અને ગેસ, કાપડ અને ડેટા સેન્ટર્સ જેવા ઘણા ઉદ્યોગો આગળ વધી રહ્યા છે. આરબીઆઈના અહેવાલમાં જણાવાયું હતું કે, "જો કે જણાવવું ખૂબ વહેલું છે, તેમ છતાં, મોટાભાગના તાજેતરના ડેટાના આગમન સૂચવે છે કે બહુપક્ષીય સંસ્થાઓ, ખાસ કરીને IMF - આગાહીની ભૂલોનો સામનો કરી શકે છે, વાસ્તવિક પરિણામો તેમને પોઝીટીવલી સરપ્રાઈઝ કરે છે."

આર્થિક સર્વે 2022-23 એ FY24 માટે દેશનો વાસ્તવિક GDP વિસ્તરણ 6-6.8% ની રેન્જમાં રહેવાનો અંદાજ મૂક્યો છે, જ્યારે RBIએ તાજેતરના નાણાકીય નીતિ નિવેદનમાં તેની આગાહી અગાઉના 6.4% થી વધારીને 6.5% કરી છે.

નેશનલ સ્ટેટિસ્ટિકલ ઑફિસ દ્વારા નાણાકીય વર્ષ 23 માં અર્થતંત્રમાં 7% વૃદ્ધિનો અંદાજ છે, ત્યારે આંતરરાષ્ટ્રીય એજન્સીઓ અને ખાનગી આગાહીકારો ચાલુ નાણાકીય વર્ષમાં વૃદ્ધિ ધીમી 6% અથવા 6% થી થોડી વધુ રહેવાની અપેક્ષા રાખે છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડે ચાલુ નાણાકીય વર્ષમાં ભારતના જીડીપીનું અનુમાન ઘટાડીને 5.9% કર્યું છે, જોકે આરબીઆઈએ તાજેતરમાં તેના અંદાજને અગાઉના 6.4% થી વધારીને 6.5% કર્યો છે.

## મેમાં 12 દિવસ બંધ રહેશે બેન્કો

ગુજરાત | વંદન

આગામી મે મહિનાની શરૂઆત થવા જઈ રહી છે. મે મહિનામાં બેન્કો 12 દિવસ બંધ રહેશે. આ 12 દિવસોમાં રવિવાર, બીજા અને ચોથા શનિવારની રજાઓનો સમાવેશ થાય છે. મે મહિનામાં મહારાષ્ટ્ર દિવસને કારણ માત્ર મહારાષ્ટ્ર રાજ્યમાં જ રજા રહેશે. મે મહિનામાં બુધ પૂર્ણિમાંના તહેવારને કારણ ઘણા રાજ્યોમાં બેન્કો બંધ રહેશે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવેલી યાદી અનુસાર મે મહિનામાં બેન્કો 12 દિવસ બંધ રહેશે. જોકે બેન્કની રજાઓની યાદિમાં બીજા શનિવાર અને રવિવારનો પણ સમાવેશ થાય છે. કેટલીક રજાઓમાં, બેન્કો, ફક્ત તે રાજ્યોમાં જ બંધ રહેશે.

- 1 મે: મે દિવસ, મહારાષ્ટ્ર દિવસ
- 5 મે: બુદ્ધ પૂર્ણિમાં-દિલ્હી, હરિયાણા, મહારાષ્ટ્ર, પંજાબ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઉત્તરાખંડ, આસામ, બિહાર, પશ્ચિમ બંગાળ, ઉત્તરાખંડ, આસામ, બિહાર, ગુજરાત, અરૂણાચલ પ્રદેશ, છત્તીસગઢ.
- 7 મે: રવિવાર
- 9 મે: રવિન્દ્રનાથ ટાગોરનો જન્મદિવસ
- 13 મે: બીજો શનિવાર, ■ 14 મે: રવિવાર
- 16 મે: રાજ્યનો દિવસ- સિક્કિમ
- 21 મે: રવિવાર, ■ 22 મે: મહારાણા પ્રતાપ જયંતિ-ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, પંજાબ, રાજસ્થાન
- 24 મે: કાઝી નઝરૂલ ઈસ્લામ જયંતી-ત્રિપુરા
- 27 મે: ચોથો શનિવાર
- 28 મે: રવિવાર

## ભારતીય કોર્પોરેટ જગતમાં ઓળખ બનાવી રહ્યો છે આકાશ અંબાણી

■ **જિયો પ્લેટફોર્મ્સ અને ગ્રૂપની અન્ય કંપનીઓની ગ્રોથ, સફળતામાં રહ્યું છે મહત્વપૂર્ણ યોગદાન**

ગુજરાત | વંદન

આકાશ અંબાણી એક બિઝનેસ લીડર છે જે ભારતીય કોર્પોરેટ જગતમાં પોતાની ઓળખ બનાવી રહ્યા છે. ભારતના સૌથી ધનાઢ્ય વ્યક્તિ મુકેશ અંબાણીના મોટા પુત્ર તરીકે, આકાશને શ્રેષ્ઠતાનો વારસો મળ્યો છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, જિયો પ્લેટફોર્મ્સ અને ગ્રુપની અન્ય કંપનીઓની ગ્રોથ અને સફળતામાં તેમનું યોગદાન તેમની નેતૃત્વ કુશળતા અને સ્ટ્રેટેજી પોઈન્ટ ઓફ વ્યુનો પુરાવો છે. તો ચાલો આકાશ અંબાણીના શિક્ષણ, વ્યવસાયિક પ્રવાસ, સ્થિતિ, નેટવર્થ અને વધુ પર એક નજર કરીએ.




આકાશ અંબાણી ભારતીય બિઝનેસ ટાયકૂન મુકેશ અંબાણી અને નીતા અંબાણીના મોટા પુત્ર છે. તેણે મુંબઈની ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલમાંથી સ્કૂલનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. બાદમાં, તેમણે યુએસએના રોડ આઈલેન્ડની બ્રાઉન યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં સ્નાતકની ડિગ્રી મેળવી હતી.માર્ચ 2019 માં, આકાશ અંબાણીએ હીરાના વેપારી રસેલ મહેતાની પુત્રી શ્લોકા મહેતા સાથે લગ્ન કર્યા હતા. આ લગ્ન એક ભવ્ય પ્રસંગ હતો અને તેમાં ભારત અને વિદેશની અનેક હાઈ-પ્રોફાઈલ વ્યક્તિઓએ હાજરી આપી હતી. તેમની વ્યાવસાયિક કારકિર્દીની દ્રષ્ટિએ, આકાશ અંબાણી તેમના પિતાના બિઝનેસ સામ્રાજ્યની મુખ્ય કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ સાથે સંકળાયેલા છે.

ગયા વર્ષે જૂનમાં આકાશ અંબાણીએ રિલાયન્સ જિયોમાં ચેરમેનની ભૂમિકા નિભાવી હતી. તેમના વર્તમાન પદ પહેલા, તેઓ રિલાયન્સ જિયો ઈન્ફોકોમ લિમિટેડમાં નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટરનું પદ સંભાળતા હતા. તેમણે રિલાયન્સ ગ્રૂપની અન્ય કંપનીઓમાં પણ વિવિધ હોદ્દાઓ સંભાળ્યા છે, જેમાં Jio પ્લેટફોર્મ્સ અને રિલાયન્સ રિટેલનો સમાવેશ થાય છે. આકાશના નેતૃત્વ હેઠળ, Jio પ્લેટફોર્મ્સ, હાઈ-સ્પીડ ઈન્ટરનેટ, વૉઈસ કૉલિંગ અને કન્ટેન્ટ સ્ટ્રીમિંગ જેવી ઑફરિંગ સાથે ભારતમાં અગ્રણી ડિજિટલ સેવા પ્રદાતાઓમાંનું એક બની ગયું છે. કંપનીએ ઈ-કોમર્સમાં પણ વિસ્તરણ કર્યું છે અને આ જગ્યામાં અનેક સ્ટાર્ટઅપ્સ હસ્તગત કર્યા છે.




IPO પહેલા એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું

## OYOએ છેલ્લા ક્વાર્ટરમાં રૂપિયા 90 કરોડનો નફો કર્યો

■ **આ વર્ષે પ્રીમિયમ કેટેગરીમાં 1,800 હોટલ ઉમેરવાની યોજના**

ગુજરાત | વંદન

હોસ્પિટાલિટી સ્ટાર્ટઅપ OYOએ IPO પહેલા એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. આ કંપની પ્રથમ વખત નફો કમાવવામાં સફળ રહી છે. ઓયોએ માર્ચ 2023 ક્વાર્ટરમાં આ સિદ્ધિ હાંસલ કરી હતી. આ એટલા માટે પણ મહત્વનું બની જાય છે કારણ કે OYO ટૂંક સમયમાં IPO લાવવાની તૈયારી કરી રહ્યું છે.

અહેવાલો અનુસાર, ઓયોએ ગયા નાણાકીય વર્ષના છેલ્લા ત્રિમાસિક ગાળામાં એટલે કે 2022-23માં રૂ. 90 કરોડનો નફો કર્યો હતો. કંપનીના ફાઉન્ડર રિતેશ અગ્રવાલે આંતરિક ટાઉનહોલમાં કર્મચારીઓને આ અંગે માહિતી આપી હતી. તેમણે કર્મચારીઓને જણાવ્યું કે OYOએ માર્ચ ક્વાર્ટરમાં રૂ. 90 કરોડના વધારાના કેશફ્લો સાથે બંધ કર્યું. તેમણે વધુમાં જણાવ્યું કે લગભગ તમામ માર્કેટમાં બુકિંગ વધવાને કારણે OYO નફો કરવામાં સફળ રહી છે. ખાસ કરીને યુરોપમાં બુકિંગમાં નોંધપાત્ર વધારો થયો છે. આ તેજી માત્ર પીક સીઝન માટે જ નથી, પરંતુ નવેમ્બરથી માર્ચ સુધીની ઓફ સીઝન માટે પણ અગાઉથી સારી બુકીંગ મળી રહી છે. આનાથી કંપનીને પ્રથમ વખત નફો કરવામાં મદદ મળી છે. OYO સ્થાપક અપેક્ષા રાખે છે કે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં એટલે કે એપ્રિલ-જૂન 2023 દરમિયાન નફો મેળવવાની પ્રક્રિયા ચાલુ રહેશે. બેલેન્સ શીટ મુજબ અત્યારે કંપની પાસે રૂ. 2,700 કરોડ રોકડ છે. કંપની આ વર્ષે પ્રીમિયમ કેટેગરીમાં 1,800 હોટલ ઉમેરવાની યોજના ધરાવે છે.

## યે દોસ્તી હમ નહી તોડેંગે: મિત્રને ગિફ્ટ કર્યું 1500 કરોડનું ઘર..!

■ **મુકેશ અંબાણીએ જુના મિત્ર અને વિશ્વાસુ કર્મચારીને કર્યા માલામાલ**

ગુજરાત | વંદન

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી દેશના સૌથી અમીર વ્યક્તિ છે. એવા અહેવાલ છે કે, અંબાણીએ તેમના સૌથી જૂના અને વિશ્વાસુ સહયોગી મનોજ મોદીને 1500 કરોડ રૂપિયાનું 22 માળનું મકાન ખરીદી આપ્યું છે.

મનોજ હરિવંજન મોદી 55 વર્ષના છે અને ગુજરાતી પરિવાર સાથે સંબંધ ધરાવે છે. મનોજ મોદી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સૌથી જૂના અને વિશ્વાસુ કર્મચારીઓમાંથી એક છે. તેમને અંબાણીના જમણા હાથ કહેવામાં આવે છે. મોદી રિલાયન્સ રિટેલ અને રિલાયન્સ જિયોમાં ડિરેક્ટર પણ છે. આ સિવાય તે મુકેશ અંબાણી અને તેમની



પત્ની નીતા અંબાણીના મિત્ર પણ છે. મુકેશ અંબાણી અને મનોજ મોદી મુંબઈ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ કેમિકલ ટેક્નોલોજીમાં સાથે ભણતા હતા ત્યારથી મિત્રો છે.

મનોજ મોદી 80ના દાયકાની શરૂઆતમાં રિલાયન્સમાં જોડાયા હતા. ત્યારથી, તેમણે રિલાયન્સ માટે કરોડો ડોલરના સોદા મેળવ્યા છે. જેમાં 2020માં Facebook સાથે Jioની 43,000 કરોડ રૂપિયાની ડીલ પણ સામેલ છે. મુકેશ અંબાણીએ મનોજ મોદીને જે ઘર ગિફ્ટ કર્યું છે તેનું નામ 'વૃંદાવન' છે. આ 22 માળની ઈમારત મુંબઈના નેપિયન સી રોડ પર છે. આ વિસ્તારમાં ઘણા અન્ય પ્રખ્યાત અબજોપતિ લોકો રહે છે. મોદીને ભેટ મળી. ઘરના દરેક માળનો વિસ્તાર લગભગ 8,000 ચોરસ ફૂટમાં ફેલાયેલો છે. જ્યારે બિલ્ડિંગનો કુલ વિસ્તાર 1.7 લાખ ચોરસ ફૂટ છે. આ ઘરના પહેલા 7 માળ કાર પાર્કિંગ માટે રિઝર્વ કરવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, આ ઘર માટે ફર્નિચર ઈટાલીથી મંગાવવામાં આવ્યું છે. મેજિકબ્રિક્સના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, આ ઘરની કિંમત લગભગ 1500 કરોડ રૂપિયા છે.

## અટલ પેન્શન યોજના હેઠળ થયેલ નોંધણી 52 મિલિયનને પાર

■ **APYમાં કુલ અસ્કયામતો અંડર મેનેજમેન્ટ (AUM) 27,200 કરોડથી વધુ**

ગુજરાત | વંદન




અટલ પેન્શન યોજના (APY) હેઠળ કુલ નોંધણી, સરકાર સમર્થિત યોજના છે જે સબસ્ક્રાઈબર્સને તેમના યોગદાનના આધારે

1,000-5,000 ની લઘુત્તમ માસિક પેન્શનની બાંયધરી આપે છે, 31 માર્ચે 52 મિલિયનના આંકને વટાવી ગઈ છે.

નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ યોજનાએ FY22 માં 9.9 મિલિયનની સરખામણીમાં FY23 માં 11.9 મિલિયનથી વધુ નવા સબ્સ્ક્રાઈબર્સની નોંધણી કરી હતી, જે 20% થી વધુ વૃદ્ધિ દર્શાવે છે. APYમાં કુલ અસ્કયામતો અંડર મેનેજમેન્ટ (AUM) 27,200 કરોડથી વધુ છે અને આ યોજનાએ 9 મે, 2015 ના રોજ શરૂઆતથી 8.69% નું રોકાણ વળતર જનરેટ કર્યું છે. APY હેઠળ, સબ્સ્ક્રાઈબરને તેમના યોગદાનના આધારે, 60 વર્ષની ઉંમરથી દર મહિને 1,000 થી 5,000 ની આજીવન બાંયધરીકૃત પેન્શન મળશે.

સબસ્ક્રાઈબરના અવસાન પછી સબ્સ્ક્રાઈબરના જીવનસાથીને સમાન પેન્શન ચૂકવવામાં આવશે અને સબસ્ક્રાઈબર અને જીવનસાથી બંનેના અવસાન પર, સબસ્ક્રાઈબરની 60 વર્ષની ઉંમર સુધી સંચિત પેન્શન સંપત્તિ નોમિનીને પાછી આપવામાં આવશે.

બિહાર, ઝારખંડ, આસામ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ, ત્રિપુરા, રાજસ્થાન, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા અને ઉત્તરાખંડ એમ 12 રાજ્યોએ પોતપોતાની રાજ્ય સ્તરીય બેંકર સમિતિ (SLBC) ની મદદથી તેમના વાર્ષિક નોંધણી લક્ષ્યાંકો હાંસલ કર્યા છે.

એર ઈન્ડિયા 1000 પાઈલટની ભરતી કરશે

## વર્લ્ડ પાઈલટ્સ ડેના અવસરે એરલાઈન્સે જાહેરાત બહાર પાડી




ગુજરાત | વંદન

ટાટા સમૂહની માલિકી હેઠળની એરલાઈન્સ એર ઈન્ડિયા 1,000 પાઈલટને હાયર કરવાની તૈયારી કરી રહી છે. તેમાં કેપ્ટન્સ અને ટ્રેનર્સની પોસ્ટ પર ભરતી કરાશે. વર્લ્ડ પાઈલટ્સ ડેના અવસરે એર ઈન્ડિયાએ આ વેકેન્સી બહાર પાડી હતી. તાતા સમૂહ એર ઈન્ડિયાનું વિસ્તરણ કરવાના પ્રયાસ કરી રહી છે અને એટલા માટે જ નવા એરક્રાફ્ટ ખરીદવાનો ઓર્ડર પણ અપાયો છે.

એર ઈન્ડિયા વતી જાહેર કરાયેલી જાહેરાત અનુસાર એરલાઈન્સ 1,000 પાઈલટ્સને હાયર કરશે. એર ઈન્ડિયા અનુસાર A320, B777, B787 અને B737 ફ્લીટ માટે કેપ્ટન, ફર્સ્ટ ઓફિસર અને ટ્રેનર્સની પોસ્ટ માટે હાયરિંગના માધ્યમથી અમે અનેક પોસ્ટ પર ભરતી કરવા અને બઢતી આપવા જઈ રહ્યા છીએ.

એરલાઈન્સે જણાવ્યું હતું કે તે તેની ફ્લીટમાં 500 નવા એરક્રાફ્ટ ઉમેરવાની પણ તૈયારી કરી રહી છે. તાજેતરમાં એર ઈન્ડિયાએ બોઈંગ અને અને એરબસને નવા વિમાન માટે ઓર્ડર આપ્યો હતો જેમાં વાઈડ બોડી એરક્રાફ્ટ પણ સામેલ હતા. હાલ એર ઈન્ડિયા સાથે 1800 પાઈલટ્સ જોડાયેલા છે. અરજદારો કોઈપણ પ્રકારની માહિતી aigrouphiring@airindia.com મેઈલ કરી શકે છે.

## એસજીવીપી એરપોર્ટ પર પ્રવાસીઓ માટે સિક્યોરિટી હોલ્ડ વિસ્તારમાં વધારો કરાશે

■ **મુસાફરોને મોકળાશ સાથે આનંદદાયક અનુભવ થશે**

ગુજરાત | વંદન

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હવે મુસાફરોને વધુ સારો અનુભવ થશે. સતત વધી રહેલા પેસેન્જર ટ્રાફિકને જોતા ડિપાર્ચર એરિયામાં સિક્યોરિટી હોલ્ડ વિસ્તારને વધારવામાં આવશે. લેવલ 1 પર સિક્યોરિટી હોલ્ડ એરિયામાં ટ્રાફિક માંગને પહોંચી વળવા તેની સુવિધાઓ અને સવલતોમાં વધારો કરાશે. જેમાં બેબી-કેર રૂમ અને સ્મોકિંગ લાઉન્જને પણ જ આવરી લેવામાં આવશે.

તાજેતરમાં અમદાવાદ એરપોર્ટે પર આવાગમન કરતા મુસાફરોની સંખ્યા 10 મિલિયનને આંબી જવાનો વિક્રમ સર્જ્યો છે. ઝડપથી વધી રહેલી મુસાફરોની સંખ્યા અને એરક્રાફ્ટની અવરજવરના પગલે SVPI એરપોર્ટ કનેક્ટિવિટી વધારવાની સાથે ઈન્ફ્રા ડેવલપમેન્ટ દ્વારા ગ્રાહકોને બહેતર સુવિધાઓ પ્રદાન કરવા પ્રયાસરત છે.રિએન્જિનિયરિંગ દ્વારા ટર્મિનલની અંદરનો વિસ્તાર 11000sqm વધારવામાં આવશે. જેમાં હાલના બેબી-કેર રૂમ, સ્મોકિંગ લાઉન્જ, ફૂડ અને બેવરેજીસ આઉટલેટ્સ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડના રિટેલ આઉટલેટ્સ, વર્લ્ડક્લાસ બેઠક વિસ્તાર સહિતની સુવિધાઓ સમાવવામાં આવશે. T1 પર નવા અત્યાધુનિક લૂક ધરાવતા ફર્સ્ટ ફ્લોરનું નવીનીકરણ અને વિસ્તરણ લગભગ ત્રણ મહિનામાં પૂર્ણ થશે. જો કે મુસાફરો માટે કેટલીક આવશ્યક સેવાઓ એક મહિનામાં જ ઉપલબ્ધ કરાવાશે.

SVPIA એરપોર્ટ પર0 મુસાફરોને આનંદદાયક અનુભવ મળે તે માટે હજુ કેટલાય સુખદ આસ્ચર્યો પાઈપલાઈનમાં છે!

## ભારત UAEમાંથી કન્સેશનલ ડ્યુટી પર 140 ટન સોનાની આયાત કરશે

■ **અબજો રૂપિયાનું સોનું સસ્તી કિંમતે લાવવા સરકારની તૈયારી**

ગુજરાત | વંદન

ભારત ટૂંક સમયમાં UAE માંથી કન્સેશનલ ડ્યુટી પર 140 ટન સોનું આયાત કરી શકે છે. આ આયાત દ્વિપક્ષીય વેપાર કરાર હેઠળ કરવામાં આવશે. ભારત ક્વોટા સિસ્ટમ દ્વારા 140 ટન સોનાની આયાત માટે નવી વિન્ડો ખોલશે જેને વેપારી ભાષામાં ટેરિફ રેટ ક્વોટા (TRQ) કહેવાય છે અને આ હેઠળ આયાતને મંજૂરી આપવામાં આવશે.

ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ સંતોષ સારંગીએ જણાવ્યું હતું




કે INDIA-UAE કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ (CEPA) ના સુધારેલા સરળ પાત્રતા માપદંડો અને ભારતીય આયાતકારો માટે અનુપાલન બોજ ઘટાડીને જૂના અને નવા અરજદારોને ગોલ્ડ TRQs ફાળવવામાં આવશે.

DGFT મુજબ વર્તમાન અરજી પ્રક્રિયાથી અરજદારોના જૂથ અથવા વર્ગને ભૌતિક રીતે ફાયદો થશે નહીં.

બીજી તરફ અધિકારીઓએ કહ્યું કે ઉત્પાદકો અને જ્વેલર્સને આ વિન્ડોનો ઉપયોગ કરવાની છૂટ આપવામાં આવશે. તેના પાત્રતા માપદંડમાં ફેરફાર કર્યા પછી ક્વોટા સિસ્ટમ હેઠળ આયાતને કારણે કોઈ આવકનું નુકસાન થશે નહીં એમ તેમણે જણાવ્યું હતું.

## અદાણી ગ્રુપની કંપનીઓમાંથી વિનોદ અદાણી અચાનક ખસી ગયા

■ **ગૌતમ અદાણીની ઓસ્ટ્રેલિયન કંપનીઓમાંથી રહસ્યમય સંજોગોમાં રાજીનામું આપ્યું**

ગુજરાત | વંદન


ગૌતમ અદાણીના મોટા ભાઈ વિનોદ અદાણી એ ઓસ્ટ્રેલિયામાં કોલસાની ખાણો સાથે સંકળાયેલી ત્રણ કંપનીઓમાંથી અચાનક રાજીનામું આપી દીધું છે. અમેરિકન શોર્ટ સેલર હિન્ડનબર્ગના અહેવાલ પછી અદાણી ગ્રૂપ માટે નેગેટિવ વાતાવરણ પેદા થયું છે. આ દરમિયાન વિનોદ અદાણીએ આ પગલું ભર્યું છે. હિન્ડનબર્ગના રિપોર્ટમાં વિનોદ અદાણી વિશે પણ કેટલાક ગંભીર આરોપો કરવામાં આવ્યા હતા. વિનોદ અદાણી એક સમયે સૌથી ધનાઢ્ય NRI ગણવામાં



આવતા હતા. લેટેસ્ટ અહેવાલ પ્રમાણે ઓસ્ટ્રેલિયામાં અદાણીના કોલસાની ખાણો સાથે સંકળાયેલી ત્રણ કંપનીઓ - કારમાઈકલ રેલ એન્ડ પોર્ટ સિંગાપોર, કારમાઈકલ રેલ સિંગાપોર અને એબોટ પોઈન્ટ ટર્મિનલ એક્સપેન્શનમાંથી વિનોદ અદાણીએ રાજીનામું આપી દીધું છે.

અદાણી ગ્રૂપે આ રાજીનામા અંગે કોઈ સ્પષ્ટતા કરી નથી. અદાણી જૂથ પર દેખરેખ રાખવામાં નિયમનકારો નિષ્ફળતા રહ્યા છે કે કેમ તે અંગે સુપ્રીમ કોર્ટે એક સમિતિને તપાસનો આદેશ આપ્યો, તેનાથી થોડા દિવસ અગાઉ જ આ રાજીનામા અપાયા છે. જાન્યુઆરીના છેલ્લા સપ્તાહમાં હિન્ડનબર્ગ રિસર્ચ દ્વારા અદાણી ગ્રૂપ સામે સવાલો કરવામાં આવ્યા તેના કારણે ગ્રૂપની કંપનીઓના શેર ઘટવા લાગ્યા હતા.

હવે મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ગૌતમ અદાણીના મોટા ભાઈ વિનોદ અદાણીએ ઓસ્ટ્રેલિયામાં કોલસાની ખાણો સાથે સંકળાયેલી ત્રણ કંપનીઓ કારમાઈકલ રેલ એન્ડ પોર્ટ સિંગાપોર, કારમાઈકલ રેલ સિંગાપોર અને એબોટ પોઈન્ટ ટર્મિનલ એક્સપેન્સનના ડિરેક્ટરનું પદ છોડી દીધું છે. આ ત્રણ કંપનીઓમાં અદાણી ગ્રૂપે અબજો ડોલર લગાવ્યા છે. જોકે, વિનોદ અદાણી હજુ પણ સિંગાપોર સ્થિત એબોટ પોઈન્ટ પોર્ટ હોલ્ડિંગ્સના બોર્ડમાં સામેલ છે.



# મહિલાઓ માટે વજન ઘટાડવાની આ છે સૌથી સરળ ટિપ્સ, તમે પણ અજમાવી જુઓ

વધતી ઉંમર સાથે મહિલાઓમાં વારંવાર વજન વધવા ની સમસ્યા જોવા મળે છે, આવી સ્થિતિમાં જો તમે પણ આ સમસ્યાથી પરેશાન છો અને વજન ઘટાડવા નું વિચારી રહ્યા છો તો આજે અમે તમને એક એવા ડાયટ પ્લાન વિશે જણાવીશું જે મહિલાઓને વજન ઘટાડવામાં મદદ કરી શકે છે. આ એવો ડાયટ પ્લાન છે જેને તમે લાંબા સમય સુધી ફોલો કરી શકો છો. આ ડાયટની મદદથી તમે લાંબા સમય સુધી એનર્જેટિક પણ રહી શકો છો. સાથે જ તમારે ભૂખ્યા રહીને ડાયટિંગ કરવાની પણ બિલકુલ જરૂર નથી.

1 પૂરતા પ્રમાણમાં કરો પાણીનુ સેવનઃ જો તમે ભરપૂર માત્રામાં પાણીનું સેવન કરો છો, તો તે તમારા વજનને નિયંત્રિત કરવામાં ખૂબ મદદરૂપ સાબિત થાય છે. સાથે જ તમે હાઈડ્રેટેડ પણ રહો છો, તેથી દિવસ દરમિયાન ઓછામાં ઓછું 4-5 લિટર પાણી પીવાનો પ્રયાસ કરો.

2 નાસ્તામાં કરો પ્રોટિન યુક્ત પદાર્થોનુ સેવનઃ તમારે તમારા દિવસની શરૂઆત પ્રોટીનથી ભરપૂર વસ્તુઓથી કરવો જોઈએ. તે તમારા વજનને નિયંત્રિત કરવામાં ખૂબ જ અસરકારક છે અને સાથે જ તમને લાંબા સમય સુધી એનર્જેટિક પણ રાખે છે. તમે કઠોળ, રાજમા, ચણા અને અન્ય વસ્તુઓને ડાયટમાં સામેલ કરી શકો છો.

3 મર્યાદિત પ્રમાણમાં કરો ખાંડનુ સેવનઃ જો તમે વજનને નિયંત્રિત કરવા માંગો છો તો તમારે ખાંડનું સેવન ખૂબ ઓછું કરવું જોઈએ. જો તમે આહારમાં વધુ ખાંડવાળી વસ્તુઓનો સમાવેશ કરો છો તો તે તમારા સ્વાસ્થ્યને વિપરિત અસર કરે છે. વધુ પડતું વજન શરીર માટે હાનિકારક છે કારણ કે વધુ પડતા વજનને કારણે ડાયાબિટીસ, હૃદયને લગતી અનેક ગંભીર બીમારીઓનું જોખમ બે ગણું વધી જાય છે. તેથી ખાંડનું સેવન માત્ર સંયમિત માત્રામાં કરો.

4 પ્રોબાયોટિક્સનો કરો ઉપયોગઃ જો તમે પ્રોબાયોટીક્સનું પુષ્કળ પ્રમાણમાં સેવન કરો છો, તો તે તમારું વજન ઘટાડવામાં મદદરૂપ થાય છે. એટલું જ નહીં આ તમને સ્વસ્થ પણ રાખે છે અને સાથે જ તમને વારંવાર ભૂખ પણ નથી લાગતી. તેથી, જો તમે વજન ઘટાડવાનું વિચારી રહ્યા છો, તો તમારે આહારમાં પ્રોબાયોટીક્સ ધરાવતી વસ્તુઓનું સેવન કરવું જોઈએ.

5 રોજ કરો વ્યાયામઃ જો તમે વજનને નિયંત્રિત કરવા માંગો છો, તો તમારે વર્કઆઉટ કરવું જોઈએ. જો તમે દરરોજ વર્કઆઉટ કરો છો તો તે તમારી કેલરી બર્ન કરવામાં ઘણી મદદ કરે છે. દરરોજ માત્ર વર્કઆઉટ કરવાને બદલે તમે યોગા પણ કરી શકો છો.



# કેન્સર સહિતની આટલી બીમારી માટે ખૂબ ઉપયોગી છે ડ્રેગન ફ્રુટ

કેન્સરથી લડવામાં સક્ષમ-વેબએમડીના સમાચાર અનુસાર, ડ્રેગન ફ્રુટમાં ફ્લેવેનોઈડ, ફેનોલોએક એસિડ અને વિટાસાયમિન જેવા એન્ટીઓક્સિડેંટ્સ હોય છે, જે કુદરતી રીતે ફ્રી રેડિકલ્સને ખતમ કરે છે. ફ્રી રેડિકલ્સના કારણે ઓક્સીડેટિવ સ્ટ્રેસ થાય છે અને તેના સેલ્સના ડીએનએમાં પરિવર્તન થઈ જાય છે. સેલ્સમાં પરિવર્તન કેન્સરને બનવાનો મોકો આપે છે. એટલા માટે જ્યારે ફ્રી રેડિકલ્સ ઓછુ થાય છે, તો કેન્સરનું જોખમ પણ ઓછું થઈ જાય છે.

વજન ઘટાડવામાં મદદરુપ- ડ્રેગન ફ્રુટમાં ખૂબ વધારે ફાઈબર હોય છે. આ સ્નેક્સ રીતે વધારે સારો વિકલ્પ હોય શકે છે. જો સવાર સવારમાં તેને ખાવામાં આવે તો, દિવસભર ભૂખ નથી લાગતી. એટલા માટે જે લોકો વજન ઘટાડવા માગે છે, તેમના માટે ડ્રેગન ફ્રુટ જરબદસ્ત કામ કરી શકે છે.

હાર્ટ માટે ફાયદાકારક- ડ્રેગન ફ્રુટમાં નાના નાના બીજ હોય છે. આ બીજમાં ઓમેગા-3 અને ઓમેગા-9 ફૈટી એસિડ હોય છે. બીજી તરફ ડ્રેગન ફ્રુટમાં ફૈન નહીં બરાબર છે. એટલા માટે તે હાર્ટને હેલ્ધી બનાવે છે અને કોલેસ્ટ્રોલને વધતા અટકાવે છે. ડાયાબિટીઝ કંટ્રોલ રાખશે- ડ્રેગન ફ્રુટમાં નેચરણ રીતે બ્લડ શુગરને ઘટાડે છે. એક રિસર્ચમાં પણ સાબિત થયું છે કે, ડ્રેગન ફ્રુટના સેવનથી પૈંક્રિયાઝથી ઈંસુલિનનું ઉત્પાદન યોગ્ય થઈ જાય છે. બ્લડ શુગર ત્યારે વધે છે, જ્યારે ઈંસુલિન ઘટે છે. એટલે કે, ડ્રેનગ ફ્રુટ કુદરતી રીતે ઈંસુલિનને વધારી શકે છે.ઈમ્યૂનિટી બૂસ્ટ કરે- ડ્રેગન ફ્રુટ ઈમ્યૂનિટીને બૂસ્ટ કરવામાં મદદ કરે છે. ડ્રેગન ફ્રુટમાં ઘણા વધારે વિટામીન સી અને એન્ટીઓક્સિડેંટ્સ હોય છે, જે ઈમ્યૂન સિસ્ટમને મજબૂત બનાવવામાં મદદ કરે છે.

# કેરીનું અથાણું કેવી રીતે બનાવશો....

**બનાવવાની રીતઃ** ઓછા તેલમાં ઘરે બનાવો કાચી કેરીનું આ રીતે અથાણું, આંગળીઓ ચાટતા રહી જશો. કેરીના અથાણાનું નામ પડતા જ મોમાં પાણી આવી જાય છે. ભાગ્યે જ કોઈ એવું હશે, જેને કેરીનું અથાણું પસંદ નહીં હોય. ભારતીય પરિવારોમાં તો અથાણાની સીઝન આધાર પર બનાવવામાં આવે છે. જેવી કેરીની સિઝન આવે છે, તો દરેક ઘરમાં જાણે કેરીના અથાણાની સુગંધ ફેલાવા લાગે છે. તો આવો આજે અમે આપને ઘરે બેઠા કેવી રીતે ખૂબ જ ઓછા તેલમાં અથાણું બનાવવાની રીત જણાવીએ.

એક કિલો કાચી કેરીને પાણીમાં 10 કલાક માટે પલાડીને રાખી મુકો. તેને ધોઈને કાઢી પાંચ છ કલાક સુકવવા માટે મુકી દો. હવે તેને સાફ કરી, ગોટલીનો ભાગ કાઢી લો. તેને છોલવાનું નથી. તેને મનપસંદ પીસમાં કાપીને બાઉસમાં નાખી દો. કપાયેલ કેરીના ટુકડામાં બે મોટી ચમચી મીઠું અને એક મોટી ચમચી હળદર નાખો, બંનેને સારી રીતે ભેળવો. ત્યાર બાદ બે દિવસ માટે ઢાંકીને રાખી મુકો. આ દરમ્યાન દરરોજ ચલાવવાનું ન ભૂલતા. બે દિવસ બાદ તેને ચાળીને જ્યૂસ અલગ કરી લો અને તેના જ્યૂસને બાઉસમાં ભરીને ફ્રીજમાં રાખી મુકો.

હવે ચાસણીથી કાઢીને મોટા વાસણમાં કેરીના ટુકડાને અલગ અલગ ફેલાવી દો. જો તડકો હોય તો, તેને ત્રણ ચાર કલાક તડકામાં રાખી મુકો. જો તડકો ન હોય તો, તેને પંખાની હવામાં સાતથી આઠ કલાક અથવા તો આખી રાત છોડી મુકો. બાદમાં બીજા દિવસે તે સુકાઈ જાય તો, તેને બાઉલમાં ભરી લો. સુકી કેરીના બાઉલમાં દાણાદાર રીતે દળેલા મસાલા, 1 નાની ચમચી છીણેલા મરચા, 1 નાની ચમચી લાલ મરચા પાઉડર, 2 મોટી ચમચી મીઠું, અડધો કપ કેરીમાંથી કાઢેલો જ્યૂસ અને મસાલા વાળા તેલ નાખો. તેને સારી રીતે ભેળવીને ઢાંકી દો. બે દિવસ માટે તેને રાખી મુકો. યાદ રાખો કે, દરરોજ એક વાર ચમચા વડે હલાવો. બે દિવસ બાદ કેરીનું અથાણું બની જશે. તેમાં બે મોટી ચમચી વિનેગર નાખી ને સારી રીતે ભેળવી દો. બસ હવે ખાવામાં તૈયાર છે આપનું કેરીનું અથાણું.

## અથાણું બનાવવા માટેની સામગ્રી

- 1 કિલો કાચી કેરી
- 2 મોટી ચમચી મીઠું
- 1 મોટી ચમચી હળદર
- 2 મોટી ચમચી વરિયાળી
- 1 મોટી ચમચી મેથા દાણા
- 2 મોટી ચમચી સરસવના દાણા
- 1/3 કપ સરસવનું તેલ
- 1/2 નાની ચમચી અજમો
- 1/4 નાની ચમચી હીંગ
- 1 નાની ચમચી હળદર
- 1 નાની ચમચી લાલ મરચું
- 1 નાની ચમચી લાલ મરચાનું પાઉડર
- 2 મોટી ચમચી મીઠું



# નાના બાળકો જો ઘરમાં હોય તો, ACનું ટેમ્પરેચર આટલું રાખો, નહીંતર ડૉક્ટર પાસે જવાનો વારો આવશે

ગરમી આવી ચુકી છે. લોકો ધોમધખતા તાપ સામે લડવા તૈયાર થઈ ગયા છે. જો આપ પણ ગરમીથી બચવા માગો છો, તો એક સૌથી સારો ઉપાય છે. દિવસભર કામ બાદ આરામ કરવા માટે એસીની ઠંડી હવા જરુરી થઈ ગઈ છે. ઘર, ઓફિસ, મોલ અને સિનેમાઘર-દરેક જગ્યાએ આપને ગરમીથી લડવા માટે એસી લાગેલા જોવા મળશે. ક્યારેક ક્યારેક ટેમ્પરેચર એટલું વધારે થઈ જાય છે કે, સ્વાસ્થ્ય માટે હાનિકારક થઈ શકે છે. શિશુ અથવા બાળક માટે એસીનો ઉપયોગ કરતી વખતે આપે થોડી સાવધાની રાખવી જોઈએ. જો આપના ઘરમાં બેબી છે અને રુમમાં એસી લાગેલું છે, તો તેનો



ઉપયોગ કરતા પહેલા આપે જાણી લેવું જોઈએ કે, એસીની હવા આપના બેબી માટે સારી છે કે નહીં. રિસર્ચ અનુસાર જો આપના ઘરમાં બાળક છે, તો એસીનો કેવી રીતે ઉપયોગ કરવો જોઈએ. , જો આપ બાળકોને એર કંડીશનરમાં સુવડાવી રહ્યા છીએ, તો તેનું ટેમ્પરેચર 26થી 28 સેલ્સિયસની વચ્ચે હોવું જોઈએ. જ્યાં બાળકો સુઈ રહ્યા છે, ત્યાંનું ટેમ્પરેચર તેનાથી ઓછું ન હોવું જોઈએ.

## શું થાય છે નુકસાન

જો આપ બાળકોના રુમમાં એસી અથવા કૂલર લગાવવા માગો છો, તો આપે એ ધ્યાન રાખવું જોઈએ કે આપ તેને ઠંડા ટેમ્પરેચરમાં વધારે સમય સુધી ન રાખો. બાળકોને વધારે ઠંડા ટેમ્પરેચરમાં રાખવાથી બોડી ટેમ્પરેચર લો થવાનો ખતરો રહે છે, તેનાથી તેના સ્વાસ્થ્યને નુકસાન થઈ શકે છે. એટલા માટે આપ એ નક્કી કરવું જોઈએ કે, આપ બાળકોને ઠંડા ટેમ્પરેચરમાં વધારે સમય સુધી ન રાખો. આપ એસી અથવા કૂલરને સેટ કરતી વખતે તેને મધ્યમ અથવા ઓછા તાપમાન પર જ સેટ કરો, જેથી બાળકને ઠંડી ન લાગે અને તેનું સ્વાસ્થ્ય ઠીક રહે. આપ આપના બાળકના રુમમાં એક ટેમ્પરેચર મીટર રાખી શકો છો. જેનાથી આપ આપના બાળકના રુમમાં તાપમાન કંટ્રોલ કરી શકો.


## શું પહેરાવશો

જ્યારે પણ આપ બાળકોને એસીમાં સુવડાવો છો, તો તેને મોજા, કૈપ અને એક પાતળું સ્વેટર પહેરાવવું જોઈએ. તેનાથી આપના બાળકને ઠંડી નહીં લાગે. જો આપનું બાળક એક મહિનાથી મોટુ છે, તો તેની જરુરિયાત નથી. કારણ કે તેને પોતાના શરીરને એડજેસ્ટ કરવાની ક્ષમતા હોય છે.


## પંખો ઓન ન કરો

જો આપ બાળકને એસીવાળા રુમમાંથી બીજા રુમમાં લઈ જાઓ, તુરંત આવું ન કરો. બાળક તેની બોડી ટેમ્પરેચરને રુમ ટેમ્પરેચર પર આવવો દો. એક વાતનું ધ્યાન રાખો કે, જો એસીવાળા રુમમાં બાળક છે, તો પંખો ઓન ન કરો. પંખાની હવા બાળકના ચહેરાને સીધી રીતે અસર કરે છે અને તેનાથી અસ્થમા જેવી સમસ્યા થઈ શકે છે.

# પિકનિકનું પ્લાનિંગ કરી રહ્યાં હોવ તો ગુજરાતના આ સ્થળો છે બેસ્ટ ઓપ્શન





પોલોનું જંગલ ગુજરાત રાજ્યના સાબરકાંઠા જિલ્લામાં ઈડરથી વિજયનગર જવાના રસ્તે આવેલું છે. તે હિંમતનગરથી 70 કિમી અને અમદાવાદથી 150 કિમીના અંતરે છે. આ જંગલની વચ્ચે થઈને હરણાવ નદી વહે છે. જેના પર એક મોટો બંધ અને અનેક નાના આડબંધ બાંધવામાં આવ્યા છે. પોલોના જંગલોમાં આપ એક દિવસનો પ્રવાસ માણી શકો છો. બારેય મહિના તમે પોલોના જંગલોમાં આવી શકો છો. ચોમાસામાં આપ અહીં આવશો તો આપને પ્રકૃતિ તેના સોળે કળાએ ખીલેલી દેખાશે. જેને જોઈને આપનું મન પણ પ્રફુલિત થઈ જશે.





નર્મદા ડેમ અને નદીના સામા કિનારે લગભગ 8 કિમીના અંતરે આવેલા ઝરવાણીનો ધોધ જંગલની વચ્ચે આવેલા ખૂબ જ રમણીય જગ્યા છે. સાતપૂડાની પર્વતમાળામાં આવેલી જગ્યા ચોમાસામાં અદભુત લાગે છે. ચારેબાજુ લીલાંછમ પર્વતો, ખેતરો અને ખળખળ વહેતા ઝરણાં અને નદી મનને તાજગીથી ભરી દે છે. ઝરવાણી ધોધ ભલે ઉંચાઈમાં નાનો છે, પણ તેને જોવા માટે ગોઠણડુબ નદીના પાણીમાં ચાલીને જવુ પડે છે. જે એક સાહસ સાથે રોમાંચની લાગણી આપે છે.

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાલ 2018માં દુનિયાની સૌથી મોટી સરદાર પટેલની પ્રતિમાનું ઉદ્ઘાટન કરીને દેશને સ્ટેચ્યૂ ઓફ યૂનિટીની ભેટ આપી. આજે સરદાર પટેલની 182 મીટર ઉંચી પ્રતિમા ગુજરાત રાજ્ય અને ભારત દેશમાં સેન્ટર ઓફ અટ્રેક્શન બની છે. અહીં હજારોની સંખ્યામાં લોકો આવે છે. જેમાં ભારતના ખૂણે ખૂણેથી આવેલા લોકો નર્મદા જિલ્લાના કેવડીયા ગામની મુલાકાત લે છે. આ પ્રતિમા સરદાર સરોવર ડેમથી 3.5 કિલોમીટરના અંતરે છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી પરથી સરદાર સરોવર ડેમ, સાતપુડા તેમજ વિંધ્ય પર્વતની હારમાળા પણ જોઈ શકાય છે. સ્ટેચ્યૂ ઓફ યૂનિટીની સાથે લેઝર શો, લાઈટ શો, ફ્લાવર વેલી, નૌકા વિહાર, કેક્ટસ ગાર્ડન, બટરફ્લાઈ ગાર્ડન, એક્તા નર્સરી, જંગલ સફારી, એક્તા મોલ સહિત જોવાલાયક સ્થળો છે.




ગુજરાત અને મહારાષ્ટ્રની બોર્ડર પર આવેલું આ એક રમણીય સ્થળ છે. ડાંગના આહવા તાલુકામાં સહ્યાદ્રીની પર્વતમાળાઓમાં આવેલા સાપુતારાની ભવ્ય પહાડીઓ આહલાદક છે. વર્ષ દરમિયાન સાપુતારામાં તાપમાનનો પારો કદી 30 ડિગ્રીની ઉપર નથી જતો. અહીંના સ્થાનિક લોકો આદિવાસીઓ છે, જે સરકારની વિનંતીથી સાપુતારાનું વંશપરંપરાગત રહેઠાણ ખાલી કરી નવાનગર ખાતે રહેવા ગયા છે. સાપુતારામાં આદિવાસી મ્યુઝિયમ પણ જોવાલાયક છે. ઉપરાંત અહી પહાડીઓ પરથી સનસેટ અને સનરાઈઝ પોઈન્ટનો લ્હાવો પણ માણી શકાય છે.




સાબરકાંઠામાં આવેલું છે ઈડર. ઈડરને એક ઐતિહાસિક નગર પણ કહેવામાં આવે છે. ખાસ કરીને ઈડર તેના ઈડરીયા ગઢને કારણે જાણીતું છે. અજેય ગણાતા ઈડરના ગઢ એ જીતનું પ્રતિક છે. હજારો વર્ષથી અનેક ઘટનાઓની સાક્ષી બનેલા ઈડરિયા ગઢનો ઈતિહાસ પણ રસપ્રદ છે. અમદાવાદથી 120 કિલોમીટર દુર આવેલું અને અરવલ્લીની ગિરિમાળાઓ વચ્ચે ઘેરાયેલું અને વિકસેલું છે ઈડર. ભારતભરમાં જાણીતા આ નગરની જો કોઈ વિશિષ્ટ ઓળખ હોય તો તે છે એની વિશાળકાળ શીલાઓ. પથ્થરની વિશાલ શીલાઓ વચ્ચે ઈડર શહેર પણ વર્ષોથી અડીખમ ઉભેલું છે.

# શરીરમાં લોહીની કમીનું કારણ બની શકે છે ROનું પાણી, કડવું સત્ય જાણી ચોંકી જશો...



પરિવર્તનશિલ લાઈફસ્ટાઈલને કારણે આપણી જરૂરીયાતો પણ બદલાતી રહે છે. આજકાલ તમને દરેક ઘરમાં ટીવી, ફ્રીઝ, વોશિંગ મશીન વગેરે જોવા મળી જશે, જે આપણા જીવનને સરળ બનાવે છે. આ સિવાય છેલ્લા કેટલાક વર્ષોમાં એક વસ્તુ લોકોના ઘરમાં જગ્યા બનાવી રહી છે, તે છે RO વોટર પ્યૂરીફાયર. RO નો અર્થ Reverse Osmosis થાય છે, જે દૂષિત પાણીને સાફ કરી પીવા યોગ્ય બનાવે છે. આજના સમયમાં વધતી જનસંખ્યા અને પ્રદૂષણને કારણે પાણી દૂષિત અને ખરાબ થઈ રહ્યું છે. તેવામાં RO વોટર પ્યૂરીફાયર દરેકની જરૂરીયાત બની ગયું છે. રપરંતુ RO ના પાણીનું એક સત્ય પણ છે, જેને જાણીને તમે ચોકી જશો. RO નું પાણી પીવાથી શરીરમાં વિટામિન બી12ની કમી થઈ શકે છે. લેટેસ્ટ રિચર્સમાં આ વાત સામે આવી છે કે લાંબા સમય સુધી ROનું પાણી પિવાથી વિટામિન બી12ની કમી આવી શકે છે. કારણ કે આરઓનું પાણી કેટલાક જરૂરી મિનરલ્સ અને વિટામિનોને હટાવી શકે છે, જે વિટામિન બી12 સહિત પાણીમાં સ્વાભાવિક રૂપથી હાજર હોય છે. પરંતુ તે ધ્યાનમાં રાખવું મહત્વપૂર્ણ છે કે વિટામિન બી12ની કમી સામાન્ય રીતે પાણીની જગ્યાએ ફૂડ સોર્સથી સેવનની કમીને કારણે થઈ જાય છે.

## વિટામિન બી12ની કમીથી શું થાય છે?

વિટામિન B12 સામાન્ય રીતે આવશ્યક વિટામિન છે જે આપણા શરીરની રુધિરાભિસરણ તંત્ર, સંવેદનશીલ ચેતા અને રક્તની રચના માટે જરૂરી છે. તેની ઉણપ ઘણી ગંભીર સમસ્યાઓનું કારણ બની શકે છે, જેમ કે-

**એનીમિયાઃ** વિટામિન B12 ની કમીથી એનીમિયા થઈ શકે છે. એનીમિયા એક એવી સ્થિતિ હોય છે જ્યારે તમારા શરીરમાં બ્લડ સેલ્સની સંખ્યા ઘટી જાય છે. તેનાથી શરીરમાં એનર્જી ઓછી થાય છે અને તમને થાક લાગે છે.

**શરીરમાં સંતુલિત રાખવામાં સમસ્યાઃ** વિટામિન બી12ની કમીને કારણે શરીરને સંતુલિત રાખવામાં સમસ્યા થઈ શકે છે. તે શરીરના અન્ય ભાગોની સાથે બ્રેનને પણ પ્રભાવિત કરી શકે છે.

**ન્યૂરોલોજિકલ સમસ્યાઓઃ** વિટામિન બી12ની કમીથી ન્યૂરોલોજિકલ સમસ્યાઓ થઈ શકે છે. તે શરીરના ન્યૂરોનોને પ્રભાવિત કરી શકે છે, જે શરીરની મોટા ભાગની ગતિવિધિઓને નિયંત્રિત કરે છે.

**ગર્ભાવસ્થા દરમિયાન સમસ્યાઓઃ** વિટામિન બી12ની કમીથી ગર્ભાવસ્થામાં સમસ્યાઓ થઈ શકે છે. તે બાળકના વિકાસ માટે જરૂરી હોય છે.

### વિટામિન બી12ની કમીના લક્ષણ

- થાક અને નબળાઈ
- માથામાં દુખાવો અને શરીરમાં દુખાવો
- આંતરડામાં સમસ્યા, જેમ કે કબજીયાત
- ભૂખની કમી અને વજન ઘટવું
- પેશાબમાં સંક્રમણ કે સંકેત
- સ્વતંત્ર મન અને સ્મૃતિ ભ્રંશ
- ન્યુરોલોજીકલ સમસ્યાઓ જેમ કે ચેતામાં દુખાવો, નિષ્ક્રિયતા આવે છે અને હાથપગમાં કળતર

# આઈપીએલની અડધી સીઝન સમાપ્ત, લખનૌ અને રાજસ્થાનની ટીમ ટોપ પર

■ 405 રન સાથે ફાફ ડુ પ્લેસિસ ઓરેંજ કેપનો મજબૂત દાવેદાર, પર્પલ કેપ માટે સિરાજ મોખરે

ગુજરાત | વંદન



ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની 16મી સીઝનમાં લીગ સ્ટેજની અડધી મેચો પૂરી થઈ ગઈ છે. કેએલ રાહુલ ની લખનઊ અને હાર્દિક પંડ્યાની ગુજરાત ટાઇટન્સ તથા મહેન્દ્ર સિંહ ધોનીની કેપ્ટનશિપવાળી ચેન્નઈ સુપરકિંગ્સ એ ટોપ પર પહોંચીને બધાને ચોંકાવી દીધા છે, દિલ્હી નબળી ટીમ સાબિત થઈ રહી છે.

શરૂઆતની મેચ હાઈ સ્કોરિંગ હતી. હવે નાના ટાર્ગેટ પણ ડિફેન્ડ થવા લાગ્યા છે. મોટાભાગની મેચમાં પરિણામ માટે છેલ્લી ઓવર સુધી રાહ જોવી પડે છે. 3 વર્ષ પછી લીગ હોમ એન્ડ અવે બેસિસ પર યોજાઈ રહી છે પરંતુ હોમ એડવાન્ટેજ મળી નથી રહ્યો. ટીમ ઘરઆંગણે તેમની 57.14% મેચ હારી છે. મોટાભાગની ટીમ ટોસ જીતીને પહેલા બોલિંગ કરી રહી છે, પરંતુ તેમને માત્ર 42.86% મેચમાં જ સફળતા મળી રહી છે.

આગળની સ્ટોરીમાં, ટૂર્નામેન્ટમાં અત્યાર સુધીની મેચોનું એનાલિસિસ જાણીશું. ટોપ રન સ્કોરર, ટોપ વિકેટ ટેકર, ટોપ ટીમથી લઈને હોમ ગ્રાઉન્ડની અસર પર પણ નજર નાખીશું. લીગમાં અત્યાર સુધી 36 મેચ રમાઈ છે, પરંતુ આ રિપોર્ટમાં માત્ર 35 મેચોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેથી લીગની બરાબર 50% મેચો પછીની તસવીર બહાર આવી શકે...

## ઓરેન્જ કેપમાં ઓપનરોનું વર્ચસ્વ છે...

સાઈ સુદર્શન અને તિલક વર્મા જેવા યુવા મિડલ ઓર્ડર બેટરની શરૂઆતની મેચમાં સૌથી વધુ રન બનાવીને ઓરેન્જ કેપ જીતવાની રેસમાં હતા. હવે અડધી આઈપીએલ પૂરી થઈ ગઈ છે, ઓપનિંગ બેટર્સે ઓરેન્જ કેપ પર સંપૂર્ણ રીતે વર્ચસ્વ જમાવી લીધું છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના ઓપનર ફાફ ડુ પ્લેસિસ 405 રન સાથે ટોચ પર છે.તેમના પછી ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK)ના ડેવોન કોનવે, દિલ્હી કેપિટલ્સ ના કેપ્ટન ડેવિડ વોર્નર, ગુજરાત ટાઈટન્સના શુભમન ગિલ અને RCBના વિરાટ કોહલી છે. રસપ્રદ વાત એ છે કે આ તમામ ખેલાડીઓ ઓપનર છે. આ 5 ખેલાડીઓ પછી પણ રુતુરાજ ગાયકવાડ, કેએલ રાહુલ, વેંકટેશ અય્યર, ગ્લેન મેક્સવેલ, જોસ બટલર અને કાયલ મેયર્સ જેવા ટોપ ઓર્ડર બેટર્સ ઓરેન્જ કેપ જીતવાની રેસમાં આગળ છે. જોકે પર્પલ કેપ પર યૂઝવેન્દ્ર ચહલ, મોહમ્મદ સિરાજ આગળ છે.

20-20 ઓવરની મેચમાં, મોટી હિટ અને ઓછા બોલમાં વધુ રન બનાવવું સૌથી વધુ મહત્વનું છે. ખાસ વાત એ છે કે ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી સૌથી વધુ સ્ટ્રાઈક રેટ ધરાવતા ખેલાડીઓ પર ભારતીયોનો દબદબો છે. CSKના અજિંક્ય રહાણે હાલમાં 199.04ના સ્ટ્રાઈક રેટ સાથે ટોપ પર છે, જ્યારે KKRના શાર્દુલ ઠાકુર, CSKના મહેન્દ્ર સિંહ ધોની અને RRના ધ્રુવ જુરેલ પણ આ યાદીમાં સામેલ છે. આ તમામનો સ્ટ્રાઈક રેટ 188થી વધુ છે.

આ યાદીમાં RCBના ગ્લેન મેક્સવેલ 188.80ના સ્ટ્રાઈક રેટ સાથે ચોથા નંબર પર છે. જોકે સિક્સર ફટકારવાની યાદીમાં તે પોતાની ટીમના કેપ્ટન ડુ પ્લેસીસ પછી બીજા નંબર પર છે. ડુ પ્લેસીસે અત્યાર સુધીમાં 25 અને મેક્સવેલે 23 સિક્સર ફટકારી છે. આટલું જ નહીં મેક્સવેલ દરેક છઠ્ઠા બોલ પર સિક્સર ફટકારે છે.

લખનઉના નિકોલસ પૂરને અત્યાર સુધીમાં કુલ 15 સિક્સર ફટકારી છે, પરંતુ તે લગભગ દરેક છઠ્ઠા બોલ પર સિક્સર પણ ફટકારે છે. ઓછા બોલમાં સિક્સર મારનારા મેક્સવેલ, પૂરન, શિમરોન હેટમાયર અને રિંકુ સિંહ જેવા ખેલાડીઓ આ દિવસોમાં IPLમાં પોતાના દમ પર મેચ જીતવી રહ્યા છે.

જંતર-મંતર ખાતે હજુ પણ પહેલવાનો બેઠા છે ધરણાં પર...

# ‘3 જુનિયર રેસલરને રાત્રે બ્રિજ ભૂષણને મળવા માટે દબાણ કરવામાં આવતું હતું’

■ ફિઝિયો પરમજીત મલિકે બ્રિજ ભૂષણ સામેના જાતીય સતામણીના આરોપોને આપ્યું સમર્થન

ગુજરાત | વંદન





2014માં લખનૌમાં રાષ્ટ્રીય શિબિરમાં હાજર રહેલા ફિઝિયોથેરાપિસ્ટે રેસલિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયાના (WFI) પ્રમુખ અને બીજેપી સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહ પર લાગેલા જાતીય સતામણીના આરોપો પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે “ઓછામાં ઓછી ત્રણ જુનિયર રેસલરને રાત્રે બ્રિજ ભૂષણને મળવા માટે દબાણ કરવામાં આવતું હતું.” જંતર-મંતરમાં કુસ્તીબાજોના વિરોધમાં એક મીડિયા સાથે વાત કરતા ફિઝિયોથેરાપિસ્ટ પરમજીત મલિકે જણાવ્યું હતું કે છોકરીઓ તેમના વરિષ્ઠોને તેમની સાથે થતાં વ્યવહાર વિશે જણાવતી વખતે રડી પડી હતી.

પરમજીતે કહ્યું કે તેણે તત્કાલીન મહિલા કોચ કુલદીપ મલિક સાથે માહિતી શેર કરી હતી,પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. ઘણા પ્રયત્નો છતાં, બ્રિજ ભૂષણ અને કુલદીપ મલિક બંને ટિપ્પણી માટે અનુપલબ્ધ રહ્યા. ભૂતકાળમાં બ્રિજ ભૂષણે આરોપોને સતત નકારી કાઢ્યા હતા અને કહ્યું હતું કે તેઓ તેમની વિરુદ્ધના કાવતરાનો ભાગ છે.

પરમજીતે જણાવ્યું હતું કે “ફેબ્રુઆરીમાં તે રમત મંત્રાલય દ્વારા બ્રિજ ભૂષણ સામેના આરોપોની તપાસ કરવા માટે રચાયેલી દેખરેખ સમિતિ સમક્ષ બે વાર પહેલા રૂબરૂમાં અને પછી વિડિયો કૉલમાં હાજર થયો હતો.” તેણે કહ્યું કે તેણે સમિતિને 2014ની ઘટના પણ સંભળાવી હતી.

જ્યારે રમત મંત્રાલયે સોમવારે સમિતિના “મુખ્ય તારણો” શેર કર્યા તે બ્રિજ ભૂષણ સામેના ચોક્કસ આરોપો પર મૌન રહ્યું અને માત્ર કુસ્તી મંડળમાં માળખાકીય ખામીઓનો ઉલ્લેખ કર્યો હતો.

2014ના કેમ્પને યાદ કરતા પરમજીતે દાવો કર્યો કે તેણે લખનૌમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) સેન્ટરમાં “ત્રણથી ચાર” કેડેટ કુસ્તીબાજોને શિબિરમાંથી બહાર જવા માટે કહ્યું હતું. “આ છોકરીઓ રાત્રે 10 વાગ્યા પછી સારી રીતે જતી રહી હતી. મેં જોયું કે જે લોકો તેમને વાહનોમાં લેવા માટે આવ્યા હતા તેઓ તેમના ડ્રાઈવર સહિત બ્રિજ ભૂષણ સાથે સંકળાયેલા હતા. છોકરીઓએ પછીથી પુષ્ટિ કરી કે તેમની સાથે શું થઈ રહ્યું છે,”

પરમજીતે આક્ષેપ કર્યો હતો કે “છોકરીઓએ અમને કહ્યું કે તેમને દબાણનો સામનો કરવો પડ્યો હતો, અને તેમને રાત્રે બ્રિજ ભૂષણને મળવા માટે કહેવામાં આવ્યું હતું. ત્યાં ઓછામાં ઓછી ત્રણ છોકરીઓ હતી જેણે તે સમયે વરિષ્ઠ કુસ્તીબાજો સાથે તેના વિશે વાત કરી હતી. હું સાક્ષી હતો કે આ કેડેટ કુસ્તીબાજો તેઓ જેમાંથી પસાર થયા તે વર્ણવતી વખતે રડતા હતા,”

તેમણે રસ્તા પર જવાને બદલે અમારી પાસે આવવું જોઈતું હતુંઃ પીટી ઉષા

# નીરજ ચોપરા કુસ્તીબાજોની વ્હારે આવ્યાં, કહ્યું ન્યાય માટે રમતવીરોને રસ્તા પર જોઈને દુઃખ થયું

■ બ્રિજ ભૂષણ શરણ સિંહ પર મહિલા ખેલાડીઓ દ્વારા જાતીય સતામણીનો આરોપ લગાવ્યો છે


ગુજરાત | વંદન



ટોક્યો ઓલિમ્પિકના ગોલ્ડ મેડાલિસ્ટ નીરજ ચોપરા જંતર-મંતર પર વિરોધ કરી રહેલા કુસ્તીબાજોના સમર્થનમાં સામે આવ્યા છે. તેણે કહ્યું હતું કે રમતવીરોને આ રીતે રસ્તાઓ પર ન્યાયની માંગ કરતા જોઈને દુઃખ થયું છે. દિલ્હીના જંતર-મંતર પર પ્રખ્યાત કુસ્તીબાજો ફરી એકવાર રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ બ્રિજ ભૂષણ શરણ સિંહ સામે ધરણા પર બેઠા છે. વિરોધમાં સામેલ બજરંગ પુનિયા, વિનેશ ફોગાટ, સાક્ષી મલિક જેવા ખેલાડીઓએ બ્રિજ ભૂષણ શરણ સિંહ પર મહિલા ખેલાડીઓ દ્વારા જાતીય સતામણીનો આરોપ લગાવ્યો છે.

આ કુસ્તીબાજોના સમર્થનમાં નીરજ ચોપડાએ ટ્વીટ કરીને લખ્યું હતું કે અમારા એથ્લેટ્સને ન્યાયની માંગ કરતા રસ્તાઓ પર જોઈને મને દુઃખ થયું છે. આ રમતવીરોએ આપણા મહાન રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરવા અને આપણને ગૌરવ અપાવવા માટે સખત મહેનત કરી છે. એક રાષ્ટ્ર તરીકે, અમે દરેક વ્યક્તિની અખંડિતતા અને ગૌરવની સુરક્ષા માટે જવાબદાર છીએ, પછી ભલે તે રમતવીર હોય કે ન હોય. તેણે આગળ લખ્યુ હતું કે જે થઈ રહ્યું છે તે ક્યારેય ન થવું જોઈએ. આ એક સંવેદનશીલ મુદ્દો છે અને તેનો નિષ્પક્ષ અને પારદર્શક રીતે નિકાલ થવો જોઈએ. આ સંબંધિત અધિકારીઓએ ન્યાય સુનિશ્ચિત કરવા માટે તાત્કાલિક પગલાં લેવા જોઈએ.

ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ પી.ટી ઉષાએ કહ્યું હતું કે કુસ્તીબાજોએ ફરી વિરોધ શરૂ કરવાને બદલે IOA પાસે આવવું જોઈતું હતું. તેણે કહ્યું હતું કે અમે માનીએ છીએ કે જાતીય સતામણીની ફરિયાદો માટે IOA અને એથ્લેટ્સ કમિશનમાં એક સમિતિ છે. તેમણે રસ્તા પર જવાને બદલે અમારી પાસે આવવું જોઈતું હતું પરંતુ તેઓ IOAમાં આવ્યા નથી. આ નિવેદન બાદ બજરંગ પુનિયાએ કહ્યું હતું કે જ્યારે મને પી.ટી ઉષા મેડમની ટિપ્પણી વિશે ખબર પડી ત્યારે મને દુઃખ થયું હતું. અમે તેમને એક સારી એથ્લેટ માનીએ છીએ. એક મહિલા હોવાને કારણે તે મહિલાઓની પીડાને સમજી શકતી ન હતી. છેલ્લા ત્રણ મહિનાથી અમે ન્યાયની રાહ જોઈ રહ્યા છીએ અને હવે તેઓ તેને અનુશાસનહીન કહી રહ્યા છે. મને લાગે છે કે એક મહિલા હોવા છતાં પણ તે ખેલાડીઓની દુર્દશા સમજી રહ્યા નથી તેનું મને દુઃખ થાય છે.



# ગોલ્ફરો જોશી, ચૌરસિયા, પ્રણવી અને અવની માટે એશિયન ગેમ્સની ટિકિટ

■ પહેલેથી જ ક્વોલિફાય થઈ ચૂકી છે અદિતિ અશોક

ગુજરાત | વંદન

બેંગલુરુની પ્રણવી ઉર્સ અને કલાપ્રેમી અવની પ્રશાંતે આ વર્ષે સપ્ટેમ્બરમાં ચીનમાં યોજાનારી એશિયન ગેમ્સમાં ગોલ્ફ સ્પર્ધા માટે ક્વોલિફાય કરવા માટે અહીં ટ્રાયલ્સમાં સંયુક્ત-પ્રથમ 10-અંડર 206નો કુલ સ્કોર બનાવ્યો હતો.

ભારતની સ્ટાર ગોલ્ફર અદિતિ અશોક પહેલા જ એશિયન ગેમ્સની ટીમમાં જગ્યા બનાવી ચૂકી છે. આ રીતે હવે મહિલા ગોલ્ફમાં ત્રણ ભારતીય ખેલાડીઓ એશિયન ગેમ્સમાં પોતાનો પડકાર રજૂ કરશે. પ્રણવી રોયલ કલકત્તા ગોલ્ફ ક્લબમાં બીજા રાઉન્ડ પછી અવની કરતાં એક શોટ પાછળ હતી, પરંતુ 17મા હોલમાં બોગી કરવા છતાં અંતિમ રાઉન્ડમાં ત્રણ-અંડર 69નો શોટ કર્યો હતો.

અવનીએ ફાઈનલ હોલ બોગી કરી અને છેવટે પ્રણવી સાથે સંયુક્ત રીતે પ્રથમ સ્થાન મેળવ્યું. પુરૂષોના વિભાગમાં ખલિન જોશીએ અંતિમ રાઉન્ડમાં ચાર-અંડર 68 કાર્ડ બનાવ્યા અને 54 હોલ પછી 13-અંડર 203 પર સમાપ્ત થયા.

SSP ચૌરસિયાએ પણ ફાઈનલ રાઉન્ડમાં 68નો કાર્ડ બનાવ્યો અને કુલ 11-અંડર 205 શૉટ કરીને બીજા સ્થાને રહી અને એશિયન ગેમ્સ માટે ક્વોલિફાય કર્યું. 2016 ઓલિમ્પિકમાં ભાગ લેનાર જોશી અને ચોરસિયા ઉપરાંત, પુરુષોની ટીમમાં અનિર્બાન લાહિરી અને શુભાંકર શર્મા એશિયન ગેમ્સમાં ભારતના પડકારનું પ્રતિનિધિત્વ કરશે.

ગ્રેડ Aમાં કેપ્ટન હરમનપ્રીત સહિત ત્રણ ખેલાડીઓ

# BCCI: મહિલા ક્રિકેટરોની સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ લિસ્ટ જાહેર

ગુજરાત | વંદન



ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા મહિલા ક્રિકેટરોની નવી કોન્ટ્રાક્ટ યાદી જાહેર કરવામાં આવી છે. BCCIએ નવા સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ લિસ્ટમાં કુલ 17 ખેલાડીઓને જગ્યા આપી છે. જોકે, કેપ્ટન હરમનપ્રીત સિવાય બીસીસીઆઈએ ગ્રેડ Aમાં માત્ર બે જ ખેલાડીઓને રાખ્યા છે. સ્મૃતિ મંધાના અને દીપ્તિ શર્મા અન્ય બે ખેલાડીઓ છે જેમને ગ્રેડ Aમાં સ્થાન મળ્યું છે.

BCCIએ મહિલા ક્રિકેટરોની સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ લિસ્ટને ત્રણ કેટેગરીમાં વહેંચી છે. ત્રણ ખેલાડીઓને A ગ્રેડમાં રાખવામાં આવ્યા છે. ગ્રેડ Aમાં સ્થાન મેળવનાર ત્રણ ખેલાડીઓને BCCI તરફથી વાર્ષિક 50 લાખ રૂપિયાની રકમ મળશે. આ સાથે જ 5 ખેલાડીઓને B ગ્રેડમાં સ્થાન મળ્યું છે. આ શ્રેણીના ખેલાડીઓને BCCI દ્વારા વાર્ષિક 30 લાખ રૂપિયા આપવામાં આવે છે. ગ્રેડ સીમાં મહત્તમ 10 ખેલાડીઓને સ્થાન મળ્યું છે. આ યાદીમાં સામેલ ખેલાડીઓને વાર્ષિક 10 લાખ રૂપિયાની ફી ચૂકવવામાં આવે છે.

**ગ્રેડ A :** હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના, દીપ્તિ શર્મા

**ગ્રેડ B :** રેણુકા ઠાકુર, શેફાલી વર્મા, રિચા ઘોષ, રાજશ્વરી ગાયકવાડ, જેમિમા રોડ્રિગ્સ

**ગ્રેડ C :** મેગના સિંહ, દેવિકા વૈદ્ય, અંજલિ સરવાણી, પૂજા વસ્ત્રાકર, સાભિનેની મેઘના, સ્નેહ રાણા, રાધા યાદવ, હરલીન દેઓલ, યેસિકા ભાટિયા

# સનરાઇઝર્સ હૈદરાબાદને મોટો ફટકો, વોશિંગ્ટન સુંદર 16મી સિઝનમાંથી બહાર

ગુજરાત | વંદન



ઈન્ડિયન પ્રીમિયર લીગની 16મી સિઝનમાં સનરાઈઝર્સ હૈદરાબાદને મોટો ઝટકો લાગ્યો છે. સ્ટાર ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર IPL16ની બાકીની મેચોનો ભાગ બની શકશે નહીં. સુંદરના બહાર થવાની માહિતી સનરાઈઝર્સ હૈદરાબાદ તરફથી ટ્વીટ કરીને આપવામાં આવી છે. સનરાઈઝર્સ હૈદરાબાદના ટ્વિટર હેન્ડલ પરથી કહેવામાં આવ્યું છે કે હેમસ્ટ્રિંગની ઈજાને કારણે વોશિંગ્ટન સુંદર IPL16ની બાકીની મેચો રમી શકશે નહીં. જો કે, હૈદરાબાદ દ્વારા સુંદરની બદલીની જાહેરાત કરવામાં આવી નથી.

# KKR સામેની મેચમાં 5 છગ્ગા લગાવનાર યશ દયાળ હવે ક્યાં છે?

■ હાર્દિક પંડ્યાનો ચોંકાવનારો ખુલાસો

ગુજરાત | વંદન



ગુજરાત ટાઈટન્સ અને કોલકાતા વચ્ચેની મેચમાં યશ દયાલ અને રિંકુ સિંહને કોણ ભૂલી શકે. છેલ્લા 5 બોલમાં 5 સિક્સર ફટકારીને રિંકુ સ્ટાર બની ગયો હતો. પરંતુ આ મેચ બાદથી યશ મેદાન પર જોવા મળ્યો નથી. આગલી મેચમાં જ ગુજરાતની પ્લેઈંગ ઈલેવનમાં યશનું નામ ન હતું. ઈમ્પેક્ટ પ્લેયરની યાદીમાં પણ તેનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો.

એવી અટકળો ચાલી રહી હતી કે ખરાબ પ્રદર્શનને કારણે તેને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હતો. પરંતુ હવે તેના મેદાનની બહાર રહેવાનું સાચું કારણ સામે આવ્યું છે. આ વાતનો ખુલાસો ખુદ ગુજરાત ટાઇટન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાએ કર્યો છે. 25 એપ્રિલે ગુજરાત અને મુંબઈ વચ્ચે રમાયેલી મેચ બાદ હાર્દિકને યશ દયાલ વિશે સવાલ કરવામાં આવ્યો હતો. ગુજરાત સામેની મેચમાં KKRને જીતવા માટે 29 રનની જરૂર હતી. યશની ઓવરના પહેલા બોલ પર ઉમેશ યાદવે સિંગલ લીધો હતો. આ બાદના પાંચ બોલમાં રિંકુ સિંહે 5 છગ્ગા માર્યા હતા અને ટીમને જીત અપાવી દીધી હતી.લેફ્ટ આર્મ બોલર યશ દયાલ ઉત્તર પ્રદેશ તરફથી રમે છે. તેણે ફર્સ્ટ ક્લાસ મેચોમાં સારો દેખાવ કર્યો છે. 17 મેચમાં 58 વિકેટ લીધી છે. યશે ટી20 મેચમાં 33 વિકેટ પણ લીધી છે. તેણે વર્ષ 2018માં તેની પ્રથમ ફર્સ્ટ ક્લાસ મેચ રમી હતી. યશ દયાલે ન્યુઝીલેન્ડ A સામે ભારત A ટીમનું નેતૃત્વ પણ કર્યું છે.તે વિજય હજારે ટ્રોફીની 2021-22 સીઝનમાં સૌથી વધુ વિકેટ લેનારા ટોચના 10 બોલરોમાંનો એક હતો.

# ઈંગ્લેન્ડના ક્રિકેટરોને આખુ વર્ષ ફ્રેન્ચાઈઝી માટે રમવા ₹51 કરોડની ઓફર




■ IPLની ફ્રેન્ચાઈઝીઓએ લોભામણી ઓફર મુકી હોવાનો રિપોર્ટનો દાવો

ગુજરાત | વંદન

ઈંગ્લેન્ડના છ સ્ટાર ક્રિકેટરોને આંતરરાષ્ટ્રીય સ્તરેથી નિવૃત્તિ લઈને આખુ વર્ષ ફ્રેન્ચાઈઝી તરફથી જ રમતાં રહેવા માટે વાર્ષિક ૫૦ લાખ પાઉન્ડ (આશરે રૂપિયા ૫૧ કરોડ)ની લોભામણી ઓફર આઈપીએલના કેટલાક ફ્રેન્ચાઈઝી માલિકોએ આપી હોવાનો ઘટસ્ફોટ એક મીડિયા રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. રિપોર્ટ જણાવે છે કે, વિવિધ દેશોની લીગમાં ટીમ ધરાવતા કેટલાક ફ્રેન્ચાઈઝી માલિકોએ ઈંગ્લેન્ડના છ ખેલાડીઓનો સંપર્ક સાધ્યો હતો અને તેમને વાર્ષિક કોન્ટ્રાક્ટની દિશામાં વિચારણા કરવા માટે જણાવ્યું હતુ. જો આમ થાય તો આગામી સમયમાં માત્ર ક્રિકેટ લીગની જ બોલબાલા રહેશે અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ હાંસિયામાં ધકેલાઈ જશે. આઈપીએલની લગભગ તમામ ફ્રેન્ચાઈઝીના માલિકો વેસ્ટ ઈન્ડિઝ, સાઉથ આફ્રિકા, યુએઈ અને અમેરિકાની લીગમાં જુદી-જુદી ટીમોનો માલિકી હક્ક ધરાવે છે. ઈંગ્લેન્ડના ટાઈમ્સ લંડનના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, કેટલીક ફ્રેન્ચાઈઝીના માલિકોએ ઓછામાં ઓછા ઈંગ્લેન્ડના છ ખેલાડીઓનો સંપર્ક સાધ્યો હતો. જેમાં કેટલાક આંતરરાષ્ટ્રીય સ્ટાર્સ પણ હતા. તેમને પૂછવામાં આવ્યું હતુ કે, શું તેઓ ઈંગ્લેન્ડના ક્રિકેટ બોર્ડ અને ઈંગ્લિશ કાઉન્ટીના મુખ્ય પગારદાર રહેવાને બદલે આઈપીએલની ફ્રેન્ચાઈઝીને તેમના મુખ્ય એમ્પલોયર (નોકરીદાતા) બનાવવા ઈચ્છે છે કે કેમ.

જો આમ થાય તો ફૂટબોલની જેમ ક્રિકેટમાં પણ ખેલાડીઓનો મુખ્ય કોન્ટ્રાક્ટ ફ્રેન્ચાઈઝી સાથે રહેશે અને સમયાંતરે તેઓ ખેલાડીને આંતરરાષ્ટ્રીય મેચીસ માટે રિલીઝ કરશે. ચાલુ વર્ષના અંત સુધીમાં કરારની ઓફરો પણ શરૂ થઈ જાય તેવી શક્યતા છે.


**નકલ** હૈદરાબાદ vs મુંબઈની મેચની નકલી ટિકિટો વેચી

# બારકોડની નકલ કરીને IPL ની નકલી ટિકિટ બનાવતી ગેંગ ઝડપાઈ

■ 200 બનાવટી ટિકિટ બનાવી આ રીતે કર્યુ વેચાણ

ગુજરાત | વંદન






બારકોડની નકલ કરીને નકલી IPL ટિકિટ બનાવતી ગેંગની ધરપકડ કરવામાં આવી છે. છ લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને 68 બોગસ ટિકિટો જપ્ત કરવામાં આવી હતી. મલ્કાજીગીરી એસીપી નરેશ રેડ્ડી અને ઉપ્પલ ઈન્સ્પેક્ટર ગોવિંદ રેડ્ડીએ ઉપ્પલ પોલીસ સ્ટેશનમાં વિગતો જાહેર કરી હતી. નાચારામ વિસ્તારના કે. ગોવર્ધન રેડ્ડી એક ઈવેન્ટ અને એન્ટરટેઈનમેન્ટ વેન્ડર એજન્સીમાં પેટા કોન્ટ્રાક્ટર તરીકે કામ કરે છે. જેઓએ આ સમગ્ર ઠગીનો ભાંડો ફોડ્યો હતો.ચિક્કડપલ્લીની ઝેરોક્ષની દુકાનમાં તરનાકા ખાતે પ્રિન્ટેડ ટેમ્પલેટ આપવામાં આવ્યું હતું. જેમાં 18 એપ્રિલે યોજાનારી મેચ માટે 200 જેટલી નકલી ટિકિટો બનાવવામાં આવી હતી. જેમાં 6 આરોપી ગોવર્ધન રેડ્ડી, અખિલ અહેમદ , વામસી , ફહીમ અને શ્રદ્ધારુને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા અને ધરપકડ કરવામાં આવી હતી. ઉપ્પલ પોલીસે તેમની પાસેથી નકલી ટિકિટ, સેલ ફોન, સીપીયુ, હાર્ડ ડિસ્ક, મોનિટર, પ્રિન્ટર અને ઓળખ કાર્ડ જપ્ત કર્યા છે.

મળતી માહિતી મુજબ SRS Vs મુંબઈ ઈન્ડિયન્સ માટે લગભગ 200 IPL મેચની ટિકિટો બનાવી હતી જે 18 માર્ચના રોજ યોજાયી હતી અને તેમાંથી કેટલીક ગેરકાયદેસર રકમ મેળવવા માટે જરૂરિયાતમંદ ક્રિકેટ ચાહકોને વેચવામાં આવી હતી. ત્યારે આ અંગેની જાણ થતા જ 26 માર્ચના રોજ 6 આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી અને નકલી IPL ટિકિટો, સેલ ફોન, CPU સાથે હાર્ડ ડિસ્ક, મોનિટર અને પ્રિન્ટર અને માન્યતા કાર્ડ જપ્ત કરવામાં આવ્યા હતા.

# જયશ્રી રામ: રામમંદિરમાં જાન્યુઆરી 2024માં રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા

ગુજરાત | વંદન

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે આવતા વર્ષે 22 જાન્યુઆરીએ રામલલાને કાયમી ગર્ભગૃહમાં પ્રતિષ્ઠિત કરવાની તારીખ નક્કી કરી છે. ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપતરાય દ્વારા આ માહિતી શેર કરવામાં આવી હતી. તેમણે ઉત્તરપ્રદેશ સરાફા મંડળ એસોસિએશનના પ્રાંતીય સંમેલનને સંબોધિત કરતી વેળાએ આ ટિપ્પણી કરી હતી.

તેમણે કહ્યું કે સ્થાયી ગર્ભગૃહમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા અંગે ભૂતકાળમાં ઘણી તારીખો પર વિચાર કરવામાં આવ્યો હતો, પરંતુ અંતે અનેક તબક્કામાં ચર્ચા કર્યા પછી આ વિધિ 22 જાન્યુઆરી, 2024 ના રોજ પૂર્ણ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ તારીખને ધ્યાનમાં રાખીને રામલલાની મૂર્તિનું નિર્માણ ઓક્ટોબર સુધીમાં અને ગર્ભગૃહનું


આસન-દરવાજા સોનાના હશે

નિર્માણ સપ્ટેમ્બર સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. ગર્ભગૃહના નિર્માણમાં મકરાણા માર્બલનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. કાર્યક્રમના મુખ્ય અતિથિ ચંપતરાયે આ કાર્યક્રમમાં હાજર રહેલા બુલિયન વેપારીઓ સમક્ષ મંદિર નિર્માણની પ્રક્રિયા શેર કરી હતી. તેમણે કહ્યું કે ગ્રાઉન્ડ ફ્લોર પર માત્ર રામલલા જ બિરાજશે.

પહેલા માળે રામ દરબાર હશે, જ્યારે બીજો માળ ખાલી હશે, જેનો ઉપયોગ મંદિરની ઊંચાઈ માટે કરવામાં આવશે. તેમણે કહ્યું કે શિખર, આસન, દરવાજામાં પણ સોનાનો ઉપયોગ કરવામાં આવશે. ગર્ભગૃહ સુધી પહોંચવા માટે 34 પગથિયાં બનાવવામાં આવ્યા છે. અગાઉ ઉત્તર પ્રદેશ સરાફા એસોસિએશનના પ્રમુખ મહેશચંદ્ર જૈને ચંપતરાયને પુષ્પહાર પહેરાવીને તેમનું સન્માન કર્યું હતું અને મંદિર સંબંધિત માહિતી આપવા બદલ તેમનો આભાર માન્યો હતો. ચંપતરાયે કહ્યું કે રામલલાની મૂર્તિ અયોધ્યામાં જ બનાવવામાં આવશે. આ પ્રતિમા પાંચ વર્ષના બાળકની હશે. વૈજ્ઞાનિકોની ટીમે તેનું કામ લગભગ પૂર્ણ કરી લીધું છે જેથી રામ નવમી પર રામલલાના મસ્તક પર સૂર્ય કિરણોનું તિલક લગાવી શકાય. તેની દેખરેખ ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરી રહ્યા છે. સૂર્યના કિરણો રામલલાના કપાળ પર પાંચ મિનિટ સુધી રહે છે જેનું નામ સૂર્ય તિલક રખાયું છે. આ પ્રયોગ લગભગ સફળ રહ્યો છે. ચંપતરાયએ કહ્યું કે રામલલાને રોજ નવા વસ્ત્રો પહેરાવવામાં આવે છે. લોકો શુકન તરીકે જૂના કપડા માંગે છે અને તે ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

### પાણીના ટીપાં-ટીપાં માટે વલખા મારી રહ્યાં છે...

# 4 દાયકામાં સૌથી ગંભીર દુષ્કાળનો સામનો કરી રહ્યું છે પૂર્વ આફ્રિકા

■ પાંચ વર્ષથી ઈથોપિયા, કેન્યા અને સોમાલિયામાં વરસાદ પડ્યો નથી

ગુજરાત | વંદન



પૂર્વ આફ્રિકા ચાર દાયકામાં સૌથી ગંભીર દુષ્કાળનો સામનો કરી રહ્યું છે. ઈથોપિયા, કેન્યા અને સોમાલિયા (હોર્ન ઑફ આફ્રિકા) માં છેલ્લી ચાર સિઝનમાં સૌથી ઓછો વરસાદ પડ્યો છે અને આગામી ઑક્ટોબર-ડિસેમ્બર માટે અસાધારણ સ્થિતિની આગાહી કરવામાં આવી છે. એક નવા અભ્યાસમાં જણાવાયું છે કે ગયા વર્ષે દુષ્કાળને કારણે એકલા સોમાલિયામાં સૌથી વધુ 43,000 લોકો મૃત્યુ પામ્યા હતા; જે ક્લાઈમેટ ચેન્જ વગર શક્ય નથી. IGAD (ઈન્ટર ગવર્નમેન્ટલ ઓથોરિટી ઓન ડેવલપમેન્ટ) એ આબોહવા અંગે આગાહી કરી છે કે આગામી દિવસોમાં ભયંકર દુષ્કાળ પડવાની સંભાવના છે. ગુરુવારે પ્રકાશિત થયેલા નવા રિપોર્ટ અનુસાર, છેલ્લા પાંચ વર્ષથી એટલે કે ઓક્ટોબર 2020થી ઈથોપિયા, કેન્યા અને સોમાલિયામાં વરસાદ પડ્યો નથી. સહાય જૂથોએ તેને 'છેલ્લા ચાલીસ વર્ષમાં' સૌથી ખરાબ દુકાળ જાહેર કર્યો છે. તે જ સમયે, દુષ્કાળના વધતા ભય વચ્ચે, વર્લ્ડ વેધર એટ્રિબ્યુશનના વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે વધતા ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનને કારણે તે ઓછામાં ઓછા 100 ગણા વધુ થવાની સંભાવના છે. ડબ્લ્યુડબ્લ્યુએમાં કામ કરતા કેન્યા હવામાન વિભાગના વૈજ્ઞાનિક જોયસ કિમુતાઈએ જણાવ્યું હતું કે, "આબોહવા પરિવર્તને દુષ્કાળને વધુ ખરાબ બનાવ્યો છે". WWA માં કામ કરતી વખતે, તેમણે અને તેમની ટીમે જોયું કે જો વિશ્વ 1.2 °C તાપમાને ગરમ થાય છે, તો ઓછા વરસાદ અને બાષ્પીભવનનું મિશ્રણ 'દુષ્કાળ'નું જોખમ ઘટાડે છે. આત્યંતિક ગરમી અને ભારે વરસાદથી વિપરીત, વૈજ્ઞાનિકો 'દુષ્કાળ' માટે આબોહવા પરિવર્તનના યોગદાનને શોધવામાં નિષ્ફળ રહ્યા છે.

# IIT બોમ્બેના 25 વિદ્યાર્થીઓને 1 કરોડ કરતા વધુનો મળ્યો પેકેજ

■ 400 થી વધુ સંસ્થાઓ દ્વારા 1500થી વધુ ઓફર કરવામાં આવી

ગુજરાત | વંદન




IIT બોમ્બેના તાજેતરના પ્લેસમેન્ટમાં લગભગ 400 રિક્રૂટર્સે પ્લેસમેન્ટ સીઝનના પ્રથમ તબક્કામાં વિદ્યાર્થીઓને 1500 થી વધુ નોકરીઓ ઓફર કરી હતી. જેમાં કુલ 25 વિદ્યાર્થીઓને એક કરોડ રૂપિયાથી વધુ વાર્ષિક પેકેજની ઓફર થઈ હતી.

ડેટા પર નજર કરીએ તો 2017 થી જોબ ઑફર્સની સંખ્યામાં વધઘટ જોવા મળી રહી છે. 2017માં લગભગ 1,114 જોબ ઑફર કરવામાં આવી હતી. જે 2018 અને 2019માં વધીને અનુક્રમે 1,112 અને 1,319 થઈ ગઈ હતી. તે પછી 2021માં તે વધીને 1,878 પર પહોંચી ગઈ છે અને 2022 પ્લેસમેન્ટ સીઝનના પ્રથમ તબક્કામાં 1500 સુધી પહોંચી ગઈ છે. છેલ્લા પાંચ વર્ષમાં મુખ્યત્વે જે વધી રહ્યો છે તે સરેરાશ પગાર છે. 2017ની પ્લેસમેન્ટ સીઝનનો સરેરાશ પગાર 11.41 લાખ પ્રતિ વર્ષ (અંદાજે) હતો, જે પછી 2018માં વધીને રૂ. 18.5 લાખ પ્રતિ વાર્ષિક (અંદાજે) અને પછી 2019માં રૂ. 10.34 લાખ પ્રતિ વાર્ષિક (અંદાજે) થયો હતો. 2020 માં વાર્ષિક 18.40 લાખ રૂપિયા (અંદાજે) સુધી થોડો ઘટાડો થયો હતો. જે કોવિડ રોગચાળાના પરિણામે હોઈ શકે છે. જો કે, IIT બોમ્બેમાં ફરીથી પેકેજમાં વધારો જોવા મળ્યો હતો. 2021માં વાર્ષિક રૂ. 22.7 લાખ (અંદાજે)ને સ્પર્શી હતી. 2022ની પ્લેસમેન્ટ સીઝન માટે સરેરાશ પગાર હજુ સુધી સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવ્યો નથી.

આ વર્ષે 400 થી વધુ સંસ્થાઓ દ્વારા 1500 થી વધુ ઓફર કરવામાં આવી હતી. કુલ 25 વિદ્યાર્થીઓએ રૂ. 1 કરોડથી વધુના પેકેજ મેળવ્યા છે. વિશ્વભરમાં ચાલી રહેલી છટણી વચ્ચે 71 આંતરરાષ્ટ્રીય ઓફર કરવામાં આવી હતી. કુલ ઑફર્સમાંથી 1224 ઑફર્સ વિદ્યાર્થીઓ દ્વારા સ્વીકારવામાં આવી હતી., જેમાં 63 આંતરરાષ્ટ્રીય ઑફર્સનો સમાવેશ થાય છે.

# દિલ્હી નજીક 14 ગામોમાં પોલીસના દરોડા, બે લાખ મોબાઈલ નંબર બ્લોક

ગુજરાત | વંદન

હરિયાણા પોલીસે દિલ્હી નજીક 'નવા જામતારા' એટલે કે મેવાતમાં સાઈબર ઠગો પર મોટી કાર્યવાહી કરી છે. પોલીસે રાજસ્થાન અને ઉત્તર પ્રદેશની સરહદ નજીક મેવાતના ૧૪ ગામોમાં ૩૦૦ સ્થળ પર દરોડા પાડયા હતા અને ૧૨૫થી વધુ લોકોની અટકાયત કરાઈ છે. એટલું જ નહીં પોલીસે સાઈબર છેતરપિંડીમાં ઉપયોગમાં લેવાતા બે લાખથી વધુ મોબાઈલ નંબર બ્લોક કરાવ્યા છે.

દિલ્હી નજીકના આ ગામોમાંથી સમગ્ર દેશમાં સતત સાઈબર ક્રાઈમની ઘટનાઓ થઈ રહી હતી. તાજેતરમાં જ કેન્દ્ર સરકારે ૯ રાજ્યોમાં ૩૨ સાઈબર ક્રાઈમ હોટસ્પોટ જાહેર કર્યા હતા, તેમાં મેવાત, ભિવાની, નૂહ, પલવલ, મનોટા, હસનપુર, હથન ગામનો સમાવેશ થાય છે. સાઈબર ગુના અને અન્ય ગુનાઈત કેસોમાં સંડોવાયેલા ૬૯ આરોપીઓને ટાર્ગેટ કરતાં પોલીસે આ દરોડા પાડયા હતા.

પોલીસને સાઈબર ક્રાઈમની ઘટનાઓની સતત ફરિયાદો



મળતા ભોંડસી પોલીસ કેન્દ્રમાં આ ગામોમાં દરોડા પાડવાની રણનીતિ બનાવાઈ હતી. ત્યાર પછી ૧૦૨ ટીમોએ મેવાતના ૧૪ ગામોને ઘેરીને દરોડા પાડયા હતા. દરોડાની આ કાર્યવાહીમાં ૧૪ ડીએસપી, ૬ એએસપીના નેતૃત્વમાં ૧૦૨ ટીમોમાં ૪,૦૦૦થી ૫,૦૦૦ પોલીસ કર્મચારીઓ જોડાયા હતા. એટલું જ નહીં આ બધા જ ગામોને ચારે બાજુથી ઘેરીને દરોડા પાડવામાં આવ્યા હતા.

પ્રારંભિક તપાસમાં પકડાયેલા આરોપીઓના અન્ય રાજ્યોના સાઈબર ગુનેગારો સાથે પણ સંબંધો હોવાની વાત સામે આવી છે, જે અંગે તપાસ ચાલી રહી છે. ડીઆઈજી એસટીએફ સિમરદીપ સિંહ અને નૂંહના એસપી વરુણ સિંગલાએ શુક્રવારે બપોરે એસટીએફની ભોંડસી ઓફિસમાં અખબારી પરિષદ કરી આ દરોડાની માહિતી આપી હતી.

# કડવી વાસ્તવિકતા: 75 વર્ષે હજુ પણ ભારતમાં 8.13 કરોડ ગરીબોને મફત ભોજનની જરૂર

■ રોટી, કપડા અને મકાન માટે હજુ પણ સંઘર્ષ કરી રહ્યાં છે ભારતીયો...!

ગુજરાત | વંદન



ભારત વર્તમાન નાણાકીય વર્ષમાં સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા બનવાના માર્ગ પર છે. જો કે, ઊંચા ફુગાવાના દર અને ઊંચા બેરોજગારી દર વચ્ચે વૈભવી વસ્તુઓ અને આવશ્યક વસ્તુઓની કિંમતો વચ્ચે અસમાનતા છે. ખોરાક, કપડા અને જીવન જરૂરિયાતની પ્રાથમિક ચીજવસ્તુઓના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે.

એક મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થામાં આવકની અસમાનતા જોવા મળી રહી છે. હજુ પણ આ દેશમાં 813.5 મિલિયન ગરીબ લોકોને મફત ભોજનની જરૂર છે.

તે જ સમયે, ઊંચા ફુગાવાના દર અને ઉચ્ચ બેરોજગારી દર વચ્ચે વૈભવી ચીજવસ્તુઓ અને અન્ય મૂળભૂત ઉપભોક્તા ચીજવસ્તુઓની માંગમાં વિશાળ અંતરને અવગણી શકાય નહીં. વિશ્વ સમાનતા 2022 ના ડેટા અનુસાર, યુએન વૈજ્ઞાનિક ભાગીદાર સાથે વિકાસમાં હતો. તે જ સમયે, ભારત વધતી ગરીબી સાથે વિશ્વના સૌથી અસમાન દેશોમાંનો એક હતો. રિપોર્ટમાં જણાવાયું છે કે ભારતમાં ટોચના 10 ટકા અને 1 ટકા લોકો કુલ રાષ્ટ્રીય આવકના 57 ટકા અને 22 ટકા હિસ્સો ધરાવે છે.

મોટાભાગના ભારતીયો લોકોની મૂળભૂત જરૂરિયાતો માટે સંઘર્ષ કરી રહ્યા છે. અહેવાલમાં જણાવાયું છે કે FMCG વસ્તુઓમાં વધારાને કારણે મોટાભાગની વસ્તુઓના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. જેના કારણે ઓછી આવક ધરાવતા પરિવારોને પણ જરૂરી ચીજવસ્તુઓ ખરીદવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા બે મહિનામાં શહેરી બજારોમાં કુલ વેચાણમાં રૂ. 5, રૂ. 10 અને રૂ. 20ના નાના પેકનું યોગદાન લગભગ 5 ટકા વધ્યું છે.

તે જ સમયે, પામ તેલ, ઘઉં, ખાંડ અને કોફી જેવી વસ્તુઓના ભાવમાં વધારો થયો છે. માર્ચના આંકડાઓની વાત કરીએ તો ખાદ્યાન્ન અને ઉત્પાદનોનો મોંઘવારી દર 15.3 ટકા હતો. ગયા મહિને દૂધનો મોંઘવારી દર 9.3% હતો. દૂધના ભાવમાં અનેક ગણો વધારો થયો છે, જેની અસર દેશના મોટાભાગના શહેરોમાં જોવા મળી શકે છે.

કપડાં અને ફૂટવેરના છૂટક ભાવમાં વાર્ષિક ધોરણે 8.2 ટકાનો વધારો થયો છે. ક્લોથિંગ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, નાણાકીય વર્ષ 2023માં ભારતના ટેક્સટાઈલ માર્કેટમાં 15 ટકાનો વધારો થયો છે. જેના કારણે વેચાણમાં 3 ટકાનો ઘટાડો નોંધાયો છે. કંપનીઓ અને અધિકારીઓનું કહેવું છે કે કપાસના ભાવમાં થયેલા જંગી વધારાને કારણે આવું થયું છે.

### ભારતીય મૂળના અમેરિકી સાંસદ ખન્નાનો અભિપ્રાય

# ભારતીયો પાકિસ્તાનને નહી, ચીનને સૌથી મોટો સૈન્ય પડકાર માને છે

ગુજરાત | વંદન

અમેરિકાનાં ભારતીય મૂળનાં સાંસદ રો ખન્નાએ જણાવ્યું હતું કે ભારતીયો હવે પાકિસ્તાનને નહીં ચીનને સૌથી મોટો પડકાર માને છે. તેમણે જણાવ્યું હતું કે, અમેરીકાએ ચીન સાથે પોતાના સંબંધોને ફરીથી સંતુલીત કરવાની જરૂર છે.

મે 2020 માં પૂર્વી લદાખમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે થયેલી અથડામણ બાદ બન્ને દેશોનાં સંબંધોમાં તનાવ પેદા થયો છે ભારત અને ચીન 17 રાઉન્ડની ટોચની કમાન્ડર સ્તરની વાતચીત કરી ચૂકયા છે પણ હજુ પણ બન્ને દેશો વચ્ચે તનાવ છે. ભારત સ્પષ્ટ કરી ચૂકયુ છે જયાં સુધી સીમા શાંતિ નહિં થાય ત્યાં સુધી બન્ને દેશોનાં સંબંધ સામાન્ય નહિં થઈ શકે.

# મન હોય તો માળવે જવાય: 59 વર્ષે પાસ કર્યું બારમું ધોરણ

■ યુપીમાં બે નેતાઓએ પરીક્ષા પાસ કરીને LLBની ઈચ્છા વ્યક્ત કરી

ગુજરાત | વંદન

મન હોય તો માળવે જવાય કહેવતને યુપીના બે નેતાઓએ સાચી પાડી છે. ઉત્તર પ્રદેશના પૂર્વ મંત્રી પ્રભુદયાલ વાલ્મિકી અને પૂર્વ ધારાસભ્ય રાજેશ મિશ્રાએ ઉત્તર પ્રદેશ બોર્ડની 12મીની પરીક્ષા પાસ કરી. બંનેએ આગળ અભ્યાસ ચાલુ રાખવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે. મેરઠની હસ્તિનાપુર બેઠક પરથી બે વખત સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય રહેલા પ્રભુદયાલ વાલ્મિકીએ 59 વર્ષની વયે યુપી બોર્ડની 12મીની પરીક્ષા પાસ કરી હતી. મંગળવારે જાહેર થયેલા પરિણામમાં તેણે આ પરીક્ષા બીજા વર્ગમાં પાસ કરી છે.

રાજ્યના રેશમ ઉદ્યોગના રાજ્યકક્ષાના પ્રધાન રહેલા પ્રભુદયાલ વાલ્મિકીનું કહેવું છે કે તેઓ 10મું પાસ હતા. આ વર્ષે તેણે આદર્શ ઈન્ટર કોલેજ, જોહરી, બાગપતમાંથી ઈન્ટરની પરીક્ષા આપી



હતી. મંગળવારે આવેલા પરિણામમાં તે બીજા વિભાગમાં પાસ થયો હતો. પ્રભુદયાલે કહ્યું કે બાબાસાહેબ ડો. ભીમરાવ આંબેડકરની પ્રેરણાથી તેણે ફરી અભ્યાસ શરૂ કર્યો છે. તેણે કહ્યું કે ભણવાની કોઈ ઉંમર હોતી નથી.

બીજી તરફ, બરેલીની બિથરી-ચૈનપુર વિધાનસભા બેઠકના ભારતીય જનતા પાર્ટી (BJP)ના પૂર્વ ધારાસભ્ય રાજેશ મિશ્રા ઉર્ફે પપ્પુ ભરતૌલે 55 વર્ષની ઉંમરે ઉત્તર પ્રદેશ બોર્ડની 12મા ધોરણની પરીક્ષા પાસ કરી હતી. રાજેશ હવે કાયદામાં ગ્રેજ્યુએશન (LLB) કરવાનું વિચારી રહ્યો છે. 2017 થી 2022 સુધી બિથરી ચૈનપુરથી ભાજપના ધારાસભ્ય રહેલા રાજેશે બુધવારે વાતચીતમાં કહ્યું, 'બે વર્ષ પહેલા મેં ધોરણ 10ની પરીક્ષા પાસ કરી હતી. હવે મેં 12માની પરીક્ષા પણ પાસ કરી છે. હવે હું એલએલબી કરવા માંગુ છું જેથી કરીને હું ગરીબ લોકોને ન્યાય અપાવવામાં મદદ કરી શકું.

જોકે, 500માંથી 263 ગુણ મેળવનાર રાજેશ ત્રણ વિષયમાં મેળવેલા માર્કસથી સંતુષ્ટ નહોતો. તેણે કહ્યું, "હું ડ્રોઈંગ ડિઝાઈન, નાગરિકશાસ્ત્ર અને શિક્ષણ શાસ્ત્રના વિષયોમાં મેળવેલા ગુણથી સંતુષ્ટ નથી અને ઉત્તરવહીઓ તપાસીશ, જેથી જો ગુણ ઉમેરવામાં કોઈ ભૂલ હોય તો તેને સુધારી શકાય."

### દેશમાં પહેલીવાર અમૂલ બ્રાન્ડનો વિરોધ, ભાવનાત્મક લાગણીનો મુદ્દો રાજકીય બની ગયો

# અમૂલને 'નંદીની'એ શિંગડા મારીને કહ્યું- ચલ હટ..અહીંથી..!


ગુજરાત | વંદન

અમૂલ દૂધ પીતા હૈ ઈન્ડિયા...એવુ સૂત્ર ભલે અમૂલે વહેતુ કર્યું હોય . પણ વાસ્તવિકતા એ છે કર્ણાટકમાં અમૂલ દૂધ વગેરે.ની સત્તવાર એન્ટ્રી નહોતી. અમૂલે કર્ણાટકમાં ચૂંટણી વખતે જ ડેરી પ્રોડક્ટ બજારમાં ઉતારવાની એન્ટ્રી કરતાં વિધાનસભા ચૂંટણીમાં તે એક ચૂંટણીલક્ષી મુદ્દો બની ગયો છે. કદાજ એવુ પહેલીવાર બન્યુ હશે કે કોઈ ડેરી પ્રોડક્ટને લઈને ચૂંટણીમાં રાજકીય પક્ષોમાં વાદ-વિવાદ થયો હોય...! એટલુ જ નહીં પણ પહેલીવાર એવુ થયું કે અમૂલ બ્રાન્ડનો ભારતમાં જ એક રાજ્યમાં વિરોધ ચાલી રહ્યો છે.

ગુજરાતમાં શરૂ થયેલી અમૂલ બ્રાન્ડ હવે દેશના મોટા ભાગના વિસ્તારોમાં પહોંચી રહી છે, જો કે કર્ણાટકમાં અમૂલ સામે સ્થાનિક સ્તરે વિરોધ શરૂ થયો છે. આ વિરોધની સાથે રાજકારણ પણ ભળ્યું છે. કર્ણાટકમાં હાલમાં ભાજપ સત્તામાં છે અને અમૂલ બ્રાન્ડના સંચાલક ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF)એ કર્ણાટકમાં પ્રવેશવાની જાહેરાત કરતા જ વિપક્ષ કોંગ્રેસે એમ કહીને લોકોની લાગણીઓનો પૃઘો પાડ્યો કે કર્ણાટકમાં નંદીની બ્રાન્ડ ડેરી પ્રોડક્ટને ખતમ કરવા માટે ભાજપે ગુજરાતનું અમૂલ કર્ણાટકમાં લાવ્યું છે..!

રાજકીય વિવાદ એટલો વધ્યો કે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ પ્રચારના ભાગરૂપે નંદીની બ્રાન્ડ પ્રોડક્ટ વેચનાર દુકાને જઈને નંદીની બ્રાન્ડની પ્રોડક્ટનો ટેસ્ટ કર્યો.

તે પણ એક યોગાનુંયોગ છે કે કર્ણાટ વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થયા બાદ 5 એપ્રિલે GCMMFએ ટ્વિટ કરી કે બેંગલુરુમાં તે દૂધ અને દહીની પ્રોડક્ટ ઉતારવાનું છે. બીજી તરફ કર્ણાટકમાં પહેલેથી લોકલ બ્રાન્ડ નંદીની




### કોંગ્રેસે કર્ણાટકમાં નંદીની ડેરીને ટેકો આપી સ્થાનિક લોકોની લાગણીનો પડઘો પાડ્યો-મતો મળશે..?!

હાજર છે. અમૂલની ટ્વિટ પછી નંદીનીને બચાવવા અને અમૂલનો વિરોધ કરવા માટે ટ્વિટર પર હેશટેગ શરૂ થયા છે. કેટલાક રિપોર્ટ પ્રમાણે નંદીની બ્રાન્ડનું માલિક KMF એ ભારતમાં સૌથી વધું દૂધ એકઠું કરતું ફેડરેશન છે.

અમૂલના GCMMFના એમડી જયેન મહેતા કહે છે- અમૂલે કર્ણાટકમાં પ્રવેશની જાહેરાત કરતા જ ટ્વિટર પર જે દેકારો મચી ગયો છે તેનાથી તેઓ વાકેફ છે. હાલમાં અમૂલ બ્રાન્ડ જનરલ ટ્રેડના બદલે ઈ-કોમર્સ પર ધ્યાન કેન્દ્રિત કરશે. બેંગલુરુમાં અમૂલ બ્રાન્ડ છ મહિના પછી મેદાનમાં ઉતરવાની છે.

મહત્ત્વની વાત એ છે કે કર્ણાટકમાં સ્થાનિક સ્તરે અમૂલનો વિરોધ અને નંદીની બ્રાન્ડને ટેકો આપવાની હોડ શરૂ થઈ છે. અમૂલના દૂધનો વિરોધ કરવા માટે બેંગલુરુ શહેરની હોટેલોમાં માત્ર નંદીની બ્રાન્ડના દૂધનો ઉપયોગ થશે. આ અંગે હોટેલ એસોસિયેશને સર્વાનુમતે નિર્ણય લીધો છે જેથી સ્થાનિક ખેડૂતોને રક્ષણ આપી શકાય.

આ મુદ્દે હવે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે પણ રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસે આરોપ મુક્યો છે કે સત્તાધારી ભાજપ કર્ણાટકની લોકલ બ્રાન્ડ નંદીનીને ખતમ કરવા માટે અમૂલને રાજ્યમાં લાવી રહી છે.

બીજી તરફ રાજ્યના ભાજપના મુખ્યમંત્રી બાસવરાજ બોમ્મઈએ કહ્યું કે કોંગ્રેસ આ મુદ્દાને રાજકીય રંગ આપી રહી છે. અમૂલ સાથે આ અંગે સ્પષ્ટતા થઈ ગઈ છે. નંદીની એ માત્ર કર્ણાટક પૂરતી બ્રાન્ડ નથી, પરંતુ રાષ્ટ્રીય બ્રાન્ડ છે. બીજા રાજ્યોમાં પણ આ બ્રાન્ડને લોકપ્રિય બનાવવામાં આવી છે. આ બ્રાન્ડની પ્રોડક્ટ બીજા રાજ્યો અને દેશોમાં પણ વેચવામાં આવે છે. તેથી નંદીની કોઈ પણ હરીફાઈનો સામનો કરવા માટે સજ્જ છે.

નોંધનીય છે કે, કર્ણાટકમાં 10 મેના રોજ ચૂંટણી યોજાવાની છે, તેથી ડેરી પ્રોડક્ટની વસ્તુઓને વિકૃત કરવામાં આવીને તેને ભાવનાત્મક મુદ્દો બનાવવામાં આવી રહ્યો છે. આ સમગ્ર મામલામાં નવાઈ પમાડે તેમ કેન્દ્રના નાણામંત્રીએ પણ ઝંપલાવ્યું છે.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે કર્ણાટકમાં જઈને કોંગ્રેસ પર પ્રહારો કરીને દાવો કર્યો કે ગુજરાતની દૂધ બ્રાન્ડ અમૂલ કર્ણાટકમાં ત્યારે આવી જ્યારે કોંગ્રેસ અહીં સત્તામાં હતી. નંદિનીને ખતમ કરવા માટે અમૂલને કર્ણાટક લાવવામાં આવી રહી છે, એમ અચાનક કહેવું 'શરમજનક' છે.કોંગ્રેસ દ્વારા આ અંગે કૂપ્રચાર કરવામાં આવી રહ્યો છે.

કર્ણાટક મિલ્ક ફેડરેશન (KMF) નંદિની બ્રાન્ડ નામ હેઠળ દૂધ, દહીં અને અન્ય ડેરી ઉત્પાદનોનું વેચાણ કરે છે.

નાણામંત્રીએ કહ્યું, "ભારતની યોજનામાં દરેક રાજ્યની પોતાની દૂધ સહકારી મંડળી છે. કર્ણાટકની નંદિની બ્રાન્ડને કોણ ઓળખતું નથી? હવે હું અહીં આવી છું, મેં નંદિનીનું દૂધ, દહીં, પેડા ખાધા છે... અલબત્ત હું દિલ્હીમાં અમૂલ જ ખરીદીશ. હું દિલ્હીમાં કર્ણાટકનું પ્રતિનિધિત્વ કરું ..અનુસંધાન પેજ નં. 6 પર

# મલાઈકાનો કુકિંગ પ્રેમ: પોતાના હાથે બનાવીને પ્રેમથી ખવડાવે છે અર્જુનને

મલાઈકા અરોરા અને અર્જુન કપૂર બોલીવુડના પાવર કપલ્સમાંથી એક છે. તેમની જોડીને બી-ટાઉનમાં પણ ખૂબ પસંદ કરવામાં આવે છે. બંને દરરોજ સાથે જોવા મળે છે. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુ દરમિયાન અભિનેત્રીએ તેના અને બોયફ્રેન્ડ અર્જુનના બોન્ડિંગ વિશે વાત કરી હતી.

મલાઈકા અરોરાએ તાજેતરના ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તે હંમેશા અર્જુન કપૂર માટે રસોઈ બનાવે છે. જ્યારે અર્જુનને ચા બનાવતા પણ આવડતું નથી. આટલું જ નહીં, મલાઈકાએ એમ પણ કહ્યું કે જો તે તેને તેના માટે ભોજન બનાવવાનું કહે તો તે મૂર્ખ હશે. કારણ કે, તેને રસોઈ બનાવતા જ નથી આવડતી.

નોંધનીય છે કે, મલાઈકા અરોરા અને અર્જુન કપૂર લાંબા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યા છે. બંનેએ વર્ષ 2019માં તેમના સંબંધોને સત્તાવાર જાહેર કર્યા હતા. વર્ષ 2017માં મલાઈકાએ તેના પતિ અને અભિનેતા અરબાઝ ખાન સાથે છૂટાછેડા લીધા હતા. બંનેનો એક પુત્ર અરહાન પણ છે, જેનું પેરેન્ટિંગ હજુ પણ સાથે થઈ રહ્યું છે. ઘણી વખત અરબાઝ અને મલાઈકા પણ અરહાન સાથે જોવા મળે છે.

આગળ, પ્રથમ વખત અર્જુન માટે રસોઈ બનાવવાની વાર્તા શેર કરતી વખતે, મલાઈકાએ કહ્યું કે તે હંમેશા અર્જુન માટે રસોઈ બનાવે છે. પરંતુ, તેણી તેને તેના માટે તે બનાવવા માટે ક્યારેય કહેશે નહીં. મલાઈકાનું માનવું છે કે જો કોઈને રસોઈ બનાવતા નથી આવડતું તો તે તેને રસોઈ બનાવવાનું કેમ કહેશે. તેણે કહ્યું કે તેને અર્જુન માટે રસોઈ બનાવવી ગમે છે અને તે ખુશ છે. અર્જુનને તેની રસોઈ અને ખાવાની મજા આવે છે અને આ તેના માટે મહત્વપૂર્ણ છે.







## નમ્રતા મલ્લાએ બિકીનીમાં આપ્યા સ્ટનિંગ પોઝ

ભોજપુરી એક્ટ્રેસ નમ્રતા મલ્લાએ સોશિયલ મીડિયામાં હાલમાં ફોટાઓ શેર કરી સનસનાટી મચાવી દિધી છે. અભિનેત્રીએ ફરી બિકીનીમાં સ્ટનિંગ પોઝ આપતા ફોટા શેર કર્યા છે. તેમની તસ્વીરોએ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યાં છે. તેમના દ્વારા શેર કરવામાં આવેલ તસ્વીરોમાં બિકીની પહેરી ખુલ્લા વાળ રાખી સ્ટનિંગ પોઝ આપ્યા છે. આની સાથે તેણે સ્ટાઈલિશ ગોગલ્સ પર પહેરી રાખ્યા છે. તસ્વીરોમાં અભિનેત્રીનો હોટ અંદાજ દેખાઈ રહ્યો છે. તસ્વીરો હોટ ફિગર જોઈ ફેન્સ દિવાના બની ગયા છે. તેમની તસ્વીરો ચાહનોને મહદોશ બનાવી રહી છે. નમ્રતા મલ્લા એક ભોજપુરી અભિનેત્રી છે. નમ્રતા તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર દરરોજ ફોટો અને વીડિયો પોસ્ટ કરતી રહે છે. હવે અભિનેત્રીએ ફરી બોલ્ડ તસવીરો શેર કરી છે. નમ્રતાની આ તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ જ ખળભળાટ મચાવી રહી છે. નમ્રતાની ફેન ફોલોઈંગ પણ મોટી છે. ફેન્સ તેના દરેક લુકને પસંદ કરે છે.



## ડીપ નેક ક્રોપ ટોપ અને ડેનિમ શોટ્ર્સમાં અવનીત કૌરનો કહેર

### ગ્લેમરસ અવતારથી ચાહકોને કર્યા ઘાયલ

બાળ કલાકાર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરનાર અવનીત કૌરે આજે ઈન્ડસ્ટ્રીમાં મોટું સ્થાન હાંસલ કર્યું છે. અવનીત થોડા જ સમયમાં સોશિયલ મીડિયા સેન્સેશન બની ગઈ છે. ખૂબ જ નાની ઉંમરમાં તેણે દરેક ઘરમાં પોતાની એક અલગ ઓળખ બનાવી છે. આજે લોકો તેમની એક ઝલક મેળવવા માટે ઉત્સુક છે. અવનીત અવારનવાર ફેન્સ સાથે તેના લેટેસ્ટ ફોટો અને વીડિયો શેર કરતી રહે છે. હવે ફરી તેણે પોતાની કેટલીક તસવીરો ફેન્સ સાથે શેર કરી છે.


જેમાં તે બ્રાઉન ડીપ નેક ક્રોપ ટોપ અને ડેનિમ શોટ્ર્સમાં દેખાઈ રહી છે. વાળ ખુલ્લા રાખીકાળા ચશ્મા માં મદમોહક પોઝ આપતી દેખાઈ રહી છે. અવનીત કોરની આ તસ્વીરો મધ્યપ્રદેશની છે, જ્યા અત્યારે તે પોતાની રજાઓનો આનંદ લઈ રહી છે. નોંધનીય છે કે અવનીત કોરના દરેક અંદાજ જોરદાર હોય છે. તે ચાહકોને પસંદ આવતું હોય છે.

અવનીત કૌરની ફેશન સેન્સ શાનદાર છે. તે દરેક લુકમાં અભિનેત્રીને માત આપે છે. ચાહકો અભિનેત્રીના લુકમાંથી પ્રેરણા લઈ શકે છે. અભિનેત્રીની દરેક તસવીર પર ચાહકો ઘણો પ્રેમ વરસાવે છે. અભિનેત્રી હોવા ઉપરાંત, અવનીત સોશિયલ મીડિયા પ્રભાવક પણ છે. દરેક વ્યક્તિ તેની પાસેથી ફેશનેબલ કેવી રીતે બનવું તે શીખી શકે છે. અવનીત દરેક ફોટોશૂટમાં પોતાની ગ્લેમરસ સ્ટાઈલ બતાવે છે. તેની સ્ટાઈલ જોઈને દરેક વ્યક્તિ કન્વીન્સ થઈ જાય છે.

# OMG-2ના રિલીઝને લઈને મેકર્સ મુંઝવણમાં


### ફિલ્મને સિનેમાઘરોમાં રિલીઝ કરીએ કે OTT પર?

અક્ષય કુમારે છેલ્લા વર્ષમાં એક પછી એક ફ્લોપ ફિલ્મો આપી છે. આ વર્ષે બચ્ચન પાંડેથી લઈને સેલ્ફી સુધીની તમામ ફિલ્મો ફ્લોપ કેટેગરીમાં ગઈ છે. હવે અભિનેતા ઓહ માય ગોડ 2 માટે લાઈમલાઈટમાં છે. હાલમાં આ ફિલ્મને લઈને ચર્ચા ચાલી રહી છે કે તે સિનેમાઘરોમાં રિલીઝ થવી જોઈએ કે OTT પર. થોડા અઠવાડિયા પહેલા એવા અહેવાલો હતા કે OMG 2 Voot અને Jio સિનેમા જેવા પ્લેટફોર્મ પર રિલીઝ થશે, પરંતુ હજી સુધી નિર્માતાઓ તરફથી આવી કોઈ પુષ્ટિ નથી.



અહેવાલો અનુસાર, OMG2ના નિર્માતાઓએ હજુ સુધી ફિલ્મ ક્યાં રિલીઝ કરવી તે અંગે નિર્ણય લીધો નથી. તેને સિનેમાઘરોમાં રિલીઝ કરવી પડશે, ત્યારબાદ OTT પર, જ્યાં સુધી અક્ષય કુમાર અને નિર્માતા સહમત ન થાય ત્યાં સુધી આ અંગે કોઈ નિર્ણય લઈ શકાય નહીં. અક્ષય હાલમાં સ્કોટલેન્ડમાં છે અને બડે મિયાં છોટે મિયાંના શૂટિંગમાં વ્યસ્ત છે, તેથી OMG2 ની રિલીઝ હાલ માટે સ્થગિત કરવામાં આવી છે.

# હવે હોલીવુડ ડાયરેક્ટર જેમ્સ ગન પણ બન્યા જુનિયર એનટીઆરના પ્રશંસક





### ભવિષ્યમાં તેમની સાથે કામ કરવાની વ્યક્ત કરી ઈચ્છા

એસ.એસ રાજામૌલી દ્વારા નિર્દેશિત 'RRR' રિલીઝ થઈ ત્યારથી જ આખી દુનિયા રામ ચરણ અને જુનિયર એનટીઆર માટે પાગલ થઈ ગઈ છે. હવે આ યાદીમાં હોલીવુડના પ્રખ્યાત નિર્દેશક જેમ્સ ગનનું નામ પણ જોડાઈ ગયું છે. 'ગાર્ડિયન્સ ઓફ ધ ગેલેક્સી' અને 'સ્યુસાઈડ સ્ક્વોડ' જેવી સુપરહીરો ફિલ્મો માટે પ્રખ્યાત હોલીવુડના દિગ્ગજ નિર્દેશક જેમ્સ ગને તાજેતરમાં જણાવ્યું હતું કે 'RRR' જોયા બાદ તેઓ જુનિયર NTRથી ખૂબ પ્રભાવિત થયા છે.

જેમ્સ ગને અભિનેતાની પ્રશંસા કરતા કહ્યું કે તે ભવિષ્યમાં તેની સાથે કામ કરવા માંગે છે. એક ઈન્ટરવ્યુમાં દિગ્દર્શક કહે છે, કે "RRRનો એક્ટર જે પાંજરામાંથી બહાર આવતા તમામ વાઘ અને દરેક વસ્તુ સાથે હતો. તે ખૂબ જ સારો અભિનેતા હતો. આ સાથે જ જુનિયર એનટીઆરના વખાણ કરતા તેને શ્રેષ્ઠ અને શાનદાર અભિનેતા પણ ગણાવ્યો હતો.

'મેન ઓફ માસ' જુનિયર એનટીઆર ભારતીય ફિલ્મ ઉદ્યોગના સૌથી લોકપ્રિય અભિનેતાઓમાંના એક છે અને તેણે ઘણી બ્લોકબસ્ટર ફિલ્મોમાં કામ કર્યું છે. તેની આગામી ફિલ્મ, 'NTR 30' બહુપ્રતિક્ષિત ફિલ્મોમાંની એક છે જે બહુવિધ ભાષાઓમાં રિલીઝ થવાની તૈયારીમાં છે.

નોંધનીય છે કે, જ્યારથી 'RRR'ના ગીત 'નાટુ નાટુ'ને ઓસ્કાર મળ્યો છે ત્યારથી આ ફિલ્મનું નામ આખી દુનિયામાં સાંભળવા મળે છે. 'નાટુ નાટુ'એ ઓસ્કાર જીતીને સમગ્ર દેશને ગૌરવ અપાવ્યું છે. હવે જેમ્સ ગનનું આ નિવેદન દર્શાવે છે કે આજે સમગ્ર વિશ્વ ભારતીય ફિલ્મોને ઉદાહરણ તરીકે માને છે.

# ચૈતન્ય સાથે લગ્ન કરવા જઈ રહી હતી શ્રુતિ ...

શ્રુતિ હસન તેલુગુ, તમિલ અને હિન્દી ફિલ્મોમાં કામ કરે છે. ફોર્બ્સ ઈન્ડિયાની 100 સેલિબ્રિટીની યાદીમાં એક્ટર અને પ્લેબેક સિંગર શ્રુતિનું નામ પણ સામેલ છે. બાળ કલાકાર તરીકે કામ કરી ચૂકેલી શ્રુતિએ તેના પિતા કમલ હસનની ફિલ્મ 'હે રામ'માં મહેમાન ભૂમિકા ભજવી હતી. સાઉથની ફિલ્મ 'સરોજા' કર્યા બાદ તેણે ફિલ્મ 'લક'થી હિન્દી સિનેમામાં પગ મૂક્યો હતો. અદ્ભુત અભિનેત્રી શ્રુતિ હસનનું દિલ ઘણી વાર ધબક્યું પણ મામલો આગળ વધી શક્યો નહીં. સાઉથ સિનેમાની જાણીતી અભિનેત્રીનું નામ ઘણા અભિનેતાઓ અને ક્રિકેટર સાથે પણ જોડવામાં આવ્યું છે. સાઉથ સિનેમાના ફેમસ એક્ટર્સ નાગા ચૈતન્ય અને શ્રુતિના અફેરની ઘણી ચર્ચા થઈ હતી. એવું માનવામાં આવતું હતું કે બંને કલાકારો લગ્ન કરશે પરંતુ કંઈક એવું બન્યું કે તેમની વચ્ચે ઝઘડો થયો.

મીડિયા રિપોટ્ર્સ અનુસાર, શ્રુતિ હસન અને નાગા ચૈતન્ય વર્ષ 2013માં એકબીજાની નજીક આવ્યા હતા. બંને એકબીજાને ખૂબ જ પ્રેમ કરતા હતા અને બંને ઘણીવાર સાથે જોવા મળતા હતા. જ્યારે એક એવોર્ડ ફંક્શનમાં શ્રુતિ અને ચૈતન્યની નિકટતા જોવા મળી ત્યારે તેમના અફેરની ઘણી ચર્ચા થઈ હતી અને માનવામાં આવી રહ્યું હતું કે બંને લગ્ન કરવાના છે. બંને લગ્ન કરવા પણ તૈયાર હતા પરંતુ બ્રેકઅપ થયું.



# રાહાને ઘરે છોડીને કામ પર જવાનું રણબીર માટે ઘણું મુશ્કેલ: આલિયા

આલિયા ભટ્ટ અને રણબીર કપૂરે એપ્રિલ 2022માં લગ્ન કર્યા હતા. તાજેતરમાં કપલે તેમની પ્રથમ વર્ષગાંઠ ઉજવી. તેમની પ્રથમ પુત્રી રાહાના માતા-પિતા બનેલા આ દંપતી આ દિવસોમાં તેમના વાલીપણાના તબક્કાને ખૂબ જ સારી રીતે માણી રહ્યાં છે. આલિયા અને રણબીર બંને તેમની બાળકી માટે ખૂબ જ પ્રોટેક્ટિવ છે અને તેમના ચાહકો માટે તેમને આ રીતે જોવું એ એક ટ્રીટ છે. આલિયા રાહાના જન્મ પછી તે ધીમે ધીમે કામ પર પાછી આવી રહી છે. બીજી તરફ રાહાને ઘરે છોડીને કામ પર જવાનું રણબીર માટે ઘણું મુશ્કેલ છે.

આ દરમિયાન આલિયાએ તેના લેટેસ્ટ ઈન્ટરવ્યુમાં રણબીરના પિતૃત્વના ચહેરા વિશે જણાવ્યું છે. તેણે જણાવ્યું કે પિતા બન્યા પછી રણબીર શેનાથી ડરે છે અને તે કયા ચહેરાને વધારે એન્જોય કરી રહ્યો છે. જ્યારે તે તેની ફિલ્મ 'તુ જૂઠી મેં મક્કર'નું પ્રમોશન કરી રહ્યો હતો, ત્યારે તેણે કબૂલાત કરી હતી કે રાહાને ઘરે છોડીને કામ પર જવાનું તેના માટે હ્રદયસ્પર્શી હતું જ્યારે રાહા તેની સામે હસતા હતા. આ ઉપરાંત, તે તેની સાથે વિતાવેલી દરેક નાની ક્ષણોની પ્રશંસા કરે છે. હવે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં આલિયાએ શેર કર્યું છે કે રણબીર સતત ચિંતિત છે કે રાહા જ્યારે તે મુસાફરી કરશે ત્યારે તેને ભૂલી જશે. આલિયાએ કહ્યું કે તે બંનેને એકસાથે જોવું ખૂબ જ સુંદર છે કારણ કે રણબીરે 'એનિમલ' માટે થોડું કામ કર્યું છે, તેથી જ્યારે તે રાહાને પસંદ કરે છે, ત્યારે તે એક નાના ગલુડિયાને ઉપાડવા જેવું છે. આલિયાએ ખુલાસો કર્યો કે તે એવા વ્યવહારુ પિતા છે કે કેટલીકવાર રાહાને એક સેકન્ડ માટે પણ પકડી રાખવું તેના માટે મુશ્કેલ બની જાય છે.



# ગલવાન ઘાટીમાં ભારતીય સેનાની બહાદુરીની ગાથા મોટા પડદા પર બતાવવાની તૈયારી...


ભારત અને ચીન વચ્ચે વિવાદિત સરહદ 'ગલવાન વેલી'ના ઘર્ષણને હવે મોટા પડદા પર બતાવવાની તૈયારી કરવામાં આવી રહી છે. નિર્દેશક અપૂર્વ લાખિયા વર્ષ 2020માં થયેલી ગલવાન હિંસા પર ફિલ્મ બનાવવા જઈ રહ્યા છે. ભારત અને ચીન વચ્ચે પૂર્વ લદ્દાખ બોર્ડર પર હંમેશા તણાવની સ્થિતિ રહે છે. છેલ્લા 5 દાયકાથી વધુ સમયથી અહીંની સરહદને લઈને ભારત અને ચીન વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. વર્ષ 2020માં ગલવાન ઘર્ષણમાં ભારતીય સેના અને ચીની સેના વચ્ચે અથડામણ થઈ હતી. જેણે બંને દેશોની રાજનીતિમાં જમીની હલચલ લાવી દીધી હતી. હવે ડિરેક્ટર અપૂર્વ લાખિયા આ ઘટના પર ફિલ્મ બનાવવા જઈ રહ્યા છે. જેમાં ભારતીય સેનાની બહાદુરીની ગાથા મોટા પડદા પર બતાવવામાં આવશે.

દિગ્દર્શક અપૂર્વ લાખિયાએ અગાઉ એક અજનબી અને શૂટઆઉટ એટ લોખંડવાલા જેવી ફિલ્મોનું દિગ્દર્શન કર્યું છે. હવે અપૂર્વ લાખિયાએ ભારતીય સેનાની બહાદુરીની ગાથાને મોટા પડદા પર બતાવવાની સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. ટ્રેડ એનાલિસ્ટ તરણ આદર્શે ફિલ્મ વિશે ટ્વિટ કર્યું છે.



સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## ના...આ કોઈ ચિત્રકારની પિંછીના લસરકા નથી... કુદરતનો નજારો છે...



અમદાવાદ શહેરમાં ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેન્ટ ચેન્જની અસર જોવા મળી રહી છે. આ દિવસોમાં હિટ વેવ-ભીષણ ગરમી જોવા મળતી હોય છે. પરંતુ ક્યારેક માવઠું તો ક્યારેક ચોમાસાની જેમ વાદળછાયું હવામાનની વચ્ચે શહેરના સરદાર બ્રિજ ખાતેનું આ દ્રશ્ય જાણે કે કોઈ ચિત્રકારે કેનવાસ પર આકાશ ઉતાર્યું હોય તેવું દ્રશ્ય દેખાઈ રહ્યું છે. સમી સાંજની આ તસ્વીરમાં ઉપર આકાશનો રંગ નીલા આસમાન સો ગયા....જેવું નહીં પણ ઓરેન્જ કલરનું જોવા મળે છે. સામાન્ય રીતે આકાશનું આ રંગ અમદાવાદમાં જવલ્લે જ જોવા મળે છે. સમગ્ર દ્રશ્ય કુદરતના અદ્ભુત નજારા જેવું ભાસે છે. કેમ કે સિમેન્ટ કોન્ક્રીટના બનેલા આ જંગલમાં આવું દ્રશ્ય આંખોને નયનરમ્ય સમાન ગમે... (તસ્વીરઃ મૌર્ય ભાગ્યવાન)

### ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે આપશે હાજરી

# 12મી મેના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવશે ગુજરાત

ગુજરાત | વંદન



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી ગુજરાત આવશે. આગામી 12મી મે એ વડાપ્રધાન મોદી ગુજરાત આવશે અને ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. પીએમ મોદી અખીલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના કાર્યક્રમમાં હાજરી આપશે.

ગિફ્ટ સિટી ખાતે શૈક્ષિક સંઘનું 29મું અધિવેશન યોજાવાનું છે. પીએમ મોદી આ અધિવેશનમાં હાજરી આપવાના છે. આ અધિવેશનમાં1લાખથી વધુ શિક્ષકો હાજર રહેશે. ત્યારે પીએમ મોદીની ઉપસ્થિતિને લઈને શિક્ષકોમાં પણ ઉત્સાહનો માહોલ છે

આ અગાઉ વડાપ્રધાન મોદી 25 એપ્રિલે સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણના પ્રવાસે હતા. આ દરમિયાન તેમણે કરોડોના વિકાસકાર્યોની સોગાત આપશે. વડાપ્રધાન મોદી તેમના મેરેથોન પ્રવાસ અંતર્ગત સૌપ્રથમ તેમણે દાદરાનગર હવેલીની મુલાકાત લીધી હતી. અહીં તેમણે નમો મેડિકલ કોલેજનું ઉદ્ઘાટન કર્યુ હતુ.

# લોકસભા ચૂંટણીની તૈયારીઓઃ કોંગ્રેસ હવે સાંભળશે લોકોના 'મન કી બાત'

■ 1લી મે ગુજરાત સ્થાપના દિનથી 'જન મંચ' ના નેજા હેઠળ યોજાશે કાર્યક્રમો

ગુજરાત | વંદન




ભાજપ અને કોંગ્રેસ દ્વારા લોકસભાની ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. વિધાનસભા જેવી સ્થિતિ લોકસભામાં ન થાય તે માટે કોંગ્રેસ એલર્ટ મોડમાં છે. કોંગ્રેસે જનમંચ કાર્યક્રમ લોન્ચ કર્યો છે. જનસભાથી વિધાનસભા સુધી કોંગ્રેસ કાર્યક્રમ યોજશે. ગુજરાત કોંગ્રેસ હવે લોકોની સમસ્યા, મુદ્દાઓ સાંભળવા જનમંચ પ્લેટફોર્મ શરૂ કરશે. કોંગ્રેસ નાગરિક મુદ્દાઓ, ભ્રષ્ટાચાર, કાયદો અને વ્યવસ્થા, આરોગ્ય, કૃષિ સહિતના ભાજપ સરકારને લગતા લોકોના મુદ્દા સાંભળશે અને તેને પ્રકાશિત કરવામાં અને ઉકેલવામાં મદદ કરશે.

વિધાનસભામાં કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, "રાજ્ય સરકાર કાર્યક્રમો અને તહેવારોના આયોજનમાં વ્યસ્ત છે. તેમની પાસે સામાન્ય નાગરિકોની સમસ્યાઓ સાંભળવાનો સમય કે રાજકીય ઈચ્છાશક્તિ નથી. આવી સ્થિતિમાં કોંગ્રેસની યોજના નાગરિકોની સમસ્યાઓ, સૂચનો અને ફરિયાદો માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવાની છે. 1 મે, ગુજરાતના સ્થાપના દિવસના રોજ, અમે 'જન મંચ' પ્લેટફોર્મ શરૂ કરીશું."

ગુજરાત કોંગ્રેસે ગુરુવારે જણાવ્યું હતું કે, તે 1 મેના રોજ 'જનમંચ' પ્લેટફોર્મ શરૂ કરશે, જેમાં લોકો રાજ્યની ભાજપ સરકાર સંબંધિત તેમની સમસ્યાઓ રજૂ કરી શકે છે, અને પાર્ટી તેમને પ્રકાશિત કરવામાં અને ઉકેલવામાં મદદ કરશે. કોંગ્રેસ તરફથી આ જાહેરાત એવા દિવસે આવી છે, જ્યારે ગુજરાત સરકાર મુખ્યમંત્રીની ઓનલાઈન ફરિયાદ નિવારણ પ્રણાલી સ્વાગત (ટેક્નોલોજી દ્વારા ફરિયાદો પર

...અનુસંધાન પેજ નં. 6 પર

# ગુજરાતમાં 1000 બાળકો સામે 909 સ્ત્રી જન્મદરઃ ત્રીજા નીચલા ક્રમાંકે

ગુજરાત | વંદન



સ્ત્રી-પુરૂષ વચ્ચેનાં ભેદભાવ રોકવા માટે અનેક કાનુનો હોવા છતાં ગુજરાતમાં બાળકીઓના જન્મદરમાં ઘટાડો જ છે.બાળકીઓનાં જન્મદર તથા સેકસ રેશીયોમાં ગુજરાત નીચલા ક્રમેથી 3જા નંબરે હોવાનું જાહેર થયુ છે. કેન્દ્ર સરકારનાં રીપોર્ટ પ્રમાણે ગુજરાતમાં 1000 બાળકોનાં જન્મની સાથે બાળકી-છોકરીઓની સંખ્યા 909 જ છે.

1000 બાળકોએ બાળકીઓનો સૌથી ઓછો 880 જન્મદર મણીપુરમાં છે.બીજા ક્રમે 898 દીવ-દમણ દાદરાનગર હવેલીનો છે. ત્રીજો ક્રમ ગુજરાતનો છે. ગુજરાતનાં પાડોશી રાજયો રાજસ્થાન તથા મધ્યપ્રદેશમાં સ્થિતિ ઘણી સારી છે. રાજસ્થાનમાં 1000 બાળકો સામે બાળકીઓનો જન્મદર 952 તથા મધ્યપ્રદેશમાં 921 છે. 2019 માં ગુજરાતમાં 910 ના, સૌથી ઓછો સેકસ રેશીયો હતો. ત્યારબાદ આસામ 903, મધ્યપ્રદેશ 905 તથા જમ્મુ-કાશ્મીર 909 નો ક્રમ આવતો હતો. 2008 માં 897 બાળકીઓના જન્મદર સાથે ગુજરાત પાંચમા સ્થાને હતુ.

ગુજરાતના ગ્રામ્ય ભાગોમાં બાળકીઓનો જન્મદર 929 જયારે શહેરી ક્ષેત્રોમાં 901 છે. સૌથી ઓછો 870 ના જન્મદર બોટાદમાં 870, દેવભુમિ દ્વારકામાં 889, ગીર સોમનાથમાં 898 છે. જયારે શહેરી વિસ્તારોમાં સૌથી ઓછો છે.858 મહેસાણામાં 270 તથા 865 સુરતમાં છે.રીપોર્ટમાં એવો નિર્દેશ કરાયો છે કે સૌથી ઓછો જન્મદર મહેસાણા તથા સૌરાષ્ટ્રનાં વિસ્તારોમાં છે. મહત્વની વાત એ છે કે આદિવાસી વિસ્તારોમાં પણ બાળકીઓનાં જન્મદરમાં મોટો ઘટાડો છે. 2011 માં તાપીમાં બાળકો સામે 953 બાળકીઓનો જન્મ 2020 માં માત્ર 889 રહ્યો છે. નિષ્ણાતોના કહેવા પ્રમાણે વાલીઓ એક જ બાળકની નીતિ અપનાવવા લાગ્યા છે.ઉપરાંત ફર્ટીલીટી (ફળદ્રુપતા)પણ ઘટી રહી છે.

નેશનલ ફેમીલી હેલ્થ સર્વેના 2019-20 ના રીપોર્ટ પ્રમાણે ગુજરાતમાં પ્રતિ મહિલા દીઠ બાળકોની સંખ્યાની 1.9 ની છે. ગુજરાતમાં 2001 માં 1000 બાળકો સામે બાળકીઓનો જન્મદર 886 છે. 2011 માં 890 હતો. સરકારે સ્ત્રી જન્મદર વધારવા, ભ્રુણહત્યા રોકવા ગર્ભપરિક્ષણ પર રોક સહીતનાં પગલા લીધા છે.નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે જાતિને ભેદભાવ દુર કરવા માટે હજુ શ્રેણીબદ્ધ અને વિવિધ મોરચે પગલા લેવાની જરૂર છે. ગર્ભ પરિક્ષણ મામલે મહારાષ્ટ્રમાં અનેક તબીબોને સજા થઈ છે. ગુજરાતમાં આવા કિસ્સા ભાગ્યે જ છે.

# IIMA ખાતે દ્રષ્ટિહીન મહિલા વ્યાવસાયિકો માટે લીડરશીપ વર્કશોપનું આયોજન કરાયું




ગુજરાત | વંદન

અમદાવાદમાં આવેલી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ દ્વારા દ્રષ્ટિની ખામી ધરાવતી મહિલા વ્યાવસાયિકો માટે લીડરશીપ ટ્રેઈનિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં IIMA એન્ડોવમેન્ટ ફંડ અને લાલ પેથલેબ્સ ફાઉન્ડેશનના સંયુક્ત સહયોગથી આ કાર્યક્રમ આકાર પામ્યો છે.

આ કાર્યક્રમનું આયોજન IIMA ના ફેકલ્ટી મેમ્બર અને હેલ્થકેર ડો. લાલ પેથલેબ્સ ચેરના પ્રો. રાજેશ ચાંદવાની દ્વારા કરવામાં આવ્યો છે.જેનો ઉદ્દેશ્ય સહભાગીઓને જ્ઞાન અને કૌશલ્યોથી સજ્જ કરવાનો છે. જે લીડરશીપની ભૂમિકાઓ નિભાવવા માં મદદ કરે છે. IIMA અને બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશનના 11 ફેકલ્ટી સભ્યો વિવિધ શૈક્ષણિક ક્ષેત્રોમાં નિપુણતા ધરાવતા સહભાગીઓને તાલીમ આપશે.

# અમદાવાદમાં કેરી સસ્તી થઇ! નરોડા માર્કેટમાં રૂપિયા 600થી 900 મળે છે બેસ્ટ કેસર કેરી



ગુજરાત | વંદન

અમદાવાદમાં કેરી મોંઘી છે આ શબ્દ તમે વારંવાર સાંભળતા હોવ તો હવે તમારા માટે સારા સમાચાર છે. અમદાવાદમાં કેરી સસ્તી થઈ ગઈ છે. 600થી લઈને 900 રુપિયા સુધી હોલસેલ બજારમાં કેરી વેચાઈ રહી છે. અમદાવાદના નરોડા અને કાલુપુર માર્કેટમાં કેરી હવે સસ્તી થઈ ગઈ છે. અમદાવાદમાં માત્ર 600થી 900 રુપિયામાં સસ્તી કેરી મળી રહી છે.

અમદાવાદમાં હાલ કેરાલાથી હાફુલ, પાયરી, સુંદરી, રત્નાગિરીથી તલાલા, વંથલી અને જુનાગઢ તથા વલસાડની કેરી પણ શરુ થઈ ગઈ છે. સર્વોતમ કેરી ભુજ અને કચ્છની હોય છે. ત્યારે કેસર કેરી સારામાં સારી 10 કિલોનાં 600થી 900 વેચાઈ રહી છે જ્યારે 200 કિલોમાં હાફુસ, પાયરી અને સુંદરી 100 કિલો બદામ 60થી 80 રુપિયાના ભાવે મળી રહી છે. આ અંગે નરોડા ફ્રુટ માર્કેટનાં ચેરમેન લક્ષ્મણ રોહરાના કહેવા પ્રમાણે હજુ પણ ભુજ અને કચ્છની કેરી આવવાની બાકી છે.

હાલ તો ગયા મહિના કરતાં હાલમાં 50 ટકા ભાવ ઉતરી ગયા છે. આ તો થઈ કેરીનાં ભાવ ઘટાડા અંગેની વાત પરંતુ કેરી પકવવા માટે લોકો વિવિધ પ્રકારના પ્રયોગ કરતાં હોય છે. કેટલાંક લોકો FSSAI ના નિયમ મુજબ કેરી ઈથિલિન સાથે મુકીને કેરીને પકવે છે જ્યારે કેટલાંક લોકો દવાનો પ્રયોગ કરે છે. ખુદ નરોડાના વેપારી સ્વીકારે છે કે લોકો દવાના પ્રયોગ કરીને પણ કેરીને પકવતાં હોય છે. આ અંગે નરોડા ફ્રુટ માર્કેટનાં વેપારીના કહેવા પ્રમાણે કેટલાક લોકો કેરી પકાવવા માટે પડીકી વાપરે છે તો કેટલાંક લોકો દવાનો ઉપયોગ કરે છે.

કેરી પકવવા માટે દવાનો ઉપયોગ કરે છે તેનાંથી શરીરને મોટું નુકશાન થતું હોય છે. હાલ કેરીનાં ભાવ 50 ટકા થઈ ગયા છે. કેરીના ભાવ ઘટાડા સાથે પ્રિમેચ્યોર ફળને પકવવા માટે વેપારીઓ પણ તૈયારીમાં લાગી ગયા છે કારણ કે જો કેરી જલ્દીથી નહીં પાકે તો વેપારીઓને માવઠાની સિઝનમાં કેરી માથે પડશે જેની સાથે કેરીનો બરોબર પાક પણ નહીં મળે.

# ઉમેદવારોની સુવિધા માટે પરીક્ષાના દિવસે 4500 બસો સેવામાં મુકાશે

■ 7મીએ રાજ્યના ભાવી તલાટીઓની લિખિત પરીક્ષા

ગુજરાત | વંદન



ગુજરાતમાં આગામી 7મી મેના રોજ તલાટી કમ મંત્રીની પરીક્ષા યોજાવાની છે. પરીક્ષા આપવા માટે ઉમેદવારો સમયસર પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચી શકે તે માટે ગુજરાત એસટી નિગમ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. તલાટીની પરીક્ષા માટે ચાર હજારથી વધુ બસો મુકવામાં આવશે.આ પરીક્ષા માટે એસટી નિગમ 60 ટકા જેટલી બસોની ફાળવણી કરશે. વેકેશન હોવાથી અન્ય મુસાફરોની પણ અવરજવર હોવાથી ઉમેદવારોને અપીલ કરવામાં આવી છે કે, તેઓ ઝડપથી એડવાન્સ બુકિંગ કરાવી દે જેથી પરીક્ષાના દિવસે કોઈ તકલીફ પડે નહીં.


ગુજરાત એસટી નિગમના મેનેજિંગ ડાયરેક્ટર એમ એ ગાંધીએ મીડિયાને જણાવ્યું હતું કે, જેવી રીતે જુનિયર ક્લાર્કની પરીક્ષા લેવામાં આવી હતી તે જ રીતે તલાટીની પરીક્ષા યોજાશે. આ માટે અમે તમામ તૈયારીઓ કરી છે. જુનિયર ક્લાર્ક વખતે 3500 બસો મુકાઈ હતી પણ આ વખતે 8.50 લાખ ઉમેદવારો પરીક્ષા આપી રહ્યાં છે. જેથી અંદાજે 2 લાખ જેટલા ઉમેદવારો એસટી બસનો ઉપયોગ કરશે તેવી શક્યતાઓને પગલે આ વખતે 4500 બસો મુકવાનું આયોજન છે.

તેમણે કહ્યું હતું કે, ઉમેદવારોને અમે અપીલ કરીએ છીએ કે, તેઓ જો એસટી બસમાં મુસાફરી કરવાના હોય તો તેઓ એડવાન્સ બુકિંગ કરાવી લે, જેથી તેઓને કોઈ તકલીફ ન પડે. ગુજરાત એસટી નિગમ દ્વારા 24 કલાક કંટ્રોલ રૂમ પણ અમદાવાદ ઓફિસ ખાતે શરૂ કરવામાં આવ્યો છે. પરીક્ષાના દિવસે કોઈ અવ્યવસ્થા ન સર્જાય તેના માટે થઈ અને પોલીસ બંદોબસ્તની પણ માંગણી કરવામાં આવી છે. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવારો ઘરે પરત ફરતા હોય છે ત્યારે ભીડ થતી હોય છે. જેથી તમામ એસ.ટી બસ સ્ટેન્ડ ઉપર પોલીસ બંદોબસ્ત ગોઠવવા માટે પણ જાણ કરી દેવામાં આવી છે.

# વિદ્યાર્થીઓ માટે માઠા સમાચાર વડોદરાની MS યુનિ.માં ફીમાં કર્યો જંગી વધારો

■ 50 હજાર વિદ્યાર્થીઓ પર રૂપિયા 8 કરોડનો બોજ વધ્યો

ગુજરાત | વંદન



વડોદરામાં આવેલી જાણીતી MS યુનિવર્સિટીમાં ભણતા વિદ્યાર્થીઓ માટે ફીને લઈને માઠા સમાચાર સામે આવ્યા છે. યુનિવર્સિટીમાં ફીમાં જંગી વધારો કરવામાં આવ્યો છે. જેથી હવે વિદ્યાર્થીઓને વધુ ફી ચૂકવવી પડશે. MS યુનિવર્સિટીમાં ત્રણ વર્ષ બાદ ફીમાં જંગી વધારો કરવામાં આવ્યો છે. જેને લઈને વિદ્યાર્થીઓમાં નારાજગી જોવા મળી રહી છે.

MS યુનિવર્સિટીમાં ફી વધારાને લઈ 50 હજાર વિદ્યાર્થીઓ પર રૂપિયા 8 કરોડનો બોજ વધશે. 20 હજારથી વધુ ફીમાં 5 ટકા અને 20 હજારથી ઓછી ફીમાં 10 ટકા ફીમાં વધારો થયો છે. ગઈકાલે મળેલી સિન્ડિકેટની બેઠકમાં ફી વધારાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ફી વધારાના પગલે વિદ્યાર્થીઓમાં નારાજગી જોવા મળી રહી છે.

## સુરતનું નેટવર્ક સંભાળતા બુઝેફાનો ભાઈ 6 મહિને ઝડપાયો

ગુજરાત | વંદન

ક્રિકેટ સટ્ટા બેટિંગના દુબઈથી ઓપરેટ થતા આંતરરાષ્ટ્રીય નેટવર્કમાં સુરતનું નેટવર્ક સંભાળતા હુઝેફનો ભાઈ છ મહિના બાદ ઝડપાયો છે. હુઝેલા ઝડપાતા તેનો ભાઈ હુસેન મોબાઈલ ફોન અને લેપટોપ ફોર્મેટ કરી હિમાચલ ભાગી ગયો હતો. જો કે, પરત સુરત આવતા પોલીસે તેને ઝડપી પાડયો હતો. સુરત ઈકો સેલે એસઓજી સાથે મળી ગત 1 ઓક્ટોબર

...અનુસંધાન પેજ નં. 6 પર


# શહેરના કેન્ટોમેન્ટ વિસ્તારમાં પાણીની તંગી, લોકો પરેશાન

■ સ્થાનીકો દ્વારા વારવાંર ફરિયાદો છતાં બોર્ડ કોઈ પગલા નહી

ગુજરાત | વંદન

**કેન્ટોનમેન્ટ બોર્ડની ચૂંટણી રદ, લોકોમાં આક્રોષ**

કેન્દ્ર સરકારે તાજેતરમાં દેશના તમામ કેન્ટોનમેન્ટ વિસ્તારો માટે ચૂંટણીનું આયોજન કર્યું હતું. જો કે, કેટલાક કારણોસર આ ચૂંટણી રદ કરવામાં આવી છે. સરકારના આ નિર્ણય સામે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે




ઉનાળો શરૂ થઈ ગયો છે. આ સાથે દરેક ઘરમાં પાણીનો વપરાશ પણ વધ્યો છે. તો બીજી તરફ અમદાવાદના કેન્ટોનમેન્ટ વિસ્તારમાં છેલ્લા ઘણા મહિનાઓથી નળમાં પ્રેસરથી પાણી ન આવવાના કારણે લોકો પાણીની કટોકટીનો સામનો કરી રહ્યા છે. આ અંગે કેન્ટોમેન્ટ પ્રશાસનને અનેક વખત ફરિયાદ કરવા છતાં તેનો ઉકેલ આવતો નથી. લોકોનો આક્ષેપ છે કે કેન્ટોમેન્ટ વિસ્તારમાં પાણીની સમસ્યા વિકટ બની છે. પરંતુ વહીવટીતંત્ર આંખ અને કાન બંધ કરીને બેઠું છે. વહીવટી તંત્ર તેમની સમસ્યાઓ સાંભળવા તૈયાર નથી.

સદરબજાર વિસ્તારમાં રહેતા અને સામાજીક કાર્યકર તુષારભાઈ પરમારે જણાવ્યું કે, અહીં છેલ્લા ઘણા મહિનાઓથી પાણીની સમસ્યા છે. નળમાંથી આવતું પાણી પૂરતા પ્રેશરમાં આવતું નથી. પરિસ્થિતિ એવી છે કે લોકો

...અનુસંધાન પેજ નં. 6 પર

# અમદાવાદઃ જ્યારે પિતાએ દીકરીની વોટ્સએપ ચેટ વાંચી તો ચોંકી ગયા



■ 20 વર્ષીય દિકરીને હતા 20 પ્રેમી !, પિતાએ હેલ્પલાઈનની મદદ લીધી

ગુજરાત | વંદન

સોશિયલ મીડિયામાં આ જમાનામાં યુવક-યુવતીઓ મોબાઈલમાં જ વ્યસ્ત રહેતા હોય છે, જેના કારણે તેમના માતા-પિતા તેમના પર શંકાકુશંકા કરતા હોય છે. મોબાઈલના કારણે તેમના બાળકો કોઈ આડાઅવળા રસ્તા પર ચઢી ન જાય તે બાબતનું માતા-પિતા ખાસ ધ્યાન આપતા હોય છે અને ચિંતત રહેતા હોય છે. ત્યારે અમદાવાદમાં એક ચોંકવાનરો કિસ્સો સામે આવ્યો છે.

અમદાવાદના નારોલમાં રહેતી 20 વર્ષીય કોલેજિયન યુવતીને એક-બે નહીં પણ 20 પ્રેમીઓ હતા. આ યુવતી દરરોજ કોલેજથી મોડી રાત્રે ઘરે આતી હતી અને યુવતીને ઘરે મુકવા માટે અલગ અલગ યુવકો મોડી રાત્રે આવતા હતા. આ અંગે જ્યારે યુવતીને તેના માતા-પિતા કોઈ પ્રશ્ન કરે તો યુવતી તેન માતા-પિતાને ઘર છોડીને ભાગી જવાની અને આપઘાત કરી લેવાની ધમકી આપતી હતી. પોતાની દીકરી ઘર છોડીને જતી રહેશે અથવા તો કોઈ ઓચિંતુ પગલુ ન ભરી લે તે માટે માતા-પિતા ટેન્શનમાં રહેતા હતા અને પોતાની દીકરીને સમજાવવાનો પ્રયત્ન કરતા હતા. તેમ છતા તેમની યુવતી સમજવા તૈયાર ન હતી. આખરે યુવતીના માતા-પિતાએ અભયમ ટીમની મદદ લીધી હતી તથા યુવતી તથા તેના પ્રેમીનું કાઉન્સેલિંગ કરાવ્યુ હતુ.

મળતી માહિતી મુજબ, નારોલમાં રહેતા 49 વર્ષીય આધેડને ત્રણ દીકરી અને એક દીકરો છે. સૌથી મોટી 20 વર્ષીય તેમની દીકરી કોલેજમાં અભ્યાસ કરે છે. તેમની આ દીકરી કોલેજ શરૂ થઈને લઈને અત્યાર સુધી જ્યારે કોલેજ જાય ત્યારે મોડી રાત્રે ઘરે આવતી અને જ્યારે જાહેર રજા હોય અથવા તો રજા હોય ત્યારે પણ યુવતી કોલેજ જતી હતી અને મોડી રાત્રે ઘરે આવતી હતી. જ્યારે યુવતી ઘરે આવે ત્યારે તેને દરરોજ અલગ અલગ યુવકો ઘરે મુકવા માટે આવતા હતા. એક દિવસ પિતાએ દીકરીનું વોટ્સએપ ચેક કર્યુ ત્યારે તેમના પગ નીચે સરકી ગઈ હતી. તેમની દીકરી 20 પ્રેમીઓ સાથે વાત કરતી હતી અને આ યુવકો સાથે યુવતી બિભત્સ વાતો કરતી હતી. આ 20 પ્રેમીમાંથી એક યુવક તો યુવતીને લગ્ન કરવાનું કહેતો હતો અને ધમકી આપતો હતો. દીકરી એક સાથે 20 યુવકો સાથે વાતો કરે છે અને એક યુવક લગ્ન કરવા માટે ધમકી આપે છે તે જાણીને માતા-પિતા ટેન્શનમાં આવી ગયા હતા. પિતાએ દીકરીને સમગ્ર બાબતે સમજાવી હતી.

જો કે,

...અનુસંધાન પેજ નં. 6 પર

# માનહાનિ કેસમાં રાહુલ ગાંધીની અરજી પર મંગળવારે સુનાવણી

■ તમામ પક્ષોની દલીલો પૂર્ણ

ગુજરાત | વંદન



ગુજરાત હાઈકોર્ટમાં માનહાનિ કેસમાં રાહુલ ગાંધીની અરજી પર આજે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. 2 વર્ષની સજાના હુકમને પડકારતી અરજી સુરત સેશન્સ કોર્ટે ફગાવતા રાહુલે સેશન્સ કોર્ટના ચુકાદાને હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

રાહુલ ગાંધીની સજાને પડકારતી અરજી મામલે ગુજરાત હાઈકોર્ટમાં તમામ પક્ષોની આજની દલીલો પૂર્ણ થઈ છે. આ મામલે હાઈકોર્ટમાં મંગળવારે વધુ સુનાવણી હાથ ધરાશે. રાહુલ ગાધીની અરજી પર આજે જસ્ટિસ હેમંત પ્રચ્છકની બેંચમાં સુનાવણી કરાઈ હતી.

અરજી પર હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ દલીલ કરી હતી. તેઓએ કહ્યું હતું કે, આ કોઈ ગંભીર ગુનો નથી કે માફી ન આપી

...અનુસંધાન પેજ નં. 6 પર